ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૩ માર્ચ ૨૦૧૩ સળંગ અંક : ૪૯૭

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**




ચારુતર વિદ્યામંડળસંચાલિત વી.પી.એન્ડ આરપીટીપી સાયન્સ કોલેજના ૬૬મા વાર્ષિકોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા યુજીસીના જોઈન્ટ સેક્રેટરી ડૉ.જી.શ્રીનિવાસે વિદ્યાર્થીકેન્દ્રી આયોજનો પર ભાર મૂક્યો હતો. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષપદે યોજાયેલા સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ અને માનદ સહમંત્રી ડૉ.જે.ડી.પટેલ, આચાર્ય ડૉ.ભાવેશ પટેલ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ.ચારુદત્ત ગુર્જર તથા જીએસ કૃણાલ પટેલ છે.



શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ ડૉ.વી.કુટુમ્બ શાસ્ત્રી નલિની-અરવિંદ આર્ટ્સ કોલેજ દ્વારા આયોજિત યુજીસી અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદના મુખ્ય અતિથિ તરીકે પધાર્યા ત્યારે તેમણે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ ઉપસ્થિત હતા.




# વિ – વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

માર્ચ ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૩
(સળંગ અંક ૪૯૭)

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫

કર્મણ્યેવાऽधिकारस्ते



**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**અધ્યક્ષ**
ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**
પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**
પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની

વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના

વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની કાવ્યકણિકા**

**પરાર્થે તરે આંખમાં આંસુ જ્યારે,**
**મળે મર્દને સ્ત્રીની ઊંચાઈ ત્યારે.**

**• ઉમાશંકર જોશી**

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

માર્ચ ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૩

(સળંગ અંક ૪૯૭)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**अर्थातुराणां न गुरुर्न बन्धुः**
**कामातुराणां न भयं न लज्जा ।**
**विद्यातुराणां न सुखं न निद्रा**
**क्षुधातुराणां न रुचिर्न वेला ।**
**भगवद्‌गीता । २:१५ ।**

**ધનની તૃષ્ણા રાખનાર સ્વજન કે ગુરુને પણ છોડતો નથી; કામાતુર માણસ ભય કે લજ્જાને ગણકારતો નથી; વિદ્યાવ્યાસંગી સુખની કે ઊંઘની દરકાર કરતો નથી તથા ક્ષુધાથી વ્યાકુળ માણસ રુચિ-અરુચિ કે વેળા-કવેળાનો વિચાર કરતો નથી.**

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ આઝાદી અને રાષ્ટ્રીય તહેવારો ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદતા ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ અવિનાશ વ્યાસ, રમેશ પારેખ, સુરેશ દલાલ, સંપાદનઃ હસુ યાજ્ઞિક / 2
॥ ગદ્ય વિભાગ ॥ હોળી-ધૂળેટીનો ગુલાલ ★ પરમાનંદ ગાંધી / 3
॥ નવાં કાવ્યો ॥ ★ સિલાસ પટેલિયા / 5
॥ પ્રેરણા ॥ રાહ ન જુઓ – બસ કરી લો ★ ગ્લેન મેક્લિન્ટર / 6
॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ ★ કિરીટ ગોસ્વામી / 8
॥ આસ્વાદ ॥ કન્યાવિદાયના લોકગીતમાં વ્યક્ત થતી મનોદશા ★ ભીખાભાઈ પટેલ / 11
॥ વિદ્યાવૃત્ત ॥ / 13
॥ શબ્દાંજલિ ॥ ભાઈકાકા - એક ઈજનેર ★ આર.સી. દેસાઈ / 14
॥ भेंट वार्ता ॥ आर्य हमारे पूर्वज नहीं: वर्‌हाडपांडे ★ वंदना सोनी/ 21
॥ Review ॥ Sardar Sarovar Revisited ★ Yoginder K. Alagh / 23
॥ સામ્પ્રત ॥ લોકકલાવિદ્ ડૉ. હસુ યાજ્ઞિકને કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર ★ પરમ પાઠક / 30
॥ સ્વાસ્થ્ય ॥ આયુર્વેદનું હૃદય – પંચકર્મ ★ અમીતા વ્યાસ, એ.આર.વી. મૂર્તિ / 31
॥ ગ્રંથસમીક્ષા ॥ જયકુમાર ર. શુક્લ / 32
॥ વિજ્ઞાન ॥ નેનો વિજ્ઞાન અને ટેકનોલોજી ★ તરુણ આર. ત્રિવેદી / 33
॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્ત્રીનાં વિવિધ સ્વરૂપ★ પારુલટીના દોશી / 36
॥ રમતગમત ॥ ૨૦૧૨માં રમતગમતનું અવનવું ★ પી. ડી. શર્મા / 37
॥ વિદ્યાવૃત્ત ॥ / 40

# આઝાદી અને રાષ્ટ્રીય તહેવારો

આઝાદીના સંગ્રામમાં લાખો રાષ્ટ્રપ્રેમીની શહીદી બાદ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળની રાષ્ટ્રીય ચળવળે આપણને સેંકડો વર્ષની ગુલામી બાદ ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત કરાવી. દેશ આઝાદ બન્યો અને તેનું બંધારણ ૧૯૫૦માં અસ્તિત્વમાં આવ્યું તથા દેશ પ્રજાસત્તાક બન્યો. બંધારણે દેશના દરેક નાગરિકને સરખી રીતે જીવવાના કોલ સાથે પુખ્તવયના નાગરિકને મતાધિકાર આપ્યો. સેંકડો વર્ષની ગુલામી બાદ મળેલા મતાધિકારનો ઉપયોગ દેશના હિતમાં થઈ શકે તે માટેની જાગૃતિ કોંગ્રેસ તથા બીજા પક્ષોએ પ્રજામાં લાવવા માટેનો પ્રયાસ કરવો જોઈએ. તે નહીં કરતાં મતાધિકારનો ઉપયોગ વ્યક્તિવિશેષની જવાબદારી હોવા છતાં તેના માટે નિષ્ક્રિયતા જણાતી આવી. આઝાદીનાં ૬૫ વર્ષ ઉપરાંતનાં વર્ષો વીતી ગયા છતાં મતના ઉપયોગનો અર્થ નહીં સમજતાં નાગરિકોએ તેનો સદુપયોગ કરવાનું હિંમતભર્યું પગલું આજ દિન સુધી ભર્યું હોય તેવી ઈતિહાસમાં સાબિતી મળતી નથી. છેક ૧૯૪૭થી કોંગ્રેસે જેમને જવાબદારી સોંપી તેવા વડાપ્રધાન નેહરુ પણ પોતાના વડાપ્રધાન સમયમાં હજારો કરોડનો ભ્રષ્ટાચાર આચરતા હોય તો પછી ચૂંટાયેલા હજારો ધારાસભ્યો, લોકસભાના સભ્યો, પ્રધાનો પ્રજાની સાચી સેવા કરવાને બદલે કરોડોનાં કૌભાંડમાં સંડોવાઈને પોતે અથવા તો પોતાનાં સગાંને દેશના ભોગે ફાયદો કરી આપવા માટેના પ્રયત્નો થતા રહે છે, તે આ દેશની કમનસીબી છે.

ખાસ કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતો માટે જે ચિંતા સેવી હતી તેના અનુસંધાનમાં દલિતોના વર્ગમાંથી સરકારમાં જવાબદારીવાળી જગ્યાએ બેસીને દલિત વર્ગને ઊંચા લાવવાના પ્રયાસો કરવાને બદલે તેમણે પણ બીજા વર્ગના પ્રધાનોની જેમ ભ્રષ્ટાચારને વધુ વેગ આપ્યો છે. દા.ત. ઉત્તર પ્રદેશમાં દલિતોના એજન્ડા સાથે સત્તા પર આવનાર માયાવતીએ પણ કરેલાં ઘણાં કૌભાંડો બહાર આવ્યાં છે. હમણાં હમણાં તેમના ભાઈની તરફેણ કરીને ૭૦૦ કરોડ રૂપિયા ઉપરાંતનાં કૌભાંડ બહાર આવ્યાં છે. આ બધું જોતાં રાજ્યની કે ભારતની સરકાર હોય અને તેમાં રાજ કરતા ગમે તે પક્ષના હોય પરંતુ કોઈને પણ દેશની ચિંતા હોય તેવું દેખાતું નથી. આ સંજોગોમાં કેટલીક એવી સંસ્થાઓ પણ દેશમાં કાર્યરત છે કે જે સંસ્થાઓ પોતાની રીતે દેશની જવાબદારી સંભાળતી હોય. આવી કોઈ સંસ્થા એના એજન્ડામાં કોઈ એવી દેશદ્રોહી કાર્યવાહી ના હોય છતાં પણ આવી સંસ્થાઓના કોઈક સભ્ય મારફતે આવી પ્રવૃત્તિમાં ભાગ લે પછી સરકાર આવી સંસ્થાઓને બદનામ કરવા માટે પોતાની સત્તાપક્ષની સરકાર અને પ્રસારમાધ્યમનો ઉપયોગ કરે તે વાજબી

નથી. રાષ્ટ્રપ્રેમી સંગઠનો જ આ દેશને ઉગારી શકશે. રાજકીય પક્ષો તો પોતાની સત્તા ટકાવી રાખવા જ્યારે પણ જે જાતનો વળાંક લેવો પડે તેવા વળાંક લેવા માટે પોતાની ક્ષમતા પુરવાર કરતા આવ્યા છે.

૧૯૪૭ પછી નેહરુની સરકારે આ દેશને અનુરૂપ એવી સમાજવાદી સમાજરચનાને મહત્ત્વ આપવાનું સ્વીકાર્યું હોવા છતાં તેમણે અથવા તે પક્ષની કોંગ્રેસી સરકારોએ પણ સાચા અર્થમાં સમાજવાદી સમાજરચના માટે કાર્ય કર્યાનું જણાતું નથી. છેક છેલ્લે જયપ્રકાશ નારાયણની રાહબરી હેઠળ રચાયેલી જનતા સરકાર જેમાં મોરારજી દેસાઈ વડાપ્રદાન બન્યા ત્યારે કાંઈક આશાનો સંચાર દેખાતો હતો. પરંતુ મોરારજી દેસાઈના સમયમાં પણ તેમણે જે રીતે અઢી વર્ષ બાદ ચૌધરી ચરણસિંહની તરફેણમાં ખસી જવાનું હતું તેનો અમલ કર્યો નહીં એટલે જનતા સરકારનું ભાવિ પણ જોખમાતું ગયું. સમાજવાદી સમાજરચનાની વાતો ફક્ત કાગળ પર રહેતાં પ્રજાને તેનાથી કોઈ ફાયદો થયો નહીં. આઝાદી બાદથી કોંગ્રેસ પક્ષ ઘણી બધી વખત સત્તા પર આવ્યો પરંતુ નેહરુની જેમ જ તે પછીની સરકારોમાં જે કોઈ આવ્યા તે બધાએ પ્રજાલક્ષી કાર્યો કરવાને બદલે પોતાનો તથા સગાવાદનો ઉત્કર્ષ થાય તે માટે જ કાર્ય કર્યું. ઘણા બધા પ્રધાનોએ કરેલા ભ્રષ્ટાચારની માહિતી પ્રજા સમક્ષ પહોંચી ત્યારે પક્ષો આ બાબતની ગંભીરતા જોવાને બદલે એકબીજા પર કાદવ ઉછાળ કરતા રહ્યા. આથી દરેક રાજકીય નેતા અને વડા ધરાવતી વ્યક્તિઓ દેશનાં નાણાં દેશની પ્રગતિ અને વિકાસને બદલે બીજા દેશોમાં રોકતા ગયા. દેશ આના પરિણામે પહેલાંની જેમ કંગાળ સ્થિતિમાં ધકેલાઈ ગયો. હવે સમય પાકી ગયો છે કે પ્રજા પોતાના મતાધિકારનો સદુપયોગ કરે અને રાષ્ટ્રીય પક્ષો પોતાના ઉમેદવારોમાં ભ્રષ્ટાચારી વ્યક્તિઓને ચૂંટણી લડવા સ્થાન ના આપે તે આજની માંગ છે.

લોકસભાની ચૂંટણી જ્યારે નજીકમાં આવી રહી છે ત્યારે શિક્ષણ સાથે સંકળાયેલી સંસ્થાઓ પોતાની જવાબદારી સમજી મતાધિકારનો ઉપયોગ સારીરીતે થાય તે જોવા માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો મારફતે જનજાગૃતિ લાવે તે આજની માગ છે. આપણે સૌ તેમાં જોડાઈએ.

(૨૯ જાન્યુઆરી ૨૦૧૩)

સી.એલ.પટેલ

# અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદતા

છેલ્લા કેટલાક વખતથી સમગ્ર દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સત્તાધીશો કે કેટલાંક ધાર્મિક સંગઠનો થકી અપાતા કોલ કે ફરમાવાતા ફતવાઓ લોકશાહી રાષ્ટ્ર ભારત માટે ચિંતાનો વિષય બન્યા છે. વિશ્વવિખ્યાત ચિત્રકાર એમ.એફ.હુસૈન (હવે મરહૂમ) દ્વારા હિન્દુ દેવ-દેવીઓઓનાં નગ્ન ચિત્રોએ પ્રજામાં અને અદાલતોમાં ભારે વિવાદ સર્જ્યો હતો. અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેની ભેદરેખા અંકિત કરવામાં થાપ ખાઈ જવાના સંજોગોમાં એવી અથડામણો પણ સર્જાય છે જ્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય. હુસૈને વિદેશમાં જઈને વસવાનું પસંદ કર્યું અને એમનો ઈન્તકાલ પણ વિદેશની ધરતી પર થયો. કેટલાક યુરોપવાસી અટકચાળા કાર્ટૂનિસ્ટોએ મહંમદ પયગમ્બર સાહેબનું કાર્ટૂન બનાવીને મોતના ફતવા વહોરી લીધા તથા સલમાન ૠષદી જેવા ભારતીય મૂળના વિદેશમાં વસતા લેખકે સેટેનિક વર્સેસ લખીને મોતના ફતવા ખાળવા માટે વિશ્વવ્યાપી ક્ષમાયાચના કરવી પડી હતી. એ ઘટનાક્રમ હજુ તાજો જ છે. હુસૈન અને ૠષદીના પંથે ચાલીને હમણાં બેંગલુરુમાં દિલ્હીના યુવા ચિત્રકાર અનિરુદ્ધ સાંઈનાથ કૃષ્ણામાનીએ પણ હિન્દુ દેવદેવતાઓનાં વાંધાજનક ચિત્રો દોરી તેના પ્રદર્શનનું રાજ્યપાલ એચ.આર.ભારદ્વાજને હસ્તે ઉદ્‌ઘાટન કરાવી એક બાજુ પ્રશંસા મેળવી હતી તો બીજી બાજુ હિન્દુવાદી સંગઠનોની લાગણી દુભાતાં એના પ્રદર્શનને બંધ કરાવવામાં આવ્યું હતું. આવું જ કાંઈક થોડા વખત પહેલાં વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ વિભાગમાં પણ બન્યું હતું.

સુપ્રસિદ્ધ અભિનેતા અને નિર્દેશક કમલ હસનની તાજી ફિલ્મ વિશ્વરૂપમે મુસ્લિમ સંગઠનોના વિરોધને કારણે તમિલનાડુ સરકાર તરફથી પ્રતિબંધનો પ્રારંભમાં ભોગ બનવું પડ્યું અને લાંબી કાનૂની અને મીડિયાલડતને પગલે જ્યારે દેશભરમાં આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે તેમાં મુસ્લિમોને આતંકવાદી લેખવાનો પ્રયાસ હોવાની વાત મૂળે જ ખોટી હોવાનું સાબિત થયું. હકીકતમાં મૂળ તમિળ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા અને નાસ્તિક એવા કમલ હસને ભાવાવેશમાં આવીને હુસૈનની જેમ પોતે દેશ છોડી જશે અને કોઈ સેક્યુલર દેશમાં વસશે એવી જાહેરાત કરી બેઠા હતા. હકીકતમાં તેમની આ ફિલ્મમાં વાંધો લેવા જેવું કાંઈ હોય તો નામાંકિત પત્રકાર સંધ્યા જૈને જે બાબત પ્રકાશમાં આણી તે બ્રાહ્મણ મહિલાઓ વિશે કરવામાં આવેલી ગલિચ્છ ટિપ્પણો. જો કે ભારતીય બંધારણે બક્ષેલી વ્યક્તિ સ્વાતંત્ર્યની વિભાવનાની આડસે સ્વતંત્રતા છેક સ્વચ્છંદતા સુધી લંબાતી હોય તો પણ પોતપોતાને અનુકૂળ એવાં વિશ્લેષણો કરીને સમાજમાં ઉહાપોહ અને ટકરાવનો માહોલ સર્જાતો રહ્યો છે.

અભિવ્યક્તિની સ્વતંત્રતાની સાથે જ બંધારણ કેટલીક જવાબદારીઓ નિભાવવાનું પણ સ્પષ્ટ કરે છે. સમાજમાં અથડામણો સર્જાય નહીં અને સુસંવાદિતા જળવાય એ પ્રકારની ડિબેટ લોકશાહીને મજબૂત કરી શકે.

હમણાં જ જયપુરના સાહિત્યોત્સવમાં વિશ્વવિખ્યાત સમાજશાસ્ત્રી ડૉ.આશિષ નંદીએ દલિતો, આદિવાસીઓ અને ઓબીસીને ભ્રષ્ટાચાર સાથે સાંકળવાની જે ટિપ્પણી કરી અને પછી ક્ષમાયાચના કરી સમગ્ર દેશમાં ઉઠેલા વિવાદ પર ઠંડુ પાણી રેડવાની કોશિશ કરી. બંગાળી ખ્રિસ્તી પરિવારમાં જન્મેલા અને સામાન્ય રીતે દલિતો અને વંચિતોના પક્ષધર ગણાતા તથા અનામતના સમર્થક એવા સમાજશાસ્ત્રીએ ભ્રષ્ટાચાર અંગે આવો અટકચાળો કેમ કર્યો એ તેમના અંતરંગ મિત્રવર્તુળમાં પણ આશ્ચર્ય સર્જનાર ઘટનાક્રમ રહ્યો છે. જો કે નંદીની ધરપકડ કરવા પર મનાઈહુકમ આપતાં દેશની સર્વોચ્ચ અદાલતે જે ટિપ્પણ કરી તે દેશવાસીઓએ ગૂંજે બાંધવા જેવી છે: 'અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અર્થ બેફામ અને બેજવાબદાર નિવેદન કરવાની સ્વતંત્રતા એવો નથી.'

તાજેતરમાં જમ્મુ-કશ્મીરની કન્યાઓના રોક બેન્ડ સામે ત્યાંના વડા મુફ્તીએ જાહેર કરેલા ફતવાએ સારો એવો રાજકીય વિવાદ સર્જ્યો છે. કમનસીબે પ્રગાશ નામના આ રોક બેન્ડમાંથી મુસ્લિમ કન્યાઓએ ફારેગ થતાં એટલું જ કહ્યું કે અમે મુફ્તીનો આદર કરીએ છીએ. બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ સલમાન ૠષદીના કોલકાતા પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો એ વાત પણ લોકશાહી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા સામે પ્રશ્નાર્થ ઊભા કરે છે. વિવાદસર્જક બાંગ્લાદેશી લેખિકા તસલિમા નસરીન જે મહાનગરમાં રાજ્યાશ્રય મેળવતાં હોય એ નગરનો આ વિરોધાભાસ છે. વાસ્તવમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા સ્વચ્છંદતા સુધી લંબાય નહીં અને વિવેકસર રજૂ કરાયેલા ભિન્ન મતનો પણ આદર કરાય એવા સ્વસ્થ સમાજના નિર્માણની જરૂર છે.

(૮ ફેબ્રુઆરી ૨૦૧૩) • હરિ દેસાઈ

## ફાગણિયે

હોળી આવી રે ફૂલ્યાં ફાગણિયે,
રંગ લાવી રે મ્હારે આંગણિયે.

ભરી પિચકારી, નર ને નારી, રમતાં રાસે, દેતાં તાળી.
રંગ રમતા રસિયા સાથે ભાળી ઘૂંઘટવાળી – હોળી.

ભાવભીની ભાભીની સંગે.
રમે દિયરજી નવનવ રંગે સંગે ઉમંગે. – હોળી.

વસંતની સાહેલી આવી,
નમણાં નયને નર્તન લાવી,
યૌવનના સંદેશા લાવી;
આવી રે મ્હારે આંગણિયે – હોળી.

ખીલ્યો ફાગ સુહાલ સમો,
સાહેલી સંગે રાસ રમો,
નવ નવ ભોજન ભાવે જમો. – હોળી.

● **અવિનાશ વ્યાસ**

## ફાગણના દિવસોમાં...

તારા ગણવાથી રાત પૂરી ન થાય
હવે તારા ગણવાથી વાત પૂરી ન થાય

એકલવાયા રે રાખી, ઘરના રહેવાસ એમાં આવા ને આવા ઉજાગરા
ફાગણના દિવસોમાં ફળિયે તો ઠીક, મારાં લોચનમાં મ્હોર્યા છે ખાખરા

લંબાતી ઝંખનાને છેડો નહીં ક્યાંય,
હું તો પગલે પગલે રે સાવ તૂટું
કાંકરીઓ વાગવાથી ફૂટતી'તી હેલ્ય
હવે એવા દિવસો કે હું જ ફૂટું

આથમણી મેર ડૂબે સૂરજ છતાં ય મારે રોમ રોમ તડકાઓ આકરા
આથમણી મેર ડૂબે સૂરજ છતાં ય મારે રોમ રોમ તડકાઓ આકરા.

કોડને કમાડ કદી ઘૂંટેલાં લાભશુભ
રાતુંચટ્ટાક હજી જાગે
ઓસરીમાં આભલાંનું તોરણ
તે કોઈ એક આવે તો કેટલાય લાગે!

ભણકારો સ્હેજસાજ વાગ્યાથી લોહીઝાણ થઈ જાતા જોયાના કાંગરા
ભણકારો સ્હેજસાજ વાગ્યાથી લોહીઝાણ થઈ જાતા જોયાના કાંગરા

ફાગના દિવસોમાં ફલિયે તો ઠીક મારા લોચનમાં મ્હોર્યા છે ખાખરા.

● **રમેશ પારેખ**

## ફોરમનું પીણું

ફાગણિયે ફોરેલાં વનવનનાં ફૂલ આજ મરકી રહ્યાં ઝીણું ઝીણું:
કે રાજ કોઈ પીઓ ફોરમનું પીણું!
દલદલની પાંદડીના ઘૂંઘટને ખોલે છે ભમરાનું દિલ ભાવભીનું
કે રાજ કોઈ પીઓ ફોરમનું પીણું!

સૌરભનું સોહે છે અહીંયા સરોવર
કે આવી આવીને પીઓ જળ:
પીતા રહો ને તોયે ખૂટે ના કેમ કરી.
એવા અતાગ એનાં તળ.
કોકિલને કંઠેથી ઝરતી કળીઓને પલના પાનેતરમાં વીણું:
કે રાજ કોઈ પીઓ ફોરમનું પીણું!

નભની નિકુંજમહીં ચંદાની ચાંદનીના
ચંદનની મ્હેક લિયો માણી:
તારલાના ફૂલની તેજલ સુગંધને
લ્હેરાવે લ્હેરખી હવાની.
દિવસે ને રાતડી પીધા કરોને પ્રાણ! અમરત વહે છે આંખડીનું:
કે રાજ કોઈ પીઓ ફોરમનું પીણું!

● **સુરેશ દલાલ**

## પોરબંદર વિસ્તાર હોળી ગીત

પોરબંદરના ચોકમાં જાજા ગેરિયા રે,
વચલો છોગાળો મારો વીર રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
દળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊતરી છે કાંઈ અડવાણાને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
અડવાણાના ચોકમાં જાજા ગેરિયા રે,
વસલો ઢોલીડો ભાભીનો વીર રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
દળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊતરી છે કાંઈ પોરબંદરને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
પોરબંદરના ચોકમાં જાજી સૈયરું રે,
વચલી ચૂંદડિયારી મારી બેન રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
દળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊથરી છે કાંઈ અડવાણાને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
અડવાણાના ચોકમાં જાજી સૈયરું રે,
વચલી દાતણિયારી ભાભીની બેન રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.

● **સંપાદન: હસુ યાજ્ઞિક**

# હોળી-ધૂળેટીનો ગુલાલ

*'ગમતું' મળે તો એને ગુંજે ન ભરીએ,*
*ને ગમતાનો કરીએ ગુલાલ.* – મકરન્દ દવે

## પૌરાણિક સમજણ

ગુલાલવાળા હાથ કરીને, રંગની પિચકારીઓ કે કાદવથી ખરડાયેલા હાથ લઈને રંગથી રંગાયેલા કહો કે કાદવથી ખરડાયેલા, અશ્લીલ ભાષા બોલતા ઘેરૈયાઓ ધૂળેટીના દિવસે બીજાઓને પણ પોતાની જેમ રંગવા ઉત્સુક હોય છે.

પરંતુ આપણા ધુળેટીના ઉત્સવ પાછળ એક સુંદર મનોવૈજ્ઞાનિક કારણ છે. જો કે આજે આ ઉત્સવ અતિ વિકૃત થયો છે; પરંતુ કારણ ધ્યાનમાં આવશે તો ધુળેટીના આ દેખીતા ગાંડપણમાં તથ્ય લાગશે; અને સંભવ છે કે આપણે પણ ઉત્સાહમાં આવી જઈને ગુલાલના રંગે રંગાઈ જઈશું.

ફાગણ સુદ પૂનમે હોળી પ્રગટી એની પાછળ એક પૌરાણિક સમજણ છે. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને સજા ફટકારી કે 'એને જીવતો બાળી નાખો.' પરંતુ ખડકેલી ચિતામાંથી તે ભાગી જાય તો? હિરણ્યકશિપુની બહેન હોલિકાને હુકમ થયો કે તેણે પ્રહ્લાદને ખોળામાં પકડી રાખી ચિતામાં બેસવું; કારણ કે તેને વરદાન હતું કે તે સત્ વૃત્તિનો વિરોધ નહિ કરે, ભગવદ્ ભક્તને નહીં કનડે તો અગ્નિ તેને નહીં બાળે. પરંતુ રાજઆજ્ઞાનું ફરમાન થયું. બિચારી હોલિકા! પ્રહ્લાદને લઈને ચિતા પર બેઠી. પ્રહ્લાદને ખોળામાં લીધો. ચિતા સળગી. હોલિકા બળવા લાગી પણ પ્રહ્લાદને આંચ ન આવી.

અસત્ વૃત્તિની, સસત્ અને આસુરી વિચારને સાથ આપનારી હોલિકા બળીને ખલાસ થઈ અને ભગવદ્ ભક્ત પ્રહ્લાદે પણ કાળના પેટમાં વિદાય લીધી. પરંતુ આજે પ્રત્યેકના મનમાં આસુરી વૃત્તિની રાક્ષસી અને પાશવી વૃત્તિને સાથ આપનારી હોલિકા જીવતી જ છે અને નાના અમસ્તા પ્રહ્લાદના પ્રતીક રૂપે સદ્‌વિચાર, સદ્‌ભાવના, દૈવી વૃત્તિ પણ છે. માનવી મનમાં અનાદિ કાળથી દૈવાસુર સંગ્રામ ચાલે છે. માનવી મનની મહદ્ વૃત્તિ પણ બે જ છે ને!

द्वौ भूतसर्गौ लोकेऽस्मिदैव आसुर एव च ।
(ભ.ગી. ૧૬/૬)

આ સૃષ્ટિમાં દૈવી અને આસુરી એવી બે જ વિચારધારાઓ છે. સામાન્યતઃ આસુરી વાતાવરણનાં પરિબળો માનવીને અસદ્ માર્ગ તરફ ખેંચી જાય છે. તેમાંથી બચવા માટે પોતામાં રહેલી બધી જ અસત્ વૃત્તિને, વિકૃતિને, વ્યસનો અને કુટેવોને હોળીમાં બાળી નાખવાની, તે અસત્ છે, આસુરી છે તેથી હોલિકાની જેમ તે બળી જશે એ શ્રદ્ધાથી, એ ભાવનાથી – અને ખૂણે બેસી રહેલા સદ્વિચારોનું, સદ્‌વૃત્તિનું રક્ષણ કરવાનું. બીજે દિવસે અસદ્ વૃત્તિની પાશવી ચૂડમાંથી મુક્ત થયેલા સૌ કોઈ ઉમંગમાં, ઉલ્લાસમાં મુક્ત મને નાચે ગાય, આનંદને હિલોળે ચડી જીવનનો ગુલાલ ઉડાડે. એનું પ્રતીક એટલે જ ધુળેટીનો ગુલાલ.

## ધૂળેટી પાછળનું હાર્દ

પ્રત્યેક સમાજમાં તહેવારો અને ઉત્સવો પરંપરાગત ચાલ્યા આવે છે અને પ્રત્યેક તહેવાર પાછળ કોઈ અર્થપૂર્ણ દૃષ્ટિ હોય છે; અર્થાત્ તેનું કારણ આંધળું અનુકરણ, માનવીને વિનિપાત તરફ જ ઘસડી જાય છે. પરંતુ સમજણપૂર્વક આચરણ કરવામાં આવે તો વ્યક્ત અને સમાજ બન્નેને વિકાસને પંથે લઈ જાય, સંસ્કૃતિ ખીલે અને સમાજ સુવાસિત બને. ધુળેટીનો તહેવાર પણ આ રીતનો જ છે.

આગલી રાતે જ આસુરી વૃત્તિને ભડભડતી ચિતામાં હોમી દીધી છે ત્યારે હળવું ફૂલ થયેલું; પાશવી ચુંગાલમાંથી મુક્ત થયેલું, જીવનના નવા રાહે

આગળ કદમ માંડવા થનગની રહેલું મન મસ્તીમાં ન ઝૂમે? આનંદને હીલોળે ન ચડે? જીવનનો બધો બોજ ક્ષણભર માટે ભૂલી મસ્ત થઈને ન નાચે? જીવનમાં અબીલ ગુલાલનો છંટકાવ કરી વાતાવરણમાં એકરૂપ ન બને?

માણસે હળવાફૂલ બનીને આનંદને હીલોળે ચડવું જરૂરી છે. કામ, કામ, અને કામ! ક્ષણભર, માટે ચડેલા એ કામના ટોપલા ઉતારી બાલસહજ નિર્દોશ આનંદ-મસ્તીમાં તરબોળ થવું પણ અત્યાવશ્યક છે. અને તેથી જ વસંતે ખિલાવેલા કેસૂડાના રંગથી જીવનને કેસરિયું બનાવવાનું. ગ્રીષ્મની ગરમીના દાહક રોગોથી બચવા કેસૂડાનું સ્નાન કરવાનું, તેનાથી ભીંજાવાનું, એકબીજાને નિર્દોષ મીઠાં મધ જેવા તોફાનમસ્તી કરતાં કેસૂડાથી પલાળવાના, ગુલાલનો આછો છંટકાવ કરી વાતાવરણને ગુલાબી બનાવવાનું, લાલ રંગીલું વાતાવરણ નિર્માણ કરવાનું. માનવી મનનું જનસમુદાયનું પ્રતિબિંબ પાડતો આ ઉત્સવ સાચે જ અનેરો છે.

## ધૂળેટીનો ગુલાલ

વાસ્તવિક 'ધૂળેટીનો ગુલાલ' એ બંને શબ્દો વિસંવાદી છે. ધૂળ અને ગુલાલ એ બંને ભેગા કેમ રહી શકે? પંરતુ સમાજના માનસનું એમાં પ્રતિબિંબ છે. સમાજમાં ધૂળાટિયા વૃત્તિના માનવો અને ગુલાબી વૃત્તિના માનવો હોય છે. એ ધૂળાટિયા વૃત્તિને હોળીમાં બાળી, ગુલાબી વૃત્તિને ટકાવવાનો, અંદર આટલા વખતથી ગૂંગળામણ અનુભવતી એ વૃત્તિને બહાર કાઢવાનો દિવસ-ઉત્સવ એટલે ધૂળેટી.

માનવી મનના દોષોને, વર્ષભર થયેલાં પાતકોને, વિકૃતિઓને, હોળીમાં ઠાલવવાને બદલે આજે તેની 'બૂ' સમાજમાં નિર્લજ્જ થઈને પ્રસરાવીએ છીએ. અશ્લીલતા અને બીભત્સતા ખલાસ કરવાને બદલે હોળી-ધુળેટીને નામે વધુ અશ્લીલ-બીભત્સ બનીએ છીએ. ફાગણનાં કેસૂડાં અને ગુલાલને બદલે બીભત્સ થયેલું માનવી મન કાદવ કીચડ ઉછાળે છે. ધૂળ ફેંકે છે. તેથી જ કદાચ ફાગણના રંગભર્યા ઉત્સવને ધુળેટી કહીને હલકો પાડ્યો છે.

શિષ્ટ સમાજમાં આપણે, એની પાછળ રહેલી ભાવના સમજીએ. આપણા ઉત્સાહ અને ઉમંગને શિસ્તમાં વહેતો મૂકીએ. પૂનમની અજવાળી રાતે દાંડિયા રાસની રમઝટ બોલાવીએ, કોપરું અને ખજૂરની લહાણ માણીએ, રંગોત્સવમાં રંગાઈ અશ્લીલતાના કાળા કાદવને દૂર રાખી, અસદ્‌વૃત્તિનું દમન કરી, અદમ્ય ઉત્સાહ અને આનંદથી જીવનના સત્ રાહ પર મક્કમતાથી આગળ વધીએ. બધા સાથે મળવાનું, અને છતાં પોતાની જાત સાથે તદાકાર થવાનું. રાજેન્દ્ર શાહની પંક્તિ છે,

*'હો બાજે ઢોલક, ડફ બાંસુરિયાં*
*વસંતરો રત ગાવૈ, રી*
*હો કોઈ કિસી કી સુન નહીં પાવૈ*
*નચાવે રી.'*

હોળી અને ધુળેટીનો ઉત્સવ એટલે માનવી મનને માંજવાનો ઉત્સવ છે. જીવનમાં પવિત્રતા લાવવાનો ઉત્સવ છે. આસુરી વૃત્તિને હાથે પુરાયેલી જીવનની રંગીન વૃત્તિને, ગુલાબી વૃત્તિને મોકળા મને વહેતી મૂકવાનો ઉત્સવ છે, અને તેથી જ તો તેના પ્રતીક તરીકે ગુલાલનો છંટકાવ કરવાનો.

હળવાં, નિર્દોષ, મીઠાં, તોફાનમસ્તી કરીને જીવનને ઉત્સાહી બનાવવાનો, માનસિક બોજાને દૂર ફગાવી જીવનને પ્રફુલ્લિત બનાવવાનો અને ઘરડા અને ઉદાસ થયેલા મનને, શારીરિક યૌવન તો નહિ પણ માનસિક યૌવન બક્ષી આનંદમાં ઝૂમતું કરવાનો ઉત્સવ એટલે ધુળેટીનો ઉત્સવ. સદ્‌વૃત્તિનું ઐક્ય સાધી તેને નાચતી કરવાનો ઉત્સવ એટલે ધુળેટીનો ઉત્સવ.

● **પરમાનંદ ગાંધી**

('આપણો સાંસ્કૃતિક વારસો'માંથી, શ્રદ્ધા પ્રકાશન, ગાંધી યુરોકેર, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૬)

*// નવાં કાવ્યો //*

**(પહાડ, જંગલ અને પોતાની અસ્મિતા જેમાં પ્રગટ થતી રહી છે એ પોતીકી બોલી આદિવાસીજનો માટે પ્રાણભૂત તત્ત્વો છે. એમાંથી સતત ઊર્જા પામીને તેઓ જીવન સામે ઝઝૂમીને, કાયમ વિકાસગામી રહ્યા છે. આ રચનાઓમાં એ પ્રાણતત્ત્વોને શબ્દસ્થ કરવાની મથામણ છે.)**

## પ્હાડ

**● સિલાસ પટેલિયા**

પહાડ
હાડ તારું –
એમ જ
એ પહાડ પરના વગડાના
એકેએક ઝાડવાંનું!
તારામાં પહાડ
પહાડમાં ઝાડ
ઝાડના મૂળ છેક લગી તારા હાડના મૂળમાં,
એમ પહાડ, હાડ ને મૂળમાં
તારાં મૂળ ઓતપ્રોત!
આમ તારું તો ચાલતું 'તું યુગોથી –
ને એકદા
એમની નજરે ચઢ્યો પહાડ.
પહાડ પરનો વગડો
એ નજરના ઝેરી વંટોળે ધ્રુજવા લાગ્યો,
એ ધ્રુજ્યો
એ જોઈ તુંયે ધ્રુજ્યો જ હશે,
પણ તેં એ કળવા ના જ દીધું!
એ ઝેરી વંટોળમાં
વગડો ખરખર ખરતો જાય છે રોજ,
એ વગડેથી
એ પહાડેથી
તુંયે ખરતો જાય છે રોજેરાજ...
એ જોવાની
આંખ જ ક્યાં છે
આ આંકોના વેરાન રણમાં!

## જંગલ

જંગલના એકેએક પર્ણની નસેનસમાં
છલકાતો રસકસ
તારી આંખમાં!
એકે એક વૃક્ષના મૂળ
તારી છાતીમાં થઈને જ
પાતાળમાં ઊંડા ઉતરેલાં છે!
ઢોલના અવાજે
આખાય જંગલના ઝાડવાં ધૂણે
એટલો લય ઉમટે
તારા પગમાં,
ને તારા પગ
ધસમસતા ઝરણ બનીને
અવાજની દિશામાં ઉતરી પડે સામટાં...
અંધકાર ઘૂંટાતો જાય,
લય વમળાતો જાય,
પહાડ પર નીતરતા રહે ચાંદની રેલા,
બીજા દા'ડાનો સૂરજ ફૂટવાનાં
એંધાણ ફૂટે
તોયે ના થાકે તારા પગ!
તારા જ હાથમાં ભાલો પકડાવી
એ લોકોએ ઢોલ જ ફોડાવી નાંખ્યો...
તારા પગ વળ્યા
ઊંધી વાટે
ને આ બાજુ વગડો વઢાતો ગયો!
છાતી પર તારી
ખડકાતા જાય પથરાઓ,
તે એમાં ક્યાંથી પડે
રહ્યાસહ્યાં જંગલમાં રઝળતા
એ ઢોલના અવાજના પડઘાઓ?

## લોકબોલી

તારી બોલી જુદી –
એમ કહીને એ લોકોએ જ
જુદારું કર્યું તારી જોડે
ને પછી
એ જ બોલીના બોર વેચી વેચી
તને નબોલીવાળો કરી નાંખ્યો!
તારી જ બોલી
તારી નહિ...
એના ચીરેચીરા એ કરે
એમાંથી ડુંગરદેવ, પ્રેતાત્માઓ,
નદીનાળાં, ખેતરો, નાંગલી
આ પશુ ને પેલું વરુ
ને આ ને તે...
કંઈ કંઈ કાઢે
ચીરી ચીરીને કાઢે!
ને
તારે ચૂપચૂપ જોયા કરવાનું!
એ બોલીનું ધાવણ ધાઈને મોટા થયેલાં
વળી જુદા,
એમની વાત વળી જુદી!
એ વળે જો પાછા
તો ઝૂરતી એ બોલીને
મળે એનો ખરો પ્રાણ!
પરંતુ એ લોકો
એને એની એ આદિમનદી
ભણી વળવા દેશે?

(ઈ/૧૧, સૂર્યા ફ્લેટ-બી, નિઝામપુરા, વડોદરા – ૩૯૦ ૦૦૨.
મો.: ૯૩૭૭૨૬૬૮૨૮)

## રાહ ન જુઓ – બસ કરી લો

**ગ્લેન મેક્લિન્ટર**

સવાલ એ છે કે તમે તમારા સાહસને દિલથી સ્વીકારવા તૈયાર છો કે નહીં.

– જૉસેફ કૅમ્પબેલ

મારા પિતા કહેતા કે ઈશ્વરે તમને જેવા બનાવ્યા છે તેની પાછળ કોઈ કારણ જરૂર હશે. હવે હું પણ તે માનવા લાગ્યો છું.

મારું બાળપણ સરસ હતું. હું કેલિફોર્નિયાના લગુન બીચમાં ઊછર્યો. મને સર્ફિંગ અને રમતગમત ગમતાં. જે વખતે મારી ઉંમરના બીજાં બાળકો ટીવી અને દરિયાકિનારા સિવાય કશું સમજતા ન હોય તે ઉંમરમાં હું વધુ સ્વાવલંબી થઈ ચૂક્યો હતો. મારે દેશ જોવો હતો, ભવિષ્યની યોજના બનાવવી હતી.

૧૦ વર્ષની ઉંમરે મેં કામ શરૂ કર્યું. ૧૫ વર્ષની ઉંમરે તો હું બે-ત્રણ નોકરીઓ શાળા છૂટ્યા બાદ કરી લેતો. પૈસા ભેગા કરી મેં મોટરસાઇકલ લેવાનો વિચાર કર્યો. મેં મોટરસાઇકલ ચલાવવાનું શરૂ કર્યું ત્યારે હું સાડા પંદર વર્ષનો હતો. મારી જિંદગી ત્યારથી બદલાઈ ગઈ.

હું રજાના દિવસે કે મજાને ખાતર બાઇક ચલાવું તેવું નહોતું. મને તો બાઇકનો નશો હતો. દિવસનો જેટલો પણ સમય મળે, જ્યારે પણ તક મળે, હું બાઇક ચલાવું. પહાડના વળાંક લેતા રસ્તા પર બાઇક ચલાવતો હોઉં ત્યારે સૂર્યોદય કે સૂર્યાસ્ત વધુ સુંદર બની જાય. બાઇક મારા માટે એટલી સ્વાભાવિક બની ગઈ, જેટલું ચાલવાનું સ્વાભાવિક હોય. મોં પર અથડાતો પવન મને ગજબની હળવાશ આપે. મને બાઇક ચલાવતી વખતે સ્વપ્નો જોવાં પણ ગમે.

બે વર્ષમાં પાંચ મોટરસાઇકલ પર મેં કેલિફોર્નિયાના તમામ માર્ગો ખૂંદી નાખ્યા. હું રોજ રાત્રે મોટરસાઇકલ મૅગઝિન જોઉં. એક રાતે એક બીએમડબલ્યુ મોટરસાઇકલની જાહેરાતે મારું ધ્યાન ખેંચ્યું. તેમાં 'વેલકમ ટું અલાસ્કા'ના બૉર્ડ પાસે ધૂળ ધૂળ થઈ ગયેલી મોટરસાઇકલ પાર્ક કરેલી બતાવી હતી.

એક વર્ષ પછી એ જ બૉર્ડ નીચે વધારે ધૂળ ધૂળ થયેલી મોટરસાઇકલ એના જેવા જ ધૂળિયા સવાર સાથે પાર્ક થયેલી હતી. એ હું હતો. ઉંમર વર્ષ સત્તર. ૧૦૦૦ માઇલના કાચા રસ્તા પર બાઇક ચલાવી હું અલાસ્કા પહોંચ્યો હતો.

પછી મેં જ્યારે ૧૭૦૦૦ માઇલનો સાત અઠવાડિયાંનો પ્રવાસ યોજ્યો ત્યારે મિત્રોએ કહ્યું કે હું ગાંડો થઈ ગયો છું. મારાં માતાપિતાએ કહ્યું કે થોડી રાહ જો. હું ગાંડો નહોતો અને હું રાહ જોવા પણ તૈયાર ન હતો. બાળક હતો ત્યારથી મેં મોટરસાઇકલ પર અમેરિકા ફરી વળવાનું સ્વપ્ન જોયું હતું. મારી અંદરથી એક મક્કમ અવાજ ઊઠતો હતો કે જો હું અત્યારે આ ન કરું તો કદાચ ક્યારેય ન થાય, કારણ મારે જલદી કૉલેજ શરૂ કરવાની હતી, પછી કારકિર્દી અને પરિવાર પણ એના સમયે આવવાના હતા. મને થતું હતું કે આ એક પ્રવાસ મને તરુણમાંથી પુરુષ બનાવશે. ગમે તેમ, મારે તો બસ આ ઉનાળે આ પ્રવાસ ખેડવો જ હતો.

મેં મારી નોકરીઓ છોડી. મારી ઉંમર ૧૭ વર્ષની જ હતી. મારી માએ મને આ પ્રવાસની પરવાનગી આપતો પત્ર લખી આપ્યો. ૧૪૦૦ ડૉલર ખિસ્સામાં નાખ્યા, બે ડફલ બૅગ, એક કોથળીમાં નકશાઓ, એક ટોર્ચ અને ઘણા બધા આત્મવિશ્વાસની મૂડી સાથે હું અલાસ્કા અને પૂર્વ કિનારાઓ પર જવા નીકળ્યો.

ઘણા લોકો મળ્યા. રસ્તે અફાટ કુદરતી સૌંદર્ય વેરાયેલું હતું. ખુલ્લામાં આગ પેટાવી હું કંઈક ખાઈ લેતો. રોજ ઈશ્વરનો આભાર માનતો કે મને આ તક મળી. ઘણી વાર હું બે-ત્રણ દિવસ સુધી કોઈ માનવી જોવા ન પામતો. અનંત અજબ સન્નાટામાં મારી મોટરસાઇકલ ચાલતી રહેતી. તેના મશીનનો અને હેલ્મેટ સોંસરા આવતા પવન સિવાય કશો અવાજ આવતો નહીં. વાળ વધતા જતા હતા. ખુલ્લામાં ઠંડીમાં નહાવા મળે ત્યારે હું નહાઈ લેતો. અચાનક કોઈ રીંછનો ભેટો થઈ જતો ત્યારે મઝા આવી જતી.

ત્યાર પછી મેં ઘણી સફર ખેડી પણ એ પ્રવાસને તોલે એમાંની કોઈ સફર ન આવે. તેનું મારા જીવનમાં એક ખાસ સ્થાન છે. પછીના સમયમાં આ રીતે હું ફરી રસ્તા, પહાડ, જંગલ ને હિમનદીઓ વચ્ચે ગયો નથી,

કારણ ત્યાર પછી ૨૩ વર્ષની ઉંમરે લગૂન બીચની ગલીમાં એક પીધેલા ડ્રાઈવરે મારી બાઇક સાથે તેની ટ્રક અથડાવી મારી. મારી પાંસળીઓ તૂટી ગઈ ને મને લકવો થઈ ગયો.

અકસ્માત વખતે હું શરીરે સાજોનરવો હતો. પોલીસ ઑફિસર તરીકેની મારી નોકરી હતી. રજાઓમાં હું બાઈકલ પર ફરવા નીકળી પડતો. મારા લગ્ન પણ થઈ ગયાં હતાં. બધું સરસ હતું અને એક સેકન્ડમાં મારી જિંદગી બદલાઈ ગઈ. આઠ મહિના હું હૉસ્પિટલમાં રહ્યો. પત્ની ચાલી ગઈ. નોકરી ચાલી ગઈ, કારણ હું કામ કરી શકું એમ નહોતો. સતત દુઃખાવો અને વ્હીલચેરની સાથે જીવવાનું શીખતો. હું વિચારવા લાગ્યો કે હવે મારાં સ્વપ્નોનું શું? પણ સદ્ભાગ્યે મને મદદ મળી, ટેકો મળ્યો અને હું નવાં સ્વપ્ન સેવવા લાગ્યો અને સાકાર પણ કરતો ગયો.

મારી અલાસ્કાની સફર વિશે વિચારતાં હું ખૂબ ખુશ થતો. એ સફર પૂરી થઈ તેનો મને આનંદ હતો. સારું થયું મેં ત્યારે વિચાર્યું કે મારે અત્યારે જ જવું છે. ત્યારથી હું દરેક સ્વપ્ન માટે વિચારું છું કે, 'ડુ ઈટ નાઉ. આસપાસનું વાતાવરણ માણી લો. શહેરમાં ધુમ્મસ ને ધુમાડો હોય તો પણ જીવન માણી લો. 'ફરી ક્યારેક' એવું કદી ન વિચારશો.'

મારા અકસ્માત પછી મારા પિતાએ કહ્યું કે ઈશ્વરે મને લકવો આપવાનું પણ કોઈ કારણ હતું. મેં તે માની લીધું, કારણ કે એ અનુભવે મને આંતરિક તાકાત આપી. હું ફરી કામે લાગ્યો. ડેસ્ટ ઑફિસર તરીકે નોકરી મેળવી અને લગ્ન કર્યાં. મારો પોતાનો કન્સલ્ટિંગ બિઝનેસ શરૂ કર્યો અને વ્યાવસાયિક ભાષણો કરવા લાગ્યો. વારંવાર મુશ્કેલીઓ આવતી પણ હું હંમેશાં વિચારતો કે મેં શું કર્યું હતું, મારે શું કરવાનું છે અને મારા પિતા શું કરે છે તે મને યાદ આવતું.

હા, તેઓ સાચા હતા. ભગવાને જે કર્યું તેનું એક કારણ હતું. સૌથી વધુ અગત્યનું એ છે કે હું રોજ રોજનું ક્ષણે ક્ષણનું જીવતાં શીખ્યો.

તમારે પણ કંઈક કરવું છે? તો કરો હમણાં જ, હમણાં જ.

(હૈયાનો હરખ સંપાદકોઃ જેક કેન્ફિલ્ડ,
માર્ક વિક્ટર હેન્સન અનુવાદકઃ સોનલ પરીખ,
આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા.લિ., અમદાવાદ)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# ફૂલ વિનાની વેલ

## કિરીટ ગોસ્વામી

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લુઘનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

**(ગતાંકથી ચાલુ)**

(૮)

માલતી બારી પાસે, ક્યારની ઉદાસ ચહેરે ઊભી હતી.

બકુલ, તેની નજીક ગયો. તેના ઉદાસ ચહેરાની સામે જોતાં બોલ્યો – 'માલતી, બહુ થયું હવે! દીપુને ભૂલીજા, હવે! આમને આમ, ક્યાં સુધી તું, એના માટે ઉદાસ અને ચૂપ રહીશ?! હવે એ, તારી પાસે પાછો આવવાનો નથી એ વાત તું સારી રીતે જાણે છે, માલતી!'

'ના, બકુલ! ના... એવું ન બોલ! દીપુ પાછો આવશે! મારો દીપુ, જરૂર પાછો આવશે!' માલતી ગળગળા અવાજે બોલી ઊઠી.

બકુલે પળવાર હોઠ પીસ્યા અને પછી થોડા આક્રોશ સાથે કહેવા લાગ્યો – 'ફરી પાછી એની એ જ, વાત?! ફરી પાછી એ જ વાંઝણી આશા?! અરે, તું સમજતી કેમ નથી કે, દીપુ –' બકુલ આગળ બોલતાં અટકી ગયો. એના ચહેરા પર રોષ અને આંખોમાં વેદના હતાં. માલતીએ તરત જ તેને કહ્યું – 'કેમ અટકી ગયો? બોલને! શું નથી સમજતી હું?!'

'એ જ કે, દીપુ આપણો દીકરો નથી, માલતી! ગમે તેમ, તોય એ પારકું સંતાન કહેવાય...' બકુલ એટલું બોલ્યો ત્યાં તો માલતી ધૂંઆપૂંઆ થઈ ગઈ. તે આવેશભેર બોલવા લાગી – 'દીપુ મારો છે, બકુલ! મારો દીકરો છે! લાડકો દીકરો! તું ઊઠીને એને પારકો ગણવા લાગીશ તો મારી લાગણી કોણ સમજી શકશે?!'

'બસ, એ જ વાંધો છે, તારો! લાગણી! લાગણી! લાગણી! દરેક વખતે લાગણીથી કામ લેવાનું ના હોય, માલતી! ક્યારેક તો સમજદારીનો ઉપયોગ કર! સચ્ચાઈને સ્વીકાર!' બકુલનો અવાજ ઊંચો થયો.

'મારા માટે તો એક જ સત્ય રૂપાળું છે, ને એ સત્ય એટલે મારો દીપુ –' માલતી આગળ કંઈ બોલે તે પહેલાં જ બકુલે કહ્યું – 'એ સત્ય નથી, માલતી! એ તો માત્ર તારો ભ્રમ હતો! ને એ ભ્રમ હવે તૂટી ગયો છે! હવે તો જાગી જા, માલતી! હવે તો માની લે કે, દીપુ, આપણો દીકરો નથી!'

'મને તો એ ભ્રમ પણ સત્ય જેવો જ લાગે છે, બકુલ! કમ સે કમ, ભ્રમણામાં તો ભ્રમણામાં પણ મારા જીવનની વેલને એક ફૂલ તો ફૂટ્યું!' માલતી લાગણીભર્યા સ્વરે બોલી.

બકુલ ચૂપ થઈ ગયો.

માલતીની આંખોમાં આંસુ હતાં. થોડીવાર બન્ને કશુંય બોલ્યાં નહીં. પછી બકુલે માલતીને હૂંફભર્યા શબ્દો કહ્યા – 'તું તો જાણે છે, માલતી! આપણાં વનલતાભાભીનો સ્વભાવ!'

માલતીએ બકુલની સામે જોયું. તેની આંખોમાં પારાવાર વેદના હતી. બકુલ આગળ બોલ્યો – 'ભાભી હવે દીપુને ક્યારેય અહીં નહીં આવવા દે, માલતી! જે કંઈ બન્યું છે, એનાથી તો ભાભીનો રોષ આપણા પર, અનેકગણો વધી ગયો હશે...'

'ભાભી ભલેને, મારા દીપુને અહીં આવતાં રોકે! પણ દીપુ, એમ કોઈનો રોક્યો રોકાય એવો નથી! તું જોજે ને, બકુલ! એ જરૂર પાછો આવશે!' માલતીએ ફરી પાછી એ જ દલીલ કરી.

બકુલ પળવાર તેની સામે જોતો રહ્યો ને પછી બોલ્યો – 'એમ તારો દીપુ પાછો નહીં આવે, માલતી! ક્યારેય નહીં આવે! એ અહીંથી ગયો એ વાતને છ મહિના જેટલો સમય થઈ ગયો! આટલા સમયમાં એના

તરફથી કોઈ ખબર આવ્યા? એણે તને એક્કેય વખત ફોન કર્યો? જો એ ખરેખર, તારી પાસે આવવાનો હોય તો આટલાં સમયમાં, ક્યારનોય આવી ગયો હોય! પણ વાસ્તવિકતા એ છે કે, એ તને હવે ભૂલી ગયો છે! ને બહેતર એ જ રહેશે કે, તું પણ એને ભૂલી જા! હા, માલતી! ભૂલી જા, તું પણ તારા દીપુને! એમાં જ તારી ભલાઈ છે...'

'એની કોઈ મજબૂરી હશે, બકુલ! નહીંતર, મારો દીપુ, ગમે તેવાં બંધનો તોડીને પણ મારી પાસે આવી જ જાય...' માલતીએ પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે દીપુનો બચાવ કરતાં કહ્યું.

બકુલનો રોષ હવે ભભૂકી ઉઠ્યો – 'શું આમ, 'મારો દીપુ', 'મારો દીપુ'ની રટ લગાવી છે! તું સાવ ખોટી જ, તેની પાછળ પાગલ થઈ ગઈ છે! ભૂલી જા, એને! ને મારું માન તો હવે પછી ફરીવાર ક્યારેય કોઈ પારકા બાળક પર આ રીતે તારી લાગણી ના વહાવજે, માલતી! ફરીવાર ક્યારેય આમ, પાગલ ના બનજે, કોઈનાં બાળક પાછળ! સાચું કહું તો આ રીતે તારા પ્રેમનો, તારા વાત્સલ્યભાવનો, તમાશો થતાં હું નથી જોઈ શકતો, માલતી! જો, બીજીવાર તું આવું કરીશ તો આપણી જિંદગી, ઝેર બની જશે...'

'હા, ઝેર તો પીવાનાં જ છે, આપણે...! હસતાં-હસતાં કે, રડતાં-રડતાં! શું ફર્ક પડે છે?! ઝેર તો પીવાનાં જ છે...' માલતી એટલું બોલી ત્યાં તો તેનું હૈયું ભરાઈ આવ્યું. બકુલની છાતી પર માથું ઢાળીને તે ચોધાર આંસુએ રડી પડી.

• • •

દિન-પ્રતિ-દિન માલતીની અસ્વસ્થતા વધતી જતી હતી. ઘણી બધી રીતે તેણે અને બકુલે, દીપુની શોધખોળ તો કરી પણ આખરે નિરાશા જ સાંપડી! મોટાભાઈ પણ ભાભીના ડરને લીધે દીપુનો પત્તો આપવાનો સાફ ઈન્કાર કરતા હતા. ભાભીએ દીપુને ક્યાં મોકલી દીધો? એ વાતની, કોઈને કશીય ખબર ના પડી તે ના જ પડી!

એક સવારે કામ કરતાં-કરતાં જ માલતી, ફર્શ પર ઢળી પડી અને બેહોશ થઈ ગઈ...

બકુલે તરત જ ડૉક્ટરને બોલાવ્યા. તેમણે ચેકઅપ કરીને ઈન્જેક્ષન આપ્યું અને માલતી પાછી હોશમાં આવે પછી કોઈ નિર્ણય થઈ શકે એમ કહીને રજા લીધી.

બકુલની ચિંતાનો કોઈ પાર ન રહ્યો. માલતીના હોશમાં આવવાની રાહ જોતો, તે ત્યાં જ બેઠો હતો. તેના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા – 'દુઃખો જ્યારે આવે છે, ત્યારે એકસામટાં જ કેમ આવે છે?! ને સુખનો સમયગાળો હંમેશા ટૂંકો જ કેમ હોય છે, જિંદગીમાં?! માંડ કરીને માલતીને દીપુના બહાને માતૃત્વની લાગણી વહાવવાનો અમૂલ્ય અવર મળ્યો હતો ત્યાં...

બાઈક અપાવવાની માલતીની જિદ્દ! એક્સિડેન્ટ! ભાભીની નારાજગી! દીપુનું ચાલ્યા જવું! ને આખરે એના વિરહમાં માલતીની આ દુર્દશા...

બકુલ, બધી જ ઘટનાઓને, સાક્ષીભાવે જોતો જોતો, વ્યથિત થઈ રહ્યો હતો. સંજોગોનાં પરબીડિયાં ખૂલતાં જતાં હતાં અને એમાંથી આ બધાં દુઃખોની ટપાલ નીકળતી આવતી હતી! બધી જ ટપાલ જાણે એક બકુલનાં જ ઘરનું સરનામું દેખી ગઈ હતી!

આખરે બે કલાક બાદ, અચાનક માલતીએ આંખો પટપટાવી. તેના હોઠ ફરક્યા – 'દીપુ! દીપુ!' તરત જ, માલતીનો હાથ, પોતાના હાથમાં લઈ લેતાં કહ્યું – 'હા, બોલ, માલતી! બોલ!'

'મારો દીપુ ક્યાં છે?' માલતીએ આંખો પટપટાવતાં સવાલ કર્યો.

તેના કપાળ પર હથેળી મૂકતાં, બકુલે કહ્યું – 'તું દીપુની ચિંતા ના કર, અત્યારે તારી તબિયત સંભાળ!'

'પણ મારા દીપુને બોલાવી દોને!' માલતીએ બકુલની સામે આજીજીભર્યા સ્વરે કહ્યું.

'દીપુ આવી જશે! પહેલાં તો તું તારી તબિયત સંભાળ...' બકુલે, તેની આંખોમાં આંખો પરોવતાં કહ્યું.

માલતી ઘડીભર છત તરફ નજર માંડીને જોઈ રહી. જાણે તે બકુલને ઓળખતી જ ન હોય તેમ, ફરી પાછું તેની સામે જોઈને બોલવા લાગી – 'તમે ઝટ દીપુને

લઈ આવોને! જાવ.. જાવ... પેલી ડાકણ, નહીંતર એને ખાઈ જશે! જાવ, ઝટ! લઈ આવો મારા દીપુને!'

બકુલને માલતીની આ વાતો અને આ પ્રકારનું વર્તન જરા વિચિત્ર લાગ્યાં. તે માલતીનાં બન્ને ખભા પર હાથ રાખતાં બોલ્યો – 'માલતી! માલતી! તું આ શું બોલી રહી છે?! દીપુ તો ભાભી સાથે ગયો છે! એની મા સાથે!'

'મા?! કોણ મા?! મા તો હું છું! હા, હા, હું છું, મા!' માલતી એટલું બોલીને મોટેથી હસવા લાગી. પથારીમાંથી ઊભી થઈને, એ જ વાક્ય, વારંવાર દોહરાવવા લાગી. બકુલે, તેને પથારીમાં બેસાડવાનો પ્રયત્ન કર્યો પણ તે માની નહીં.

તે તો રૂમમાં આમથી તેમ, આંટા મારવા લાગી. તાળીઓ પાડતી, મોટેથી બોલવા લાગી – 'હું, મા છું, હો! મા...'

ફરી પાછી મોટેથી હસતી જાય, ચિચિયારીઓ અને તાળીઓ પાડતી જાય! ને એ જ વાત, બોલતી જાય... 'હું, મા છું! મા...'

બકુલ તો આ બધું જોઈને ઘડીભર તો આભો જ બની ગયો! તે માલતીની પાછળ જઈને, તેને કહેવા લાગ્યો – 'હોશમાં આવ, માલતી! આ તું શું બોલે છે?! શું કરે છે આ બધું?!'

માલતી તો પોતાની ધૂનમાં જ હતી! બકુલની વાત તરફ એણે જરાય ધ્યાન ન આપ્યું. તેનું એનું એ જ પ્રકારનું વર્તન ચાલુ રહ્યું એટલે બકુલની ચિંતા અને અસમંજસ વધી ગયાં. તરત જ, તેણે ફોન કરીને ડૉક્ટરને બોલાવ્યા.

થોડીવારે ડૉક્ટર આવ્યા. માલતી, તરત જ ડૉક્ટરને વળગી પડતાં કહેવા લાગી – 'તમે, મારા દીપુને ક્યાંય જોયો! તમે તો લાવી દો, મારા દીપુને!'

'હા, હા, હું જરૂર તમારા દીપુને લાવી દઈશ, હો! પણ પહેલાં તમે શાંતિથી પલંગ પર બેસી જાવ...' ડૉક્ટરે કહ્યું.

ડૉક્ટરની વાત સાંભળીને માલતી, તાળીઓ વગાડવા લાગી. રાજી થઈને તે પલંગ પર બેસી ગઈ. ડૉક્ટર, તેને ઈન્જેક્ષન લગાવાની તૌરી કરવા લાગ્યા. એ જોઈને માલતી ચમકી ગઈ. ચીસ પાડતી, તે ફરીથી પલંગ પરથી ઊભી થઈ જતાં બોલી – 'કોને સોઈ લગાવવી છે?!'

'તમને નહીં હો! તમે બેસી જાવ, નિરાંતે!' ડૉક્ટરે ફોસલાવતાં હોય તેમ કહ્યું.

'તો પેલી ડાકણને સોઈ મારજો હો!' માલતીએ કહ્યું.

'હા, હા, એ ડાકણને જ સોઈ લગાવવી છે!' ડૉક્ટર બોલ્યા.

માલતી રાજી થઈને તાળીઓ વગાડતાં, બોલવા લાગી – 'હા, હા, એ ડાકણને સોઈ મારો! મોટ્ટી બધી સોઈ મારજો એને! સાલ્લી, મારા દીપુને લઈ ગઈ છે! એને સોઈ મારી જ દો, હેહેહે!'

બકુલ એકીનજરે આ બધું જોઈ રહ્યો હતો. ડૉક્ટરે, તેને ઈશારો કરીને સમજાવ્યું કે, હવે માલતીને ઈન્જેક્ષન લગાવવાનું છે.

માલતી પલંગ પર બેસી તો ગઈ હતી પણ જેવી ઈન્જેક્ષન લગાવાની ઘડી આવી કે, તરત જ તેને ખબર પડી ગઈ! ફરી પાછી, તે ચીસાચીસ કરવા લાગી.

બકુલ, તેને ફોસલાવવા લાગ્યો. ડૉક્ટર પણ વાતો કરી-કરીને તેનું ધ્યાન બીજે પરોવવા મથતા હતા પણ બધું જ વ્યર્થ! માલતી તો આમથી તેમ દોડાદોડ, ચીસાચીસ ને એક જ વાત કહ્યે જતી હતી – 'ડાકણને ઈન્જેક્ષન મારો! એ મારા દીપુને લઈ ગઈ છે!'

બકુલ થાક્યો. તેનાથી માલતીની આવી દશા જોવાતી નહોતી. તેનું મન ભાંગવા લાગ્યું હતું. તે એક ખૂણામાં ચૂપચાપ ઊભો રહી ગયો.

આખરે અરધા કલાક પછી માલતી આપમેળે શાંત થઈને પલંગ પર બેઠી કે, તરત જ ડૉક્ટરે તેને ઈન્જેક્ષન લગાવી દીધું. થોડીવારમાં તેને ઘેન ચડી ગયું.

(ક્રમશઃ)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર,
જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)

# કન્યાવિદાયના લોકગીતમાં વ્યક્ત થતી મનોદશા

ભીખાભાઈ પટેલ

**આ દશ આ દશ પીપળો**

આ દશ આ દશ પીપળો, આ દશ દાદાનાં ખેતર
દાદા... ભાઈ વળામણે, બહેની ડાહ્યાં થઈ રહેજો
હૈડે તે સાંકળ જડી લેજો, મનડાં વાળીને રે'જો
સસરાનો સરડક ઘૂમટો, સાસુને પાયે તે પડજો.
જેઠ દેખી ઝીણાં બોલજો, જેઠાણી વાદ મા વદજો
નાનો દેરીડો લાડકો, તેનાં હસ્યાં રે ખમજો
નાની નણંદ જાશે સાસરે, તેનાં માથાં રે ગૂંથજો
માથાં ગૂંથી સેંથા પૂરજો, બહેનને સાસરે વળાવજો.
શેરી વળામણ બાની સૈયરું, બહેની ડાહ્યાંથી રે'જો.
ઝાંપા વળામણ બાની માતાજી, બહેની ડાહ્યાં થૈ રે'જો.

દાદા આંગણ આંબલો, આંબલો ઘેર ગંભીર જો.
એક તે પાન મેં ચૂંટિયું, દાદા ગાળ ન દેજો જો.
અમે રે લીલા વનની ચરકલડી, ઊડી જાશું પરદેશ જો.
દાદાને વહાલા દીકરા, અમને દીધાં પરદેશ જો.

('ગુજરાતનાં લોકગીતો' : સંપાદક - ખોડીદાસ પરમાર, પૃષ્ઠ : ૩૩-૩૪)

પરંપરાગત લગ્નપ્રસંગો પૈકી ખાસ તો ગામડામાં, અલગ અલગ પ્રસંગો પણ આવે છે. આપણા જમાના કરતાં થોડાક આગળના એટલે કે પહેલાંના વખતમાં લગ્નપ્રસંગે જે જુદા જુદા પ્રસંગો ઉજવાતા તે લગ્નનાં લોકગીતો વડે વિશેષ રૂડા બની રહેતા. લગ્નનું મંગળ વાતાવરણ રચવામાં આ ગીતોની મોટી ભૂમિકા રહેતી. આજે પણ ગામડામાં એ પ્રસંગો તો ઉજવાય-પળાય છે. પણ એમાં લગ્નનાં લોકગીતોનું મહત્ત્વ ઘટતું ચાલ્યું હોવાથી મંગળ વાતાવરણ પહેલાંના જેવું તો નથી જ બનતું.

વિધિ મુજબ પ્રસંગો આવે. ગણેશ સ્થાપન, ફુલેકું, જાનનું સ્વાગત, પરણપ્રસંગ ને છેલ્લે કન્યાવિદાય. આ પ્રસંગોએ શોભતાં લગ્નનાં લોકગીતો લોકગીતનું ઉત્તમાંગ ગણાયાં છે. એમાંયે વિશેષ ભાવવાહી તો કન્યાવિદાયનાં ગીતો છે. લગ્નનો આ અંતિમ પ્રસંગ. જ્યારે કન્યાને પિયર છોડવાની ઘડી આવે છે. જ્યાં ઊપજ્યાં, ઊછર્યાં તે પિયર તો છોડ્યું કેમનું છૂટે ? પિયર છોડવાનું સહ્ય બનાવવા ને સાસરવાસાને પણ સહ્ય બનાવવા દીકરીને મનથી તૈયાર કરવામાં કન્યાવિદાયના અંતિમ પ્રસંગે ગવાતાં ગીતોની ભૂમિકાનું મૂલ્ય જેટલું આંકીએ એટલું ઓછું લાગે. કન્યાવિદાયનો પ્રસંગ માત્ર મંગલ નહિ, કરુણમંગલ પ્રસંગ બની રહે છે, એમાં તેનાં ગીતોની ભૂમિકા ઘણી જ છે.

પ્રસ્તુત ગીત 'આ દશ આ દશ પીપળો' કન્યાવિદાયનું અત્યંત મહત્ત્વનું ગીત છે. ગુજરાતના અલગ અલગ ભાગોમાં થોડાં પાઠાંતરો સાથે એ મળવાનું જ.

લોકગીતો હોય છે જ પ્રસંગાવલંબી. પ્રસંગ વગરનું લોકગીત એટલું જામે નહિ, એટલું અસરકારક બને નહિ. પ્રસંગને અવલંબીને ગવાય ત્યારે એ વાતાવરણને કરુણ બનાવી દે છે. પોતીકાં જ નહિ, પારકાને પણ રડાવી દે. કેમ કે કન્યાવિદાયનું આ ગીત કોઈ એક દીકરીના પ્રસંગને અવલંબીને નથી. બધી દીકરીઓને માટે છે, કહો કે એ સાર્વત્રિક બની રહે છે. એટલે આ પ્રસંગે દીકરી અમુકની દીકરી નહિ, માત્ર 'દીકરી' તરીકે દેખાય છે.

લગ્નનાં લોકગીતોનો ઉદ્ભવસમય તો મધ્યકાળ. સામંતી સંસ્કારોની પ્રબલતાનો સમય. 'દીકરી વહાલનો દરિયો' એ સમાજમાં નહોતી એવું નહોતું. સવાલ હતો, માબાપને માટે, સમાજને માટે કે પંડની દીકરીને, પોતાના જ અસ્તિત્વના એક ભાગને, અલગ કરવાની અનહોની ઘટનાને હોની કેવી રીતે કરવી ? એટલે એક પ્રસંગ રચાયો. કન્યાવિદાયનો. એક બે જણની છાતી ચાલે નહિ તેથી કુટુંબ, ફળિયું, સગાવહાલાં બધાં થઈને દીકરીને સાસરે વળાવે. ને રડતી દીકરીને સાંત્વન અને પારકાંને પોતાનાં કરી, કેવી રીતે રહેતાં શીખી લેવું તે માટેની શિખામણ આપે. આ ગીતમાં એવી શિખામણ પણ છે ને સાન્ત્વન પણ.

કન્યાવિદાયના પ્રસંગે કન્યા-દીકરી તો કશું જ બોલતી નથી. બોલી શકતી . એના મનની સ્થિતિની અભિવ્યક્તિ તો રુદન દ્વારા થાય છે. પિયરનાં સ્વજનો તો બોલી શકે. ક્યારેક તો દીકરીનું રડ્યું સહન ન થાય એટલે પોતે પણ રડે, પણ રડતાં રડતાં બોલે ખરાં. પરંતુ દીકરીના મનની સ્થિતિ અને સ્વજનોનું દીકરીને સાંત્વન અને તેમની શિખામણ આ બધાની ભેગી અભિવ્યક્તિ વિશેષ ભાવવાહિતાથી કન્યાવિદાયના પ્રસ્તુત ગીતમાં થાય છે. ગીત વાતાવરણને કરુણતાથી ભરી દે છે જરૂર, પણ એ કન્યાવિદાયના પ્રસંગની વ્યથાને કન્યાની પણ પરણીને પારકાં થયાની વ્યથાને સહ્ય બનાવવામાં અક્સીર ભાગ ભજવે છે.

પ્રસ્તુત ગીત બે ભાગમાં વિભાજિત છે. પહેલા મોટાભાગમાં વળાવવા આવેલાં સ્વજનો સાસરવાસણી કન્યાને સાસરે કઈ રીતે રહેવું તે માટેની શિખામણ આપે છે. દાદા, ભાઈ, દાદી, બા અને બીજાં પણ.

ગીતની પહેલી પંક્તિ અમૂલખ છે. એક જ પંક્તિમાં લોકકવિ કન્યાના પિયર પ્રદેશને કન્યાની નજરે આંકી દે છે. જાણે કે આંસુભરી આંખે દીકરી એક દિશામાં પીપળો જુએ છે, બીજી દિશાએ પણ પીપળો જુએ છે, તો ત્રીજી દિશામાં દાદાનાં ખેતરો જોઈ રહે છે. કૃષિ પર અવલંબેલા ગ્રામસમાજનું ચિત્ર પણ અહીં અંકાઈ રહે છે.

સવાલ થાય કે દાદાનાં ખેતર જ કેમ ? ‘દાદા’ શબ્દ કુટુંબની સ્થિતિ દર્શાવે છે. ત્યારે સંયુક્ત કુટુમ્બનો જમાનો હતો. ત્રણ પેઢી એક સાથે એક ઘરમાં વસતી. દાદા, પિતા અને તેમનાં સંતાનો. એ રીતે ત્રણ પેઢી થઈ. કેવું ભર્યુંભાદર્યું કુટુંબ લાગે ? એમાંથી એક જણ પોતીકું મટીને એકદમ પરાયું બની જાય એ કેવું લાગે? પરાયા બનવાની ઘડી કેવી લાગે ? આમ, દાદાનો ઉલ્લેખ સંયુક્ત કુટુંબને ચીંધે છે, તેથી ભર્યાભાદર્યા કુટુંબને પણ ચીંધે છે.

શિખામણનો સૂર ટૂંકમાં કહીએ તો દીકરીને સાસરે સાસરિયાંને તાબે થઈને રહેવું એવો છે. અત્યારના સમયમાં એ વસ્તુ વિચિત્ર જ નહિ, અન્યાયી પણ લાગે પણ તે જમાનામાં તો એ વાત સ્વાભાવિક હતી. ત્યારની એ વાસ્તવિકતા હતી.

કન્યાવિદાયના આ ગીતમાં શિખામણ સ્વજનો આપે છે પણ ગીતમાં આપે છે. પોતે બોલીને શિખામણ નથી આપતાં. ગીત જ બોલે છે. બીજા ભાગમાં જાણે શિખામણના આ વચનોના ઉત્તરમાં દીકરી માત્ર ચાર જ પંક્તિમાં બોલે છે તેમ એના વતી આ ગીત બોલે છે.

દીકરીને ડાહ્યાં થઈને રહેવું એટલે હૈયાને ભીડીને બંધ કરી દેવું ? હૈડે સાંકળ જડી લેવી? મન વાળીને રહેવું ? કહે છે : સસરાનો ઘૂમટો તાણજો, સાસુને પગે પડજો, જેઠના સાંભળતાં મોટેથી બોલતાં નહિ,

જેઠાણી સાથે જીભાજોડીમાં ઊતરશો નહિ, દિયરને લાડકો ગણજો, એનું હસ્યુંબોલ્યું ખમી લેજો, નણંદને પણ લાડેકોડે રાખજો. ટૂંકમાં તો એમ જ કે ડાહ્યાં થઈને રહેજો. અને આપણે સમજી શકીએ છીએ કે રડતાં રડતાં પણ દીકરી એ શિખામણોને માથે ચડાવતી. અહીં ગીતમાં દીકરીને બહુવચનમાં સંબોધી છે તે માનાર્થે નહિ, પણ લાડાર્થે બહુવચન પ્રયોજાયું છે. સ્વજનોનો પ્યાર-દુલાર તેમાંથી વ્યક્ત થાય છે.

કન્યાવિદાયના આ પ્રસંગે, ફટાણામાં, દીકરીને લઈ જનાર જમાઈની પણ ધોલાઈ તો થાય છે. ઈડર બાજુના એક ફટાણામાં જમાઈને પણ શિખામણ આપવામાં આવી છે. સંબોધન કર્યું છે - ‘છેનાળના છોરા’. જુઓ :

‘‘સાંભળ રે છેનાળના છોરા, શિખામણો દઉં છું;
વાસીદાંનાં ટોપલાં તારી માડીને સૂંપજે ;
રાંધ્યાની રસોઈઓ મારાં જીવીબૂનને સૂંપજે ;
તારી માડી બોલાવે બોલ કાનેતળિયે કાડજે ;
મારાં જીવીબઈ બોલાવે બોલ વેંણી વેંણી લેજે.’’

અહીં જમાઈને તુરછકારાર્થે એકવચનમાં અને જીવીબેનને લાડાર્થે બહુવચનમાં સંબોધ્યા છે તેથી હાસ્ય પેદા થાય છે. રડતી કન્યાના ચહેરા પર પણ હાસ્ય ફરી વળે છે. દીકરી અને જમાઈ બંને પર વહાલ ઢોળવાની આ પણ એક રીત છે તે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ. આ પંક્તિઓ પરથી એ પણ છતું થાય છે કે સાસરવાસો દીકરીને ભાગે ‘રાંધ્યાની રસોઈઓ’ ઉપરાંત ‘વાસીદાંનાં ટોપલાં’ ઉપાડવાનાં પણ આવવાનાં જ છે.

હવે ઉક્ત શિખામણો સામે સાસરે જઈ રહેલી દીકરીના બોલ ગીતમાં સાંભળીએ. આ પંક્તિઓ એક ગામની જ નહિ, દેશની જ નહિ, આખી દુનિયાની દીકરીઓ તરફથી જાણે કે આવે છે.

દાદાના આંગણામાં ડાળેપાંદડે ખીલીને ખૂબ જ ઘમઘોટ આંબલો છે. એનું એક જ પાન ચૂંટ્યું તેની જાણે કે વિદાય થતી દીકરી માફી માંગી લે છે કે દાદા એક જ પાન ચૂંટ્યું છે, આટલાં બધાંમાંથી. મને ગાળ ન દેતા. આટલા બધા વિશાળ ઘટાદાર આંબાના આટલાં બધાં પાન તરત જ જાણે પરાયાં થઈ ગયાં ! જાણે વહાલી દીકરીને હવે તેનું એક પણ પાન ચૂંટવાનો હક નથી રહેતો. માધવ રામાનુજની આ પંક્તિઓ, આ સાથે યાદ આવે છે –

'દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણેરું તોડ્યું રે પાન,
પરદેશી પંખીના ઊડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન.'

તો આમ દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણું પાન પ્રતીક બની રહે છે.

ઈડર બાજુ આ ગીત આમ ઊપડે છે :
'દાદાના આંગણ વેલડી વેલડી ઘેર ઘમીર;
એક જ પાંદડું ચૂંટિયું, દાદા ગાળ ના દેજો.'
અહીં પણ પાંદડું ચૂંટવાની વાત તો વણાઈ છે.

મને લાગે છે, કન્યાવિદાયનાં બે ગીતોને અહીં એક ગીતમાં ભેગાં કરેલાં છે. એક ગીત શિખામણનું ને બીજું દીકરીના બોલનું. વિદાય લેતી દીકરી પોતાની ઓળખાણ દાદાને 'લીલા વનની ચરકલડી' તરીકે આપે છે. જે એક ડાળેથી ઊડીને થોડી વારમાં તો પરદેશ ઊડી જવાની છે. સાસરાને માટે 'પરદેશ' શબ્દ ઘણું ઘણું કહી જાય છે. અને અંતે દીકરીએ કહી છે વાસ્તવિકતા - 'દાદાને વહાલા દીકરા, અમને દીધાં પરદેશ જો.' એમાંથી દીકરીની વ્યથા પણ કેટલી પ્રગટ થાય છે ! લાગે છે કન્યાવિદાયનું આ ગીત થોડા થોડા પાઠાન્તર સાથે ગુજરાતના અનેક પ્રદેશમાં હશે. કદાચ અત્યારે પણ હશે. જો અત્યારે જ એને શોધીને સાચવી લેવામાં નહિ આવે તો પછી એ કાયમને માટે લુપ્ત થઈ જશે.

અનેક પંક્તિઓ નવી પણ મળી આવવા સંભવ છે. જે લોકગીતની અભિવ્યક્તિ-ધારીને સમજવામાં મદદરૂપ બની રહેશે. આપણા કુટુંબ અને સમાજજીવનને સમજવાની ચાવી તેમાંથી મળી શકે તેમ છે. કાવ્યત્વની દૃષ્ટિએ તો એનું મહત્ત્વ છે જ.

(નવા કલ્લેકા, પૉ.ચિબોડા,તા.ભિલોડા, જિ.સાબરકાંઠા,
પીન : ૩૮૩૨૪૫ મો.૯૪૨૮૨૭૩૭૨૩)

*// વિદ્યાવૃત્ત //*

## ચારુતર વિદ્યામંડળની પેટલીકર વ્યાખ્યાનમાળા

ચારુતર વિદ્યામંડળ પ્રેરિત ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા અંતર્ગત ચેરમેન ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ. એસ.એમ. પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર સર્જક હર્ષદ ત્રિવેદીનું 'પેટલીકરના સાહિત્યમાં વ્યક્ત થતી સામાજિકતા' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

આરંભે નલિની કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.એન. ગઢવીએ મહેમાનોનો પરિચય આપી સૌને આવકાર્યા હતા. હર્ષદ ત્રિવેદીએ સમાજધર્મી સર્જક પેટલીકરના સર્જન વિશે વાત કરતાં કહ્યું હતું કે 'પેટલીકર કોઠાસૂઝ ધરાવનાર સર્જક હતા, તેમને લેખક થવાનો ધખારો નહોતો પણ સામાજિક પ્રશ્નોને વાચા આપવા કલમ ગ્રહી હતી.' ઈશ્વર પેટલીકરની ખૂબ જ લોકપ્રિય કૃત 'જનમટીપ'ને કેન્દ્રમાં રાખી પેટલીકરની સામાજિક નિસબત ચર્ચી હતી. ચંદાની હિંમત, ખુમારી અને આત્મસમ્માનની સદૃષ્ટાંત વાત કરતાં કહ્યું હતું કે 'પેટલીકરનાં નારીપાત્રો સ્ત્રીસશક્તિકરણનાં દ્યોતક છે.'

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલે વ્યાખ્યાનમાળાનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે ચારુતર વિદ્યામંડળ અને વિદ્યાધામના વિકાસમાં પેટલીકરે આપેલા યોગદાન બદલ ઋણ અદા કરવા અને પેટલીકરના સાહિત્યને લોકો સુધી પહોંચાડવા આ વ્યાખ્યાનમાળા પ્રતિવર્ષ યોજાય છે. આ જ્ઞાનપર્વમાં ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી શ્રી વી.એમ. પટેલ, શ્રી એમ.જે. પટેલ અને ડૉ. એસ.જી. પટેલ તેમજ ડૉ. સુમન શાહ, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ, ડૉ. જયેન્દ્ર શેખડીવાળા, સેરલિપના નિયામક પ્રો. હરિ દેસાઈ, એચ.એમ. પટેલ ઈંગ્લિશ ઈન્સ્ટિટ્યૂટના પ્રિ. રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રિ. રિતેશભાઈ કક્કડ, ડૉ. ફુલસિંહ ચૌહાણ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. સિલાસ પટેલિયાએ કર્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં સાહિત્યપ્રેમીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.



## ભાઈકાકા - એક ઈજનેર

**આર.સી. દેસાઈ**

વલ્લભ વિદ્યાનગરની સ્થાપનાની કહાણી અનોખી અને અદ્‌ભુત છે. ભારતના ભવિષ્યને ઝાંખતા, અજોડ દેશભકત અને ભારતની ભૌગોલિક એકતાના સર્જક સરદાર સાહેબે એક સિવિલ ઈજનેરના કાનમાં ગ્રામોદ્ધારનો મંત્ર ફૂંકયો અને આ મનસ્વી પુરુષે અખંડ પુરુષાર્થથી, લોકસંપર્ક અને સહકાર મેળવી ગુજરાતના હાર્દસમા ચરોતર પ્રદેશમાં વિદ્યાનગરની સ્થાપના કરી. વિધાનગરના વિશ્વકર્મા ભાઈલાલભાઈ પટેલ સમગ્ર ગુજરાતમાં ભાઈકાકાના હુલામણા નામે ઓળખાયા. તેમના શરૂઆતના સાથીઓ આજીવન કેળવણીકાર અને જીવનપર્યંત અડીખમ સાથી ભીખાભાઈ સાહેબ, હરિવલ્લભદાસ શેઠ, પછી નટવરલાલ દવે અને હીરાલાલ દેસાઈ, આ જ્ઞાનયજ્ઞમાં અગ્નિહોત્રી તરીકે જોડાયા. ભાઈકાકાની નિવૃત્તિ બાદ બહોશ સનદ અધિકારી અને સાહેબરૂપે સેવક એચ.એમ. પટેલે ચારુતર વિદ્યામંડળના આમ્રવૃક્ષનું વર્ધન કર્યું. તેમના ઉત્તરાધિકારી સી.એલ. પટેલે તો વિદ્યાનગરનું વિશાળ વિદ્યાધામ તરીકે અકલ્પનીય વિસ્તરણ કરી, વિદ્યાનગરને ગુજરાતના એક બેનમૂન શિક્ષણધામ તરીકે સ્થાપિત કર્યુ છે. પરંતુ મારે તો ભાઈકાકાની ૧૨૫મી જન્મ જયંતીના વર્ષમાં, જેમના વ્યકિતત્વ વિશે સ્વ. એચ. એમ.પટેલે “વીર, સત્ય અને રસિક ટેકીપણું અરિપણ ગાશે દિલથી” નર્મદની પંકિત ટાંકી છે, તે બહુવિધ ક્ષેત્રે પારંગત ભાઈકાકા વિષે, તેમણે ઈજનેરી ક્ષેત્રે પ્રદર્શિત કરેલ દક્ષતા, અને પારમિતા વિષે ટૂંકમાં આ લેખમાં માહિતી આપવાનો પ્રયત્ન કરવો છે.

પૂણેની એન્જિનિયરિંગ કોલેજમાંથી ત્રીજે નંબરે પાસ થઈ યુવાન ભાઈલાલભાઈ, વડોદરા રાજયની શિષ્યવૃત્તિ મેળવી અભ્યાસ કર્યો હોવાથી, ગાયકવાડની નોકરીમાં સુપરવાઈઝર તરીકે મહેસાણા મુકાયા. શરૂઆતમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયરની ઓફિસમાં તેમણે સહાયક તરીકે કામ શરૂ કર્યું. એમની કામ કરવાની પદ્ધતિ, દરેક ફાઈલ અને કેસની વિગતો પૂરેપૂરી વાંચી તેનો તાત્કાલિક નિકાલ કરવાની અને પૂર્ણ આત્મવિશ્વાસ સાથે, જરૂર પડે કામના એસ્ટિમેટ તૈયાર કરવાની હતી. તેથી એક્ઝિક્યુટિવ એન્જિનિયરનો તેમના ઉપર વિશ્વાસ બેઠો.

તે અરસામાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ એક અઠવાડિયા માટે મહેસાણા આવ્યા. તેમણે મહેસાણા જિલ્લામાં બાંધવાના છ બંગલાના પ્લાન એસ્ટિમેટ બનાવી આપવા હુકમ કર્યો. આ આદેશથી સુપ્રિન્ડેન્ટીંગ અને એક્ઝિક્યુટિવ એન્જિનિયર મુંઝાયા કારણ કે આ કામ માટે સબ ડિવિઝનલ ઓફિસરે બે મહિનાની મુદત માગી. ભાઈલાલભાઈએ હિંમતપૂર્વક તે કામ સમયસર પૂરું કરવાની જવાબદારી સ્વીકારી અને ચાર દિવસમાં પૂરી કરી. આમ થવાથી મહારાજા ખુશ થયા.

આથી સુપ્રિન્ડેન્ટ એન્જિનિયર આકોલકરે આ કામ પૂરું કરવા બદલ ભાઈલાલભાઈને અભિનંદન આપ્યા અને સલાહ આપી કે ગાયકવાડના રાજયમાં તમારી કાર્યદક્ષતાની કદર નહીં થાય માટે રાજીનામું આપી, અંગ્રેજોના હસ્તકના જાહેર બાંધકામ ખાતામાં જોડાવ. ત્યાં તમારી કદર થશે. આ સાચી સલાહ માનીને, ભાઈલાલભાઈ બ્રિટિશ રાજયના માર્ગ અને મકાન વિભાગમાં, ધુલિયા ડિવિઝનમાં જોડાયા.

ત્યાં તેમના સ્વભાવ પ્રમાણે દરેક પ્રશ્નનો તલસ્પર્શી અભ્યાસ કરી ત્વરિત નિકાલ કરવા માંડયો. ઓફિસમાં ભેગી થએલી ફાઈલોનો નિકાલ કર્યો, પછી સબ ડિવિઝનના ઘણા વખતથી બાકી રહેલા એસ્ટિમેટ અને બીજી જરૂરી કાર્યવાહી પુરી કરી. આમ પ્રવૃત્તિશીલ આ યુવાન ઈજનેરને કામ પૂરું પાડવાનો પ્રશ્ન ઊભો

થયો. સંજોગોવશાત્ એક સબ ડિવિઝન ઓફિસર નિવૃત થવાના હતા, તેથી આ નવાસવા ઈજનેરને નસીબે જવાબદારી ભરેલો ચાર્જ લેવાનું આવ્યું. સતત પરમ કાર્યદક્ષતાથી કામ કરતા ભાઈલાલભાઈની કારકિર્દીમાં સતત ઉન્નતિની સાથે સાથે ખાનગી રિપોર્ટમાં પ્રથમ વર્ગ મળવા માંડયો.

ઉત્તરોત્તર સતત પરિશ્રમ, યોગ્ય સમયે જરૂરી સાવધાની અને ક્રિયાશીલતા, આત્મવિશ્વાસપૂર્વક કોઈપણ મુશ્કેલ કામમાં ઝુકાવવું અને તેને ત્વરિત પૂર્ણ કરવું, આ યુવાન ભાઈલાલભાઈના ઈજનેર તરીકેના લક્ષણો હતાં. કોન્ટ્રાકટરને, મહિનામાં બે વખત તેમના બીલની સમયસર અને કોઈપણ જાતના હપ્તા આપ્યા વગર ચૂકવણીને પરિણામે, તેમના ડિવિઝનમાં ઓછાભાવે સારું કામ થતું રહ્યું. સરકારની આવક વધે તથા ખર્ચ ઘટે એવી વ્યવસ્થા તેઓ કરતા રહ્યા, પરિણામે આખા રાજયમાં ચીફ એન્જિનિયર સુધી તેમની પ્રતિષ્ઠા પ્રસ્થાપિત થઈ.

ખાતાકીય ઈર્ષ્યા અને અધિકારીઓની કાનભંભેરણીથી તેમને કડક અધિકારીના હાથ નીચે મૂકી શિક્ષા કરવાના પ્રયત્નો પણ થતા રહ્યા. ઉદાહરણ તરીકે ભાઈલાલભાઈએ અન્યાય સામે અવાજ ઉઠાવ્યો એટલે તેમને ધુલિયા સબ ડિવિઝનમાં આયંગર નામના બહુ કડક આસિસ્ટન્ટ ઈજનેર ના હાથ નીચે નીમવામાં આવ્યા. આયંગરે ભાઈલાલભાઈને, ઘણા વખતથી કામ નહીં કરતા, ધુલિયા મ્યુનિસિપાલિટીના વોટર વર્કસને દુરસ્ત કરવાનું કામ સોપ્યું. આવા કામનો અનુભવ ન હોવા છતાં જરા પણ ડગ્યા વિના તેમણે ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરીને પાઈપલાઈનના વર્ષોથી બંધ સ્કાઉરીંગ વાલ્વ ખોલી નાખ્યા અને ફિલ્ટર બેડની રેતી ધોઈને ફરીથી બેડ ગોઠવી, જેથી સ્વચ્છ પાણીનો જોશભેર પ્રવાહ શરૂ થયો. ત્યારબાદ સ્થાનિક સેશન્સ જજના બંગલામાં મૂકેલી પવનચકકી ચાલુ કરે એટલે તરત જ ઉપરથી એક ચકકર તૂટતું હતું, તે દુરસ્ત કરવાનું કામ સોપ્યું. પંચાવન ફૂટથી વધારે ઉંચાઈએ આવેલ તેના પંખા ઉપર જાતે ચઢી તપાસ કરી ભાઈલાલભાઈએ નજીવી કિંમતનો એક ચેક નટ નાંખી પવનચક્કીને ફરતી કરી દીધી. વધુમાં તાપી નદી પર બાંધવાના પુલના પાયા માટે જરૂરી બોરિંગ કરવામાં ખાતું નિષ્ફળ રહ્યું હતું. તેનો ધીરજપૂર્વક બોરિંગ પાઈપને વધારે વખત ફેરવી ઉકેલ આણ્યો, એટલે આયંગર ખુશ ખુશ થઈ ગયા અને તેમની બઢતીમાં વચ્ચે આવતી આડખીલી દૂર કરવાનો ઉપાય બતાવ્યો.

એમની કાર્યદક્ષતા જોઈ તેમને આખા હિંદુસ્તાનમાં સૌથી ખરાબ રસ્તા માટે બદનામ યેવલા સબડિવિઝનમાં મુકવામાં આવ્યા. એ બસો માઈલના રસ્તાની વાર્ષિક દુરસ્તી, ભાઈલાલભાઈએ પોતાની લાક્ષણિક રીતે રસ્તામાં ગાબડા પડવાના કારણો શોધી, પાણી પહેલાં પાળ બાંધી, સરસ રીતે અને ઓછા ખર્ચમાં કરી. જેથી આખા ઈલાકામાં તેમનું કામ વખણાયું અને તેમને પ્રસિદ્ધિ મળી. સડકોની બાબતમાં તેમને મળેલી પ્રસિદ્ધિના પરિણામે તેમની માંગ વધી અને તેમને ખાસ બઢતીઓ મળી.

૧૯૨૨માં મુંબઈ સરકારે સિંધમાં સિંધુ નદી પર સક્કર બરાજની ૧૮ કરોડની યોજના ધારાસભામાં મંજૂર કરાવી. તે યોજના તે સમયે જગતની મોટામાં મોટી યોજના હતી. તેનું આયોજન સર્વાંગ સંપૂર્ણ રીતે કરાયું હતું જેથી યોજના મંજૂર થતાં જ દોઢ કલાકમાં કયા ઈજનેરને કયાં મુકવા તેના હુકમો ટપાલમાં પડી ગયા. એને આજની સ્થિતિ સાથે સરખાવીએ તો બહુ જ વિષમતાભર્યું ચિત્ર નજર સામે આવે છે. આજે તો અબજો રૂપિયાની યોજનાઓ થાય છે અને પ્રધાનો અને અધિકારીઓ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આદરે છે. મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં રૂા. ૭૦,૦૦૦ કરોડના ખર્ચે ઊભી કરાયેલી સિંચાઈ યોજના નિયમોનું પાલન કર્યા વગર બારોબાર પૂરી કરવામાં આવી અને તેને પરિણામે સિંચાઈની ક્ષમતા માત્ર ૦.૧% વધી છે.

ખેર, એમ કહેવાય છે કે સક્કર બરાજ જેવી ખૂબ જ મોટી યોજના ઝડપથી અને કરકસરથી પૂરી કરવામાં આવી. આ યોજનાનું કામ ૧૯૨૩માં ચાલુ થયું અને ૧૯૩૨માં તો ૫૦૦૧ ફૂટ લાંબો બંધ બંધાઈ રહયો. આ બંધ દ્વારા ૧ કરોડ એકર જમીનને સાત નહેર દ્વારા પાણી પૂરું પાડી શકાય તેવું આયોજન કરાયું. તેમાંની કેટલીક નહેરો તો સુએઝ નહેર કરતાં પણ વિશાળ છે. આ યોજનામાં ભાઈલાલભાઈની નિમણૂક શિકારપુર વેસ્ટર્ન હેડ ડિવિઝનમાં થઈ હતી.

શરૂઆતમાં સર્વે કરવાનું કામ હતું. સિંધુની જમણા કાંઠાની નહેરના પહેલા સોળ માઈલનું કામ તેમના

ચાર્જમાં હતું. ખર્ચમાં વધુમાં વધુ બચાવ થાય તે શોધવા પાંચ જુદી જુદી લાઈનની સર્વે કરી. ભાઈલાલભાઈએ નહેરની લાઈન પાંચ મહિનામાં જ નક્કી કરી લીધી. ૧૯૨૪માં જરૂરી એકસકેવેટર્સના માપ સાથે ઓર્ડર મુકાઈ ગયા.

આ મશીનોના ભાગો જુદા કરી શિપીંગ કરવામાં આવતું હતું. સાઈટ ઉપર મશીનોને જોડવાનું કામ કરવાનું હતું. જે કામને લાયક માણસ હોય તેને તે કામ સોંપવું એમ વિચારી ઊંટડા (ક્રેન) ઉપર કામ કરવા નવસારીથી બોલાવેલ ખારવાઓને તે કામ સોંપ્યું. યોગ્ય ગોઠવણી અને સુપરવિઝનની વ્યવસ્થા કરવાને લીધે માત્ર સાડા ત્રણ મહિનામાં ચારે મશીન તૈયાર થઈ ગયાં. બીજી જગ્યાએ ચાર મશીનને ઊભા કરતાં બે વર્ષ લાગ્યા હતા. આથી સરકારે સ્પેશિયલ જી.આર કરી બધા, ૫૦૦ થી ૬૦૦ માણસોને એક મહિનાનો પગાર બોનસ આપ્યો. હકીકતમાં ભાઈલાલભાઈનું સક્કર બરાજનું કામ એટલું મોટું હતું કે તે માટે એમણે અલગ પુસ્તક લખ્યું છે. આ લેખમાં એ બધી વાત સમાવવી શકય નથી.

પરંતુ એટલો ઉલ્લેખ તો કરવો જ પડશે કે કામ ઝડપથી થયું, પણ ખર્ચ ઘણો ઓછો થયો. સરકારે સ્પેશિયલ ઓડિટ ઓફિસર મુકયો. તેણે બધું તપાસીને અભિપ્રાય આપ્યો કે આ કામ કરવાની પદ્ધતિ એટલી સારી છે કે બીજી જગ્યાએ પણ આ પદ્ધતિ દાખલ કરો. અને એ પ્રમાણે કરવાથી રૂા. એક કરોડની બચત થઈ. ઉપરાંત કાર્યદક્ષતાની કદર રૂપે ભાઈલાલભાઈ ચૌદ વર્ષની નોકરીમાં બઢતી પામીને એકિઝકયુટિવ એન્જિનિયર થયા. ભાઈલાલભાઈની ફરજ નિષ્ઠા એટલી બધી હતી કે સિંધમાં પૂરની આફત વખતે, પોતાની પત્નીના મૃત્યુના સમાચાર જાણ્યા પછી પણ, ઘેર ન જતા ફરજ પર કાર્યરત રહ્યા આખું એ કામ પાર પાડ્યા પછી, ત્રણેક મહીના બાદ રજા ઉપર ઉતર્યા.

આ પ્રમાણે આપણે જોયું કે ભાઈલાલભાઈ એક કુશળ ઈજનેર હતા અને પુસ્તકોમાંથી શીખેલ હુન્નર ઉપરાંત કોઠાસુઝથી વિવિધ મુશ્કેલીનો ઈલાજ શોધી કાઢતા. વ્યવહારમાં એમની કોઠાસૂઝ ગજબ હતી અને ભવિષ્યમાં ઊભી થનાર મુશ્કેલીઓ નિવારવા પાણી પહેલાં પાળ બાંધવા સિંધના જમીનદારોને ફરિયાદ કરવાની તક આપતા નહીં. છ વરસમાં એમના વિભાગની બધી નહેરોના કામ એમણે પૂરા કરી દીધા હતા. આમ આ કુશળ ઈજનેરની કાર્યનિષ્ઠા, કોઠાસૂઝ અને કામની ઝડપને પરિણામે ચીફ એન્જિનિયર એમના ઉપર ખૂબ જ ખુશ થયા અને તેમને કાયમ એક્ઝિક્યુટિવ એન્જિનિયરના ચાર્જમાં મુકતા રહ્યા.

સિંધમાં બારમાસી નહેરો થઈ એટલે જૂના બળદગાડીના રસ્તા પાણીથી ભરાઈ ગયા અને માલ સામાનના વહન માટે ખાલી ઊંટ ઉપર આધાર રાખવો પડતો હતો. તેથી ૧૯૩૬માં સરકારે નકકી કર્યું કે નવા રસ્તા બનાવવા અને આ કામ કરનાર ઈજનેરને સુપ્રિન્ટેન્ટીંગ અન્જિનિયરનો પગાર આપવાનું નકકી કર્યું. આ કામ માટે હિંમતલાલ પરીખની સ્પેશિયલ રોડ એન્જિનિયર તરીકે અને ભાઈલાલભાઈની એક્ઝિક્યુટિવ એન્જિનિયર સ્પેશિયલ રોડ ડિવિઝન તરીકે હૈદ્રાબાદમાં નુમણૂક કરી.

તેમણે દસ હજાર માઈલના રસ્તાની યોજના કરી અને પૂરેપૂરા સર્વે કરી નકશા બનાવ્યા. સરકારે પણ ઝડપથી નકશા પ્રમાણે જમીન મેળવી કબજો સોંપ્યો. ત્રણ-સવાત્રણ વર્ષમાં આ કુશળ ઈજનેરોએ ત્રણ હજાર માઈલનું માટીકામ, નાના-મોટા પુલ, માઈલ સ્ટોન અને બસો માઈલના આસ્ફાલ્ટ રોડ પૂરા કર્યા. સરકારે ચીફ એન્જિનિયરની ભલામણથી ભાઈલાલભાઈને આઈ. એસ.ઈ (ઈન્ડિયન સર્વિસ ઓફ એન્જિનિયરિંગ) માં મૂક્યા અને ૧૯૩૯માં હિંમતભાઈ પરીખ રજા પર ગયા હોવાથી, ભાઈલાલભાઈને સુપ્રિન્ટેન્ટીંગ એન્જિનિયરનો ચાર્જ સોંપ્યો. આમ ભાઈલાલભાઈ ભાઈકાકામાં પરિવર્તિત થયા.

આ અરસામાં સરદાર સાહેબે પશાભાઈ પટેલ ટ્રેકટરવાળા દ્વારા સંદેશો મોકલ્યો કે "ભાઈલાલ તમે ગુજરાતની બહાર બહુ રહ્યા, હવે ગુજરાતમાં પાછા આવી જાવ. મારે તમારી જરૂર છે" ભાઈકાકાએ તો કોલેજમાં હતા ત્યારથી, ૫૧મે વર્ષે વાનપ્રસ્થ થઈ સમાજનું કામ કરવા વિચાર્યું હતું. એટલે તેમણે તરત જ, ૨૫ વર્ષની નોકરી પૂરી કરી અને ૨૮ ફેબ્રુઆરી ૧૯૪૦ ના દિવસે નિવૃત્તિ માટે અરજી કરી અને તે પ્રમાણે સરદારશ્રીને જાણ કરી. ત્યારે ચીફ એન્જિનિયર ગોર્ડને તેમને નિવૃત્ત ન થવા સમજાવવા પ્રયત્ન કર્યો, પણ ભાઈકાકા અડગ રહ્યા. અને સરદાર સાહેબે સૂચવ્યા પ્રમાણે, અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચીફ એન્જિનિયરનો હોદ્દો સ્વીકાર્યો. મ્યુનિસિપાલિટી રૂા. ૨૧૫૦ નો પગાર આપવા તૈયાર

હોવા છતાં આ સમાજસેવી ઈજનેરે કોંગ્રેસના ઠરાવ પ્રમાણે અર્ધાથી ઓછો માત્ર રૂ.. ૧૦૦૦ નો પગાર લેવાનું નકકી કર્યુ. આમ ભાઈકાકા ૩જી માર્ચ ૧૯૪૦માં અમદાવાદ પહોંચ્યા. આ ૩જી માર્ચ તેમના જીવનમાં બહુજ અગત્યનો દિવસ બન્યો તે આપણે આગળ ઉપર જોઈશું.

મ્યુનિસિપાલિટીનો ચાર્જ લીધો એટલે તેમણે ચાલુ અને બાકી કામોનો અભ્યાસ કરી લીધો. તેમાં મુખ્ય કામ અમદાવાદના પરા વિસ્તારમાં ગટર બનાવવાનું હતું. તેમાં છ લાખના પ્રથમ તબક્કામાં પૂરું થયું હતું. બીજા તબક્કામાં પચીસ લાખ રૂ. ની સરકારની લોન મંજૂર થઈ હતી. તેમાંથી બાર લાખ ખર્ચાઈ ચૂક્યા હતા અને તેર લાખ ખરચી કામ પૂરું કરવાની યોજના હતી. તેમણે ચાર્જ લીધો ત્યારે અંદાજ પ્રમાણે કામ ચાલતું હતું અને થોડી બચત હતી. પરંતુ આ તો ભાઈકાકા પ્રજાનો પૈસો ખોટો ખર્ચાય નહીં તેવી તેમની કાર્યપદ્ધતિ અને કોઠાસૂઝથી નવા પ્રયોગો કરવાનો આત્મવિશ્વાસ. એમણે અભ્યાસ કરીને યોજનામાં થોડા ફેરફાર કર્યા અને બીજા તબક્કાના તેર લાખ રૂ. ના ખર્ચમાં બચતની વ્યવસ્થા કરી. અને ત્રીજા તબક્કા ના ચૌદ લાખ પણ બચાવ્યા. આ માટે યોજનામાં ફેરફાર કર્યા અને જરૂરી ચીજોનું ઉત્પાદન મ્યુનિસિપાલિટીના વર્કશોપમાં કર્યું.

૧૯૪૦ની ચોથી માર્ચે ચાર્જ લીધો પછી એક વર્ષમાં ૧૯૪૧ ના ફેબ્રુઆરીમાં ગટરનું કામ પૂરું કર્યું અને મ્યુનિસિપાલિટીને જણાવ્યું કે દરેક મિલના પાણીને શુદ્ધ કરવા પ્લાન્ટની જરૂર પડશે. માટે તેની ડિઝાઈન કરવા એક બી.એસ.સી. કેમિસ્ટની જરૂર પડશે. ઉપરાંત ગટરનાં સબ સ્ટેશનના પંપ ચલાવવા માટે ઑપરેટરોની જરૂર પડશે. મ્યુનિસિપાલિટીએ આ બાબતે ધ્યાન ન આપ્યું એટલે થોડી આપખુદી કરીને ભાઈકાકાએ જાહેરાત આપી લોકોને કનેકશન આપવા ચાલુ કરી દીધા. એપ્રિલ મહિનાથી ગટરો ચાલુ થઈ ગઈ, એટલે રોજમદાર ઓપરેટરો નીમી કામ ચલાવ્યું. પરંતુ મ્યુનિસિપાલિટીને ચેતવણી આપી કે ઓકટોબર મહિના સુધી ઓપરેટરો નહીં નિમાય તો પંપ બગડે અને ગટરનાં પાણી ફેલાઈને શહેરની દુર્દશા થાય તો, જવાબદારી પ્રમુખ અને જનરલ બોર્ડની રહેશે. તેથી સૌની સાન ઠેકાણે આવી અને ઓપરેટર તથા મિકેનિકલ એન્જિનિયરની નિમણૂક કરાવી. પછી તો સભ્યોને સમજાવી - દબડાવીને શહેરના વધેલા વિસ્તારમાં ગટરના કામ કરવા માંડયા. જોકે મ્યુનિસિપાલિટીની મતિ ન સુધરતાં ખોખરા મહેમદાવાદ અને મણીનગરનું અઢીલાખ રૂપિયાનું અંદાજપત્ર સમયસર મંજૂર ના થયું. ૧૯૪૨ ના ઑગસ્ટમાં 'હિંદછોડો' લડત ચાલુ થઈ એટલે સરકારે મ્યુનિસિપાલિટીને, કોંગ્રેસનું વર્ચસ્વ હોવાથી, બરખાસ્ત કરી તેથી તે કામ લટકી પડયું. પછી વર્ષો બાદ ૪૫ લાખ રૂ. ખર્ચી તે કામ પૂરા કરવા પડ્યા.

આ ઉપરાંત અમદાવાદ શહેરમાં પાણીની તંગી નિવારવા માટે સાબરમતીના પટમાં ત્રણ નવા કૂવા માટે પુનાના હેલ્થ એન્જિનિયરે ૧૯૩૦માં પાંચ લાખની યોજના અંદાજી હતી. નવા કૂવાનું પાણી જૂના કૂવામાં લાવવા માટે નદીના તળથી બત્રીસ ફૂટ નીચે પાઈપો નાખવાની હતી અને કેટલીક જૂની પાઈપના વ્યાસ વધારીને નવી પાઈપો નાખવાની હતી. આ માટે ડિવોટરીંગનો મોટો ખર્ચ આવે. મ્યુનિસિપાલિટી પાસે પૈસા નહોતા એટલે આ કામ બાકી હતું.

ભાઈકાકાએ આખી યોજનાની ફેર વિચારણા કરી માત્ર ૬૮ હજારનું અંદાજ પત્ર બનાવ્યું અને બોર્ડ ઉપર દબાણ કરી તે મંજૂર કરાવ્યું. ૧૯૪૨ ના જાન્યુઆરીથી આ કામ શરૂ કરી બે ત્રણ મહિનામાં માત્ર આડત્રીસ હજારમાં પૂરૂં કરી નાખ્યું. ભાઈકાકાએ પ્રમુખ મણિભાઈ ચતુરભાઈ શાહને કહ્યું કે આ ભટ્ટ ઓવરશિયરે ઘણી મહેનત કરી છે, એટલે તેને અભિનંદન આપો. પરંતુ આ તો અમદાવાદી અને તેમાંએ વાણિયા, તે તો તાલી પણ લે, આપે નહીં. આથી દલપતરામે અમદાવાદી માટે લખેલ કવિતા "પોલું એથી બોલ્યું એમાં શી કરી કારીગરી, સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે" સાચી પડી.

ભાઈકાકાએ અમદાવાદમાં બે અગત્યનાં કામ કર્યાં તેમાં કાંકરિયાના બગીચાનું નિર્માણ અને શહેરનો કોટ તોડી વિકાસનો માર્ગ ખુલ્લો કર્યો તે કામનો સમાવેશ થાય છે. કોટ તોડવામાં મુસ્લિમ લીગ મ્યુનિસિપાલિટીમાં વિરોધ કરતી હતી. પરંતુ ભાઈકાકાની સમજાવટથી મ્યુનિસિપાલિટીમાં ઠરાવ લાવ્યા વગર કોટ તોડે તો આંખ આડા કાન કરવા લીગના સભ્યો સંમત થયા. ભાઈકાકાએ રાતના અગિયાર વાગ્યા પછી પાંચસો માણસ કામે લગાડી, શાહપુરથી દિલ્હી દરવાજા સુધીના કોટના ઉપરનાં કાંગરા ખંડિત કરી નાખ્યા. લીગની

ખાનગી સૂચનાથી કોટની રાંગે રહેતા મુસ્લિમોએ પણ જાણે કાંઈ બન્યું નથી એમ દેખાવ કરી વિરોધ ન કર્યો પછી કોટના રોડાં અને માટીથી ખાઈ પૂરી અને ગાંધી પૂલને દિલ્હી દરવાજા સાથે જોડતો રસ્તો, બ્રિટિશ કલેકટરને સમજાવી કરી લીધો.

તે વખતે અમદાવાદની વસ્તી બાર લાખ અને શહેર ગુજરાતની રાજધાની. ઉપરાંત ગુજરાતના પચાસ ટકા ઉદ્યોગો અમદાવાદમાં. આવા મોટા અને અગત્યના શહેરમાં માત્ર ત્રણ હજાર ચોરસવારનો એકમાત્ર વિકટોરિયા ગાર્ડન. આથી ભાઈકાકાએ શહેરની શોભા અને માણસો માટે ખુલ્લી જગ્યા મળે તે માટે કાંકરિયાની આજુબાજુ આવેલા ટેકરા પર સુંદર બગીચો કરવાની યોજના ઘડી. મ્યુનિસિપાલિટીને તો ટેકરા ખોદી કિંમતી જમીન મેળવવી હતી, પરંતુ ભાઈકાકાએ ઉગ્ર પ્રચાર કરી લોકમત તૈયાર કર્યો એટલે બગીચા માટે માત્ર એક હજાર રૂપિયાનું બજેટ મંજૂર કર્યું. ભાઈકાકાએ એમાંથી માટીના રસ્તા બનાવ્યા અને નર્સરી કરી રસ્તાની બંને બાજુ ઝાડ ઉછેર્યા. જેમ નાગરિકો બગીચામાં આવવા લાગ્યા એટલે આસ્તે આસ્તે ભાઈકાકાએ કુલ બેતાલીશ હજાર રૂપિયા મંજૂર કરાવ્યા અને આજના અતિસુંદર કાંકરિયા ઉદ્યાન અને પ્રાણીબાગનો પાયો મજબૂત રીતે નંખાયો. આજ પ્રમાણે ગિરીશભાઈ દેસાઈ, જે અમદાવાદના ટાઉન પ્લાનીંગ ઓફીસર તરીકે નિવૃત્ત થયા હતા, તેમનો શરૂઆતના વર્ષોમાં સાથ મેળવી રીલીફ રોડ (ટિળક માર્ગ) પૂરો કર્યો હતો.

આ વર્ષોમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીના કોંગ્રેસી સભ્યોની કાર્ય પદ્ધતિ સામે તેમને ખૂબ જ અણગમો પેદા થયો, એમાંથી જ કદાચ પાછલા વર્ષોમાં તેમણે રાજકીય ક્ષેત્રે કોંગ્રેસનો કડવો વિરોધ કર્યો અને શક્તિશાળી વિરોધ પક્ષ ઊભો કર્યો. ખેર આ તો આડ વાત થઈ.

અગાઉ જણાવ્યા પ્રમાણે ૧૯૪૨માં અમદાવાદ મ્યુનિસિપાલિટીને અંગ્રેજ સરકારે બરખાસ્ત કરી અને ગાંધીજી, સરદાર અને બીજા કોંગ્રેસી નેતાઓને જેલમાં નાખ્યા એટલે ભાઈકાકાએ ચીફ એન્જિનિયર પદેથી રાજીનામું આપ્યું.

લોકોના થાકવાથી ૪૨ની લડત ૧૯૪૩ ના માર્ચ સુધીમાં શાંત પડી ગઈ એટલે નવરા પડેલા ભાઈકાકાએ, સરદારના આદેશ મુજબ, ગ્રામોદ્ધાર અને વિકાસ માટે યોજનાની વિચારણા શરૂ કરી. પોતે ગુજરાતની બહાર મોટે ભાગે રહેલા એટલે યોજના માટે નાણાં ઉપલબ્ધ થાય તેવી ઓળખાણો નહીં. આથી ભાઈકાકાએ એવી યોજના વિચારવી રહી કે જેમાંથી પૈસો પેદા થાય અને યોજનાનું કામ આગળ ધપે. આમ ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર મંડળની યોજના એમણે ૧૯૪૩ની આખરમાં તૈયાર કરી. ભાઈકાકાને મતે ''પૈસો એટલે એકલી નોટો નહિ; બુદ્ધિનું પૈસામાં રૂપાંતર કરી શકાય છે. અનુભવ એ પણ પૈસો છે, એનું પૈસામાં રૂપાંતર કરી શકાય છે. કાર્યક્ષમતા એ પણ પૈસો છે. મનોવૈજ્ઞાનિક વલણ એ પણ પૈસો અને શ્રમ એ પણ પૈસો છે. આ બધાનો જો સુમેળ થાય તો પૈસાનો વાંધો ન આવે'' યોજનામાંથી નાણાં ઊભા થઈ શકે એવી આત્મશ્રદ્ધા ભાઈકાકામાં અનુભવમાંથી ઉદ્ભવેલી હતી. આ સિદ્ધાંતમાં પ્રબુદ્ધ સ્વાર્થ (Enlightened self interest) નું તત્ત્વ તેમણે ઉમેર્યું. નાણાં મેળવવા એમણે બાંધકામ માટે જરૂરી ચીજો કારખાના કાઢીને જાતે બનાવવી ને વેચવી અને એનો નફો સંસ્થાના મકાનો બાંધવા વાપરવો તથા ગામડા માટે વોટર વર્ક્સ અને ડ્રેનેજની યોજના બનાવી તેમાંથી કમાણી કરવી તેમ વિચાર્યું. આવી એક ઈજનેર જ વિચારી તેવી યોજના કરી તેને અમલમાં મૂકી.

ઘણા લાકોને યોજના પરીકથા જેવી લાગતી અને આમ થઈ ના શકે તેમ માનતા. પરંતુ ચરોતર એજ્યુકેશન સોસાયટીના પાયામાં રહેલ ભીખાભાઈને યોજના ગમી અને એમણે સંન્યસ્ત લેવાનો વિચાર છોડી, ભાઈકાકા સાથે જીવન પર્યંત જોડાવાનું નકકી કર્યુ. શિક્ષણના અનુભવી ભીખાભાઈ સાહેબે ભાઈકાકાના વિચારોને કાગળ ઉપર વ્યવસ્થિત મૂક્યા. આ સંસ્થાને રજિસ્ટર કરવા રજૂ કરી ત્યારે રજિસ્ટ્રાર સાહેબે શિક્ષણ અને ઉદ્યોગ સાથે ન થઈ શકે એમ કહ્યું, તેથી ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્યોગ સહકારી મંડળીને અલગ અલગ રજિસ્ટર કરાવ્યા.

આ અરસામાં ગાંધીજીનો આશ્રમ ધોવાતો અટકાવવાનું કામ આ નિષ્ણાત ઈજનેરને સોંપાયું તે સમયે વિશ્વયુદ્ધને પરિણામે લોખંડ કે સિમેન્ટ મળતાં ન હતાં. તેથી ભાઈકાકાએ પોતાની રીતે ચુનો અને ઈંટોનાં રોડાં વાપરી માત્ર પાંત્રીસ હજાર રૂપિયાનો અંદાજ મંજૂર કરાવી આશ્રમની પ્રાર્થનાભૂમિ અને રહેવાનાં સ્થળનું

ધોવાણ ન થાય તેટલું કામ ગોમુખ દીવાલ (gargoyle) બનાવી, માત્ર અઠ્ઠાવીસ હજાર રૂપિયામાં પૂરું કર્યું. આખા આશ્રમને ધોવાતો બચાવવા કુલ બોત્તેર હજાર રૂપિયામાં, મૂળ સાડાચાર લાખની યોજના પૂરી કરી. આવા મૌલિક કાર્યશૈલીના ઈજનેરે વલ્લભ વિદ્યાનગરની યોજનાને કાર્યસિદ્ધિમાં રૂપાંતરિત કરવા કોઠાસૂઝ વાપરી અને નવીન પ્રયોગો કર્યા.

ચરોતરના દાનવીરો પાસે એક તૃત્યાંશ જમીન પ્લોટ રૂપે પરત મેળવવાની શરતે ૧૦૦૦ વીઘા જમીન દાન રૂપે મેળવી. કરમસદ અને બાકરોલમાંથી નવસો પચાસ વીઘા જેટલી જમીનમાં તથા આણંદની ૪૦ વીઘા જમીન મેળવી. કુલ હજારેક વીઘાની જમીનમાં પ્લોટ પાડી ⅓ ભાગની જમીન મૂળ દાતાઓને સોંપ્યા પછી પ્લોટ હોલ્ડર પાસેથી શેર કેપિટલ ઊભી કરી ગ્રામોદ્ધાર મંડળ દ્વારા રસ્તા બનાવ્યા અને વોટર વર્કસ ઊભું કર્યું. ઉપરાંત ગ્રામોદ્ધારની શેર કેપિટલમાંથી ઈંટો પકવવાના ભઠ્ઠા, ચુનો પકવવાની ઘાણીઓ, સૉમીલ, ફાઉન્ડ્રી, સુથારી કામ, સ્પન પાઈપ, સિમેન્ટના ટાઈલ્સ વગેરે બનાવવા કારખાનાં અને પ્રિન્ટીંગ પ્રેસ સ્થપાયાં. પાછળથી પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રીટ ફેકટરી અને રબરની ફેકટરી ઊભી કરી. વિદ્યાનગર અને બાકરોલ માટે વીજળીની સગવડ પણ મેળવી. આ બધા કામ માટે ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ ૩જી માર્ચ ૧૯૪૬ ના રોજ સ્થળ ઉપર આવીને રહ્યા. ઈંટોનો ભઠ્ઠો શરૂ થયો એટલે આંબા નીચે ઓફિસ કરી અને રહેવા તથા માલસામાન મૂકવા માટે બસો ફૂટ લાંબુ અને વરંડા સાથે બત્રીસ ફૂટ પહોળું મકાન બાંધ્યું.

મકાન બાંધ્યું અને રહેવાનું શરૂ કર્યુ એટલે એક કૂવો ઊંડો કરાવી પંપ ગોઠવી દીધો. પાણી લઈ જવા માટે સિમેન્ટની પાઈપો પણ જાતે બનાવી લીધી. બીજી બાજુ દિવસે સર્વેઈંગ ચાલે અને રાત્રે તેનું પ્લોટીંગ થઈ જાય એમ નકશા તૈયાર થવા માંડયા. એક શૈક્ષણિક નગરમાં જે સુવિધા જોઈએ તે બધા માટે શરૂઆતથી પ્લાનીંગ કરી લીધું હતું. ભવિષ્યનો ટાઉન પ્લાનીંગનો નકશો ગિરીશભાઈ દેસાઈએ બનાવ્યો, જેમાં રસ્તા, રમતગમતનાં મેદાનો ખુલ્લી જમીન, રહેઠાણનાં પ્લોટો, કૉલેજના તથા હૉસ્ટેલના મકાનો, દુકાનો, યુનિવર્સિટીના મકાનો બતાવ્યા હતાં. બીજો નકશો લેવલ લઈ, કોન્ટુર દોરી અને સર્વેનંબર સાથે સમાવેશ કરવાનો હતો, જેથી પાણીની અને ગટરની યોજના થઈ શકે. સર્વે અને લેવલીંગનું કામ કર્યા બાદ નકશા માટે કલેકટરની મંજૂરી મેળવી લીધી અને તે મુજબ કામ શરૂ કર્યાં.

રસ્તા જેમ અંકાતા ગયા તેમ તેની બંને બાજુ ઝાડ રોપવાનું શરૂ કર્યું. આમાં પણ એવી યોજના કરી હતી કે વર્ષભર કોઈને કોઈ રસ્તાના ઝાડ ઉપર ફૂલ હોય. કયા ઝાડ ઉપર કયા મહિનામાં ફૂલ આવે છે તેનો અભ્યાસ કરી તે વૃક્ષનાં બીજ પૂણે, બેંગલોર કે કલકત્તાથી મંગાવી વિદ્યાનગરની નર્સરીમાં રોપા તૈયાર કરતા હતા. આમ વિદ્યાનગર સુશોભિત ફૂલ ઝાડવાળું વૃક્ષનગર બન્યું.

વર્ષના બારે મહિના કામ મળતું એટલે મજૂરીના દર ઓછા આપવા પડતા. વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય (આર્ટ્સ અને સાયન્સ કૉલેજ) ની પ્રથમ ઈંટ ૧૯૪૭ ના જાન્યઆરીની ૧૫મી તારીખે મુકાઈ અને ૨૦મી જૂને તો કોલેજનો છેંતાળીશ હજાર ચોરસ ફૂટની પ્લિન્થ ઉપર નીચલો માળ પૂરો થયો હતો, તેમાં કોલેજ શરૂ થઈ ગઈ. વી.પી.કોલેજમાં વચ્ચે વિશાળ સેન્ટ્રલ હોલ, મુખ્ય પ્રવેશ દ્વાર પાસે રાખ્યો હતો. બીજા વિશ્વયુદ્ધને લીધે સિમેન્ટ અને લોખંડ મેળવવા દુષ્કર હતા એટલે આ નિષ્ણાત ઈજનેરે સેન્ટ્રલ હોલ માટે લશ્કરના કાઢી નાખેલા પુલના ગર્ડર કામમાં લીધા. હોસ્ટેલના મકાનો માટે ચૂનાનું ચણતર કરી ઉપર સિમેન્ટનું અર્ધો-પોણો ઈંચ પ્લાસ્ટર કરાવ્યું. રહેઠાણના મકાનો ઉપર ક્રાંક્રિટની સ્લેબ ભરવાને બદલે છતને ચૂનો અને ઈંટ વાપરી કમાન સ્વરૂપે બનાવી. આ મકાનો માટે શકય એટલો માલસામાન પોતાના કારખાનામાં તૈયાર કર્યો.

વી.પી.કૉલેજનું મકાન પૂરું થયું અને બિરલા વિશ્વકર્મા મહાદ્યાલય (એન્જિનિયરિંગ કૉલેજ)ના મકાનનું કામ શરૂ થયું. મકાનો બાંધવા કપચી લાવવા વેગન ન મળી શકયા એટલે વધારે કોલસો મૂકીને તૈયાર થયેલી ઈંટોના ટુકડા કરાવી, તેનો કપચી તરીકે ઉપયોગ કર્યો. ૧૯૪૮ના જાન્યુઆરીની ૧૫મીએ બીવીએમનું કામ શરૂ થયું અને ૨૦મી જૂને કૉલેજ શરૂ કરવાની હતી. ૧૪મી જૂન ૧૯૪૮ના રોજ લોર્ડ માઉન્ટબેટને તેનું ઉદ્‌ઘાટન કર્યુ ત્યારે મકાનનો તળમજલો પૂરો થયો ન હતો. અંદરનું પ્લાસ્ટર પણ બાકી હતું અને બારી બારણાં બેસાડવાનું કામ બાકી હતું. બે રૂમ સિવાય ધાબા પણ ભરાયા ન હતા. પણ ભીંતો ઉપર પતરાં ગોઠવીને વર્ગોનું કામ શરૂ કરાયું હતું. બીજા વર્ષ પહેલા કામ પૂરું થયું.

૧૯૪૯માં પ્રાથમિક શાળા અને હાઈસ્કુલની શરૂઆત કરી. ૧૯૫૦માં ટેકનિકલ હાઈસ્કૂલ અને જુદી જુદી હોસ્ટેલોના કામ પણ ચાલુ કર્યા હતા. ઓડના વતની ભીખાભાઈ જીવાભાઈ પટેલે આપેલ દાન દ્વારા કોમર્સ કોલેજના મકાનના ખાત મૂહર્ત માટે ભારતના ત્યારના રાષ્ટ્રપતિ રાજેદ્રપ્રસાદજીએ આવવાનું સ્વીકાર્યું હતું. રાજેદ્રપ્રસાદજીને દમ હતો એટલે તેમને આણંદથી ધૂળિયા રસ્તે લવાય નહીં. આથી આણંદ કરમસદને જોડતી સડકનો બાકી રહેલા ચાર માઈલનું કામ પણ ત્વરાથી ગ્રામોદ્ધાર મંડળ દ્વારા પૂરું કર્યું અને બાબુ રાજેન્દ્રપ્રસાદને રોકાવા માટે જરૂરી ગેસ્ટ હાઉસનું પાયાથી માંડીને સર્વ કામ માત્ર સાત દિવસમાં પૂરું કર્યું. એ મકાનમાં અત્યારે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને મંત્રીઓ બેસે છે.

આ લેખની શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે ભાઈકાકાના વ્યકિતત્વને બહુવિધ પાસા છે. એટલે સરદાર સાહેબના વિચારને ઝીલી તેની દૂરંદેશી ભરેલી યોજના ઘડી અને આ સ્વપ્નસેવી ઈજનેરે તેનો વાસ્તવિકતામાં કાયાકલ્પ કર્યો. વિદ્યાનગરની કથા તો રોમાંચક અને અનેકવિધ પાસા વાળી છે. આ લેખમાં માત્ર અડગ પરિશ્રમી, કૃતનિશ્ચયી ઈજનેરે પોતાની કોઠાસૂઝ, કામની ત્વરા, ઓછા ખર્ચે જરૂરી વસ્તુઓને બનાવી, સિમેન્ટ લોખંડની તંગીમાં હાથ વગી સામગ્રી વાપરી ઈજનેરી વિદ્યાને સાર્થક કરી અને એક વિચારના બીજમાંથી વિશાળ શિક્ષણ નગરીનું સર્જન કર્યું તેની જ વાત કરી છે. ખરેખર સમાજના વિકાસ માટે ઈજનેર જરૂરી છે. આ વાતની પૂર્તિ માટે વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલનું કામ જોઈએ તો ખાતરી થાય. તેમના અધ્યક્ષ કાળમાં વિદ્યાનગરની પ્રાપ્ત જમીન ઓછી પડી તેથી તેમણે સેટેલાઈટ ટાઉન ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થપાયું છે. તે ઉપનગર એકવીસમી સદીને અનુરૂપ ઈન્ફ્રાસ્ટ્રકચર અને શિક્ષણ સંસ્થાઓ ધરાવે છે. સૂક્ષ્મ વિચાર બીજમાંથી વર્તમાન અધ્યક્ષ, જેઓ પણ ઈજનેર છે, તેમણે વિદ્યાપ્રાપ્તિ માટે વિશાળ વડલો ઉછેર્યો છે. વિકાસમાં એક ઈજનેર કેટલો ફાળો આપી શકે તે આ ઉદાહરણથી પ્રસ્થાપિત થાય છે.

વિદ્યાનગરની ભૂમિ ઉપર ૧૯૪૬ની ૩જી માર્ચે ભાઈકાકા અને ભીખાભાઈ આવીને વસ્યા અને ૧૯૫૫ ની ૨૫મી ડિસેમ્બરે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાપીઠની સ્થાપના થઈ. જે ઝડપથી આ માર્ગ કપાયો અને જે રીતે આ કામ થયાં તે જાણવું હોય તો વિદ્યાનગરના અકલ્પનીય ઈતિહાસના પાનામાં વેરવિખેર પડેલા કેટલાક અભિપ્રાયો ઉપર દૃષ્ટિપાત કરીએ.

૧૯૪૮ ના માર્ચ માસમાં મુંબઈના ગવર્નર જહોન કોલવી વિદ્યાનગર આવ્યા હતા આટલા ટૂંક સમયમાં કામનો પ્રોગ્રેસ જોઈને તે બોલ્યાકે ''તમે અમેરિકનો કરતાં પણ ઝડપી છો'' આ જ વાત કૉલેજના વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે આ શબ્દોમાં જણાવી ''મેં જે સંસ્થામાં અભ્યાસ કર્યો હતો તે સંસ્થા છસો વર્ષ જૂની હતી અને છસો વર્ષમાં કેટલું કામ થયેલું તે મેં જોયું છે. અહીં આવીને હું જોઉ છું કે તમારી સંસ્થાએ દોઢ વર્ષમાં કેટલું બધું કામ કર્યું છે. આટલા ઝડપી કામ થાય તો છસો વર્ષ પછી આ નગર કઈ સ્થિતિમાં હશે તે મારાથી સમજી શકાતું નથી. કાર્યકર્તાઓને આવા વિષમ વખતે જયારે માલસામાન મળતો નથી ત્યારે આટલી ઝડપથી કામ કરવા બદલ હું અભિનંદન આપું છું'' ૧૯૪૮માં બીજા જાણીતા મુલાકાતી ભારતના મહાન વૈજ્ઞાનિક સી.વી.રામન હતા. તે વિદ્યાનગરમાં થયેલા કામથી ઘણા પ્રભાવિત રહ્યા હતા અને તેમણે ભાઈકાકાને કહ્યું ''પટેલ, તમારા જેવો કોઈ એન્જિનિયર મને ના મળ્યો, નહિ તો હું ઘણી સુંદર સંસ્થાઓ સ્થાપી શકયો હોત. ૧૯૪૯ના ફેબ્રુઆરીમાં ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ વિદ્યાનગરની મુલાકાત લીધી. ત્યારે બી.વી.એમ. માં અધૂરા મકાને ચાલતું શિક્ષણનું કામ જોઈને કહ્યું ''મેં તો યેહ દેખકર હેરાન હૂં. યહાં છત નહીં તો પરવા નહિં ..... કામ ચલ રહા હૈ ..... હમારે દિલ્હી મેં એન્જિનિયર લોગ કહતે હૈ કામ કૈસે કરે? લોહા નહિ મિલતા...... સિમેન્ટ નહિ મિલતા...... લેકીન યહાં તો કિસી ચીજ કી શિકાયત નહીં હૈ....... કામ ચલ રહા હૈ..... ઈસ તરહસે કામ હોગા તો ભારતકે અનેક પ્રશ્ન હલ હો જાયેગેં'' આતો એક ઝલક થઈ. એક પુરુષાર્થી મનસ્વી ઈજનેર ધારે તો શું સર્જન કરી શકે તેનું આ ઉદાહરણ છે. વલ્લભ વિદ્યાનગરની કથા યુગો સુધી સૌને પ્રેરણા પૂરી પાડતી રહેશે. (સંદર્ભઃ ભાઈકાકાનાં સંસ્મરણો)

(નિયામક, સીડીસી, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦.
ફોનઃ ૦૨૬૯૨-૨૩૪૨૬૬)

# आर्य हमारे पूर्वज नहीं: वर्‌हाडपांडे

## वंदना सोनी

नागपुरकी पॉश कॉलोनी के अंतिम घर में प्रवेश करते ही सन्नाटा पसरा है । दरोदीवारों पर उकेरे गए ऐतिहासिक कालखंड की व्याख्या करती, पुरातनकालीन मूर्तियां, अस्तित्व खो चुके मूक पाषाण मुझे थोड़ी देर तक बांधे रहे । वे गवाह हैं उस वक्त के, जब आर्यो पर कए शोधों को चुनौती देते हुए डा. एन. आर. वर्‌हाडपांडे ने अमेरिका में सबसे ज्यादा पढ़ी जाने वाली किताब द मिथीकल आर्यन्स एंड देयर इन्वेशन लिखी और पूरे देश को सोचने पर मजबूर कर दिया । हम ये क्यूं माने कि गौर वर्ण के आर्य हमारे पूर्वज थे? द मेनेसिस ओंफ नेहरू वर्कशिप किताब लिखकर नेहरु की नीतियों को देश को गर्त में पहुंचाने वाला सिद्ध किया ।

इतिहासकार, संस्कृत ज्ञाता, मनौवैज्ञानिक और दर्शनशास्त्र के महारथी, हिंदी, अंगरेजी और मराठी और अन्य कई भाषाओं में दक्ष कवि भी । नेहरु गीता लीखी । द नेमेसिस ओफ नेहरु वर्क शिप, न्यू लाइट ऑन द डेट रिग्वेद, द मिथीकल आर्यन्स एंड दियर इनवासन, ओरिजन ऑफ संस्कृत वड्‌र्स जैसी कई किताबें प्रकाशित हो चुकी है और कई भाषाओं में इनका अनुवाद भी हो चुका है । डॉ. एन. आर. वर्‌हाडपांडे । ९२ वर्ष की उम्र में सक्रिय । लेखन जारी ।

### नेहरूवाद के आलोचक

भ्रष्टाचार की शुरुआत और नेहरूवाद एक-दूसरे के पूरक हैं. भारत में भ्रष्टाचार की मूल जड़ नेहरू और नेहरूकी नीतियां हैं । उनकी बनाई गई नीतियां जैसे पंचवर्षीय योजना, अंगरेजीकरण और विदेशी नीतियां देश के विरूद्ध थी, लेकिन उन्होंने इन नीतियों से पूरे को नुकसान पहुंचाया. चाहे वो तिब्बत का मामला हो या फिर जापान से हजार करोड़ की संपत्ति हड़पने का मामला हो । रूसी सीक्रेट एजेंसी केजेबी के अनुसार १००० करोड़ नेहरू के व्यक्तिगत अकाउंट में जमा थे । डॉ. एन. आर. वर्‌हाडपांडे के अनुसार भ्रष्टाचार की शुरुआत नेहरू ने ही की । ये मैंने अपनी पुस्तक द नेमेसिस ऑफ नेहरू वर्कशिप में आंकडों सहित लिखा है ।



चारूतर विद्यामंडल संचालित सेरलिप संस्थान के तत्वावधान में वल्लभ विद्यानगर में गुजरात इतिहास परिषद के२७ वें अधिवेशन को सम्बोधित करते हुए डॉ. वर्‌हाडपांडे । साथ में सीवीएम के अध्यक्ष डॉ. सी.एल. पटेल एवं इतिहास परिषद के संस्थापक डॉ. हरिप्रसाद शास्त्री

### अंगरेजी हटाओ हिंदी लाओ

मातृभाषा का सम्मान नहीं, स्व सम्मान नहीं । भारत में कितने लोग है जो अंगरेजी जानते हैं, लेकिन नेहरू चाहते थे कि अंगरेजी पढ़ लोग ही राज करें इसलिए उन्होंने अंगरेजी को प्राधान्य दी । आज भी यदि हिंदी को सभी सरकारी नौकरियों में प्राथमिकता दी जाए तो मैं मानता हूं कि हिंदी का दौर वापस आ सकता है । जब तक अंगरेजी इस देश से बाहर नहीं होगी तब तक इस देश का विकास संभव नहीं है । हिंदी को वशेष दर्जा दिया जाएगा तो देश की तस्वीर अलग होगी । १९७६ के बाद कहा गया था सभी कार्य हिंदी में होंगे, परंतु ऐसा व्यवहार नहीं हुआ । यही हिंदी के खत्म होने की वजह रही । जहां तक तमिलनाडु में हिंदी के विरोध की बात की जाए तो स्वयं गांधीजीने तमिलनाडु में हिंदी में भाषण दिया और लोगों ने सुना । वर्धा में गांधीजी से मुलाकात के बारे मे डॉ. एन आर. वर्‌हाडपांडे ने कहा कि हम लोग अंगरेजी में सवाल लिखकर गए थे । गांधीजी ने कहा कि नहीं, वे केवल हिंदी में ही बात करेंगे । यदि आज भी हिंदी का प्रयोग किया जाए तो हिंदी विश्व में अधिक बोले जाने वाली भाषाओं में शुमार हो सकती है । चीनी अपनी भाषा पर नाज करते हैं, हम नहीं । ये हमारी गलती है । हमें अपनी भाषा बौलने शर्म महसूस होती है । यही कारण है कि हम आज भी अंगरेजियत को लादकर चल रहे है और उसके गुलाम बने हुए है ।

### गैर-कांग्रेसी सरकार आने पर नेहरूवाद खत्म होगा

नहीं । ऐसा संभव नहीं है । हर कोई नेहरू की नीतियों पर ही चल रहा है । गैर कांग्रेसी सरकारें आई,

पर वे भी नेहरू की नीतियों से प्रेरित थी । बाजपेयी जो उनके घोर विरोधी थे, वे भी सत्ता में आने के बाद नेहरू से प्रभावित दिखे । उन्होंने पोप को बुलाया और हिंदू धर्म की धज्जियां उड़ाई । ऐसा लगता है कि कहीं न कहीं बाजपेयी भी नेहरू के भक्त हैं ।

### सक्षम हैं पर नीतियां गलत

अंगरेजों से मराठों के हारने पर कहा गया था कि उनके पास अंगरेजों जैसी तकनीकी सुवधाएं नहीं थी । इसके बाद भी मराठो ने तोपें बनाई । हालांकि उनकी तोपें अंगरेजों के मुकाबले में कमजोर थी, लेकिन आज भारत की यह स्थिति है कि हम स्वयं गोला-बारूद बनाने में सक्षम होकर भी इन्हें विदेशों से आयात करते हैं और दूसरों पर निर्भर हैं । डीआरडीओ में बतौर निदेशक काम करते हुए मैंने महसूस किया कि हमारे पास प्रतिभाओं की कमी नहीं है, लेकिन हमारी गलत नीतियों की वजह से हम एक खराब व्यवस्था को झेल रहे हैं ।

### संस्कृत है महान भाषा

संस्कृत एक ऐसी भाषा है जिसे यदि सीख लिया जाए तो कई भाषाएं सलरता से सीखी जा सकती हैं । संस्कृत में शब्दसिद्धि होती है जिससे मूल शब्द का पता चलता है । संस्कृत के कई शब्द ऐसे हैं जो हिंदी, अंगरेजी, मराठी और उर्दू में भी हैं । वे मूलतः संस्कृत के हैं । मेरी किताब ओरिजिन ऑफ संस्कृत वर्ड्स में लिखा है कि अंगरेजी और उर्दू के करीब ६० फीसदी शब्द संस्कृत से लिए गए हैं, लेकिन इसके लिए शब्दसिद्धि सीखनी जरूरी है ।

### आर्य पूर्वज नहीं

वर्ण के आधार पर आप कैसे मान सकते हैं कि आर्य ही महारे पूर्वज थे । मैंने इतिहास को नए सिरे से नहीं लिखा, लेकिन उसमें संशोधन किया । इतिहास के अद्ययन में मैंने एक अलग सोच रखी । कपोल-कल्पित संभावनाओं को खारिज किया और यह लिखा कि सभी इसमें सहमत नहीं है । मैंने इतिहास को फिर से खोज ने की कोशिश की नए आयामों के साथ । शायद किसी युनिवर्सिटी में इसे लागू भी किया गया, लेखिन राज नीतिक दांवपेंचों में यह अवधारणा फंसकर रह गई ।

डिस्कवरी ऑफ इंडिया वाले लिखने वाले नेहरू गांधीजी के चेले थे

नेहरूवाद के विरोधी डा. एन. आर. वर्हाडपांडे ने इस बारे में डिस्कवरी ऑफ इंडिया वाले लिखने वाले नेहरू गांधीजी के चेले थे । तब वे अंगरेजों के गुलाम नहीं थे और नही उनकी सोच अंगरेजियत की गुलाम थी । डिस्कवरी ऑफ इंडिया नेहरू की एक अलग सोच का नतीजा थी ।

### नैतिकता खत्म हुई

हमारे अंदर की नैतिकता का पतन हो गया है । स्वार्थ के लिए ही नहीं, वल्कि देशहित और राष्ट्रहित के लिए भी जीना चाहिए । अपने अंदर की नैतिकता को जगाने की जरूरत है ।

### सरकारी नौकरीः

रक्षा विभाग, डायरेक्टर ऑफ सायकोलॉजिकल रिसर्च एंड डेवलपमेंट ऑफ द गवर्नमेंट ऑफ इंडिया । १९७८ में सेवा-निवृत्त ।

२. संस्कृत, दर्शनशास्त्र व्याख्याता, नागपुर और सागर विश्वविद्यालय

**पुरस्कारः**

१. शेवड़े पुरस्कार पूर्व राष्ट्रपति शंकर दयाल शर्मा के हाथों मिला ।
२. संस्कृत सेवा हेतु महाराष्ट्र सरकार की ओर से १०,०० रूपये का पुरस्कार ।
३. सारथी अवार्ड ।
४. संस्कृत भाषा प्रचारिणी सभा के अध्यक्ष है ।
५. संस्कृत वीकली के संपादक भी हैं ।

**पुस्तकें:**

१. एबीलिटीज एंड एजुकेशन
२. टाइम स्पेस एंड मोशन
३. इंटेलीजेंस टेस्ट स्कोरस ऑफ कैंडीडेट्स एट द सर्विस सिलेक्शन बोर्ड
४. द मिथिकल आर्यन्स एंड दियर इन्वेशन
५. द नेमेसिस ऑफ द नेहरू वर्शिप

**दिनचर्याः**

९२ वर्ष की उम्र में सुबह पांच बजे उठते हैं । किताबें भी लिख रहे हैं । कम्प्यूटर पर काम करते हैं । शाम में दोस्तों के साथ बातचीत करते हैं । फिर आगामी किताबों पर काम करते हैं ।

परिवारः बेटी के साथ रहते हैं । वे एयर इंडिया में काम करती हैं । उनके बेटे रिटायर हो चुके हैं और उनके पोते बेंगलुरु में कार्यरत हैं ।

(सीनियर रिपोर्टर, दैनिक भास्कर, नागपुर, महाराष्ट्र)

# Sardar Sarovar Revisited

**Yoginder K. Alagh**

**(Excerpts from the 40th Bhaikaka Memorial Lecture delivered by eminent economist and Chancellor of Central University of Gujarat, Gandhinagar, Prof. Yoginder K. Alagh)**

The Late Bhaikaka was a great warrior for the cause of Gujarat. SSP was a large part of his vision. So when asked to deliver this lecture it was natural for me to take up the Sardar Sarovar Project. The Sardar Sarovar Narmada Project is a much discussed project. Reviled by some critics it has also been described as a great advance in the planning of irrigation projects for Asiatic peasant agriculture. Its distribution planning techniques have been widely replicated and used for example in the Mekong Framework Plan of the Mekong Commission. These aspects have been discussed earlier (Y.K.Alagh, M.Pathak and D.T.Buch,1995, M.Pathak,1995, Y.K.Alagh, R.D.Desai, G.S.Guha and S.P.Kashyap, 1995, Y.K.Alagh, 1996 and Y.K.Alagh, G.Panagre and B.Gujja, 2006) and I don't intend to repeat them. By now there is a fair amount of acceptance that the planning of SSP was of a high order ( Guro Andahl, 2010 ), but there is now a critique that it was a technocratically planned project and the human and social aspects were ignored and we discuss that.

The project itself has taken a life of its own and is showing substantial benefits although it has not been implemented the way it was designed in the sense that the opponents were able to delay it substantially. The quantum and nature of benefits is also questioned, somewhat paradoxically by some though not all of the stakeholders of the project. However some detailed field studies available now can be used to settle these issues ( P. Vaidya, 2009 and D. Kumar,et.al.,SSNL, 2011; also see A.Garg,et. al.,2011for a secondary source analysis) and the critique that irrigation benefits for Gujarat's high agricultural growth are not arising from SSP but other sources of growth ( A.Gulati, IFFPRI, 2007 and IWWMI, 2005 ) are now muted(See S.Jagadeeshan, 2011, for this refutation). It would be incorrect to deny additions to the special financing mechanisms for this gigantic project on that score.

The delay in the implementation of the project has also led to another consequence. The project was planned in a Framework Planning Method. It basically uses all the available water, including ground water, by estimating in some detail its time distribution pattern by hydrological flow studies. It maximises its returns by working out the crops the farmer would grow with the available water in each agro climatic regime and works out its benefits based on crop cutting experiments using the number of waterings as an instrument. The only social aspect it considered was a shadow wage rate of 1.25. In other words a rupee of wages counted as a benefit of a rupee and a quarter while evaluating the design of the delivery of water.

Meanwhile as time passes memories of the original plan dim and a number of exciting new alternatives are visualised. In a water scarce area the number of such possibilities are very large. Given the passage of time redesigning the plan is of some importance. New crops are possible. Scarcities change. Gujarat and Indian agriculture is now trade dominated. So the ambition that "the role of Narmada water is going to be larger than planned."( S.Jagadeeshan, 2011, p.913). Resource based planning is important to keep us anchored on the ground. A more serious reason for this caution is the fact that central resources have been an important part of financing the project. Resource based planning is the only way of accessing them. The conditions of central assistance for the project are still as set up twenty five years ago when it was approved by the then Prime Minister who after he was convinced of its merits, became a great supporter of the project, in spite of its many critics. These may need review but in doing so we have to show the same rigour as SSP planning always has shown. This is the only way to get our way again.

**Project Characteristics Not Always Remembered**

A recent authoritative review sums up the special planning characteristics of the SSP as follows;

'Some of the unique features built into the planning of the project are concrete-lined canals to reduce conveyance losses, use of control volume concept for design of distribution systems, efficient water use allocation with optimised crop planning

for 13 different agro-climatic zones of the command, extensive irrigation to a 180,000 ha area with just 21 "delta supported by the use of 8" of groundwater , deepening of village tanks for borrowing soils for canal embankments, computerised automated operation of canal system, participatory irrigation management through Wager Users Associations, and promoting micro-irrigation systems like drip and sprinkler for efficient water use.' (S. Jagadeesan, 2012, p.901)

**Water Resources**

There is a synergy in water as a resource emerging from complimentary and sustainable use with more holistic approaches and this can only be captured with more integrated methods of measurement. An example is surface and ground water resources. More precise assessments can in many case make the difference between scarcity and conflict, on the one hand, and the possibilities of a judicious management strategy on the other. Water is both surface and ground. These concepts have been described well by geographers and a classic description is by the Russian academician Dr. Galina Sadasyuk ( See Alagh, 1991 for a detailed discussion ). G. Sadasyuk and P. Sengupta, ( 1968 ) for example, divided India into 18 agro-climatic zones and 44 sub-regions. ( See Alagh, 1988 and Planning Commission, 1989 ). Similar exercizes have been developed in other large countries, for example, Brazil, Indonesia and even France ( See Ignacy Sachs, 1991, Lutfi Nasution, 1993 )...

While not strictly so, water can be treated as a renewable resource. Fresh water supply can be determined in an agro-climatic regime in a defined time period. For a political entity like a country or smaller administrative boundaries, a rough water availability indicator can be estimated by dividing the renewable water supply in a time period by the population of the country or region, in the same time period. The available renewable water supply includes (a) internally produced surface water, (b) internally produced ground water and (c) river flows from the adjoining countries/spaces of the region. The Falkenmark Index is based on a yearly time period and consists of 1000 persons per 1 million cumet or one flow unit. 1000 cumet/ percaput annual therefore becomes the dividing line for water scarcity ( Falkenmark, et.al., 1989 ). Water flows do not follow administrative or political boundaries. Aquifiers are confined by geo-physical and not political and administrative features. Climate also determines the demand for water, including evaporative demand. Seasonal rainfall cycles can be very different across countries. For structural understanding and policy analysis, general indices have to be used with care (See Y.K..Alagh,2002,in UNESCO, Arie Ruijter, et.al., op.cit).

Water availability, in fact is now also estimated as a part of structural analysis and advanced project level design for both aquifier management and drainage and conjunctive use projects, with a reasonable degree of accuracy. For example, the Mike She Model of the Australian Murray Darling Basin Plan models is used by the New South Wales Department of Land and Water Conservation. While it is used for integrated catchment modelling, for the basin, it's main features "are that it can represent all major flow features in an area and is well suited to describe the dynamic interaction between the surface and subsurface water systems" ( Peter Millington, 1996 )...

The point of these micro studies and approaches to assessment of available water resources is to emphasize that the quantities themselves are sensitive to detailed resource inventorying as compared to initial assessments based on empirical formulas, projections of a preliminary kind and in some cases 'guesswork'. There is a synergy in water as a resource emerging from complimentary and sustainable use with more holistic approaches and this can only be captured with more integrated methods of measurement.

The argument here is that conceptually, the measurement of water availability has to be in the context of a physical system and therefore is in the ecological domain. There is an element of circularity in the reasoning of using water to define agro-climate and agro-climate to measure water. It is unavoidable in a simultaneously functioning system. In a circular chain of causation it does not matter where you begin. But there is a more difficult problem, which is that given physical facts, there are probably no unique ways of determining physical systems for estimating water flows per unit time. This will involve some conceptual work on how close is "close" in agro climatic space. What is the degree of aridity or lushness which distinguishes one space from another. Statistically satisfying procedures do not give spatially coherent categories and this is an area for more work ( See W. Fisher, 1969 )

Such studies were done for Sardar Sarovar. These were as follows;

"Groundwater mathematical modeling techniques and solute transport models provide power instruments for planning, operating and managing complex ground water systems. Some of these techniques have been used for the command area aquifers. Some of these techniques have been used for the command area aquifers. The models if adequately framed and validated can provide useful insights on the following:

- Broad quantities of usable groundwater that could be integrated with surface water for conjunctive use.
- Areas vulnerable to waterlogging with their locations.
- Resultant water quality parameters after canal irrigation and assessments on their configurations.

The models can be recalibrated/updated as and when required to be eventually used for monitoring and management of ground water systems.

Mathematical models have been developed using the services of Indian consulting firms for the command area at different time stages as under and these together represent about 71 per cent of the command:

- Narmada-Mahi doab 6430 sq.km
- Shedhi-Sabarmati doab 1660 sq.km
- Sabarmati-Banas doab 11610 sq.km
- Banas to Rajasthan border 4630 sq.km

Important features of the four models are summarized in Statement No.5.1

Table No.5.1

| Doab and model | Typical scenarios | Percentage of gross model area likely to be waterlogged |
|---|---|---|
| 1. Narmada-Mahi model (representing GCA OF 7900 sq.km) | (a) Surface irrigation at 1,000 mm per ha and no conjunctive use.<br>(b) Surface irrigation at 700 mm per ha and conjunctive use of 350 MCM | Hazardous and ruled out.<br>10<br>(6 to 8 per cent in GCA) |
| 2. Shedhi-Sabarmati Model, (representing GCA of 2,925 sq.km) | Conjunctive use of same order with accelerated pumping in 4 vulnerable talukas | 2<br>(1 to 1.5 percent in GCA) |
| 3. Sabarmati-Banas model, (representing GCA of 11,033 sq.km) | Surface irrigation of 515 mm per ha; ground water use of 195 mm per ha of GCA | 20<br>(largely in Class-6 soils along the strip parallel to Rann of Kachchh, 10 to 12 percent in GCA) |
| 4. Banas-Rajasthan Border model (representing GCA of 4,630 sq.km) | Surface irrigation of 515 mm per ha and limited conjunctive use (corresponding to normal growth of 1998 level) | 17<br>(largely in Class-6 soils along the strip parallel to Rann of Kachchh, 8 to 10 percent in GCA)" |

(Y.K.Alagh, M.Pathak and D.T.Buch, 1995, pp.110-111,118)

The argument is that of a new research effort in a State like ours at integrating water resource assessment work with agro-climatic regional categories and that of improving the precision of the estimates and setting the base for more work on the features which augment the availability of fresh water in a renewable manner. The plea here is for a fairly large research effort, based on the work done for the SSP which corresponding to agro-climatic concepts defined in a regional context, simultaneously models water availability. Surface-groundwater interaction models are by now common. It is being suggested that such modeling should be attempted more systematically, not in response to project formulation work, but with instruments of a water conserving or water augmentation nature built in. In a three to five year framework, it should be possible to generate knowledge, from which generalization could begin.

It cannot be ruled out that assessments of water as a resource will if the resource assessment exercise is done, gain a larger dimension. Until then it would

be prudent to use the available estimates of available water as the resource limit for policy making. (According to Ahmedabad based newspapers of 3 Jan. 2013, SSNL has, in my opinion wisely, clarified that the demand of the Dholera SIR that Narmada waters must be made available to it has to be met from the sanctioned supply of 1.2 maf for industrial and urban needs).

**From Water Resources to Water Deliveries**

Let us begin at the level of the agricultural field. Irrigation engineers have to learn to design water delivery systems differentially for the different regions of a canal-command. For too long, commands of large irrigation projects have been treated as homogenous and uniform entities. Soil conditions, temperature and its distribution, rainfall and its distribution, the ground water regime, existing forest cover and existing tanks and minor rivers and drains are all features which need to be paid very detailed attention. This will normally require that a command is regionalized into components. The initial intention is SSP was to provide for a uniform pattern of irrigation through the command, after detailed consultations with geologists, demographers and land use planners, meteorologists and agricultural scientists, the command was broken up into 13 regions ( See Y.K.Alagh,1991, pp.160-162). This phase is important for irrigation planning. This phase has to be seen not just as a question of regional studies. The association of the irrigation engineer with the wider disciplines and demands of agriculture, of geography and land use, meteorology and ground water will from the beginning sensitize the irrigation planner to the diverse agro-climatic and agro-ecological environment in which the water system has to operate and this sensitivity is extremely important to planning the physical features of the irrigation structures.

There is the much vexed question of cropping patterns and the problems that arise when the 'design' cropping pattern does not materialize on the field or the 'sanction' for the crop(s) is violated in practice. The practice was to consult agronomists and to fix these parameters into the design of the project canal capacities. The outcomes depended on the seriousness of the agronomist who gives the projection. In one particular case of a project which used to be singled out by Prime Minister Indira Gandhi for critical comment. (Tawa), the cropping pattern in the project area was taken from the Second Five-Year Plan of the particular State in which it was located. The project area is less than 5 per cent of this large paddy growing State. Paddy is totally unsuitable as a crop for the black soil in the command area. But somehow paddy was recommended as a crop for this project. Irrigation system designed for paddy of course created considerable havoc in the subsequent phases of development there.

**Farmers driving Engineers**

SSP distribution design was done on the basis that there is considerable need to understand and quantify the behaviour of the Gujarati farmer in the agro-climatic regime being studied. Economists have for long worked on this problem and have developed 'acreage response models.' These essentially postulate that the acreage allocation of the farmer follows profit maximizing behaviour and depends on rainfall and its distribution, irrigation, the agricultural technology available and relative prices, which capture the economic environment. The use of these models for irrigation planning would mean that the farmer's behaviour is studied and statistically estimated for an area of the kind being supplied water with due consideration of the agro-climatic characteristics of the region in the command. Such studies are done with the farmers in groups. This was done for preparing the SSP Plan and is being done now again in Dabhoi in SSP in Gujarat where farmers irrigation groups have been created.( See, A.B.Mandevia, in R.Subbiah, et.al., ed., pp. 35-37, for details )...

At the risk of repetition I would like to reiterate that once cropping possibilities are known the problem is to fix the water to be delivered to each region. Now if information on alternative crop sets of the kind discussed earlier is available and the yield from irrigation can be estimated with the degree of precision indicated for a recent period and the costs of building conveyance systems to the field can be estimated accurately, a very precise estimate of the benefit of irrigation conveyance estimates can be derived. Such calculations, already made for SSP are not written in stone but if new ideas are there these must be justified in a quantitative manner With these kinds of calculations, if an explicit weight has to be given to generate more employment in some poverty stricken region, this can again be done in a quantifiable manner, but if scarce water is redistributed in an arbitrary manner as some may want, for example the Dholera SIR demand and others, there have to be non arbitrary procedures to

evaluate them if unfortunate consequences are to be avoided later.

Another feature can be noted, namely that systematic monitoring of ground water and the construction of water balance models at the level of an aquifer are in fact not very expensive propositions today given Google Earth and can be followed through fairly easily with modern computers, once the basic information is available. Given preliminary estimates which can generally be built with easily available bore hole data, soil characteristics and land use information, more refined models can be developed as the investigation of soil characteristics and the ground water regime proceeds at micro levels. As an example the present author can refer to A TERI project he had chaired to evaluate the consequences of Coca Cola operations in India (TERI, 2008)

These kind of issues are now gaining urgency. The Initial design of the canal projects was not in this framework although it is now being emphasized by the project implementers. Therefore 'All the Canal regulating structures of SSP with discharge of more than 8.5 cumecs are to be operated automatically with a view to ensure safe, flexible and efficient operation. The pilot Project of Canal Automation, a SCADA based Remote Monitoring and Control System , has been revived and its scope has been extended to include the entire Narmada Main Canal beside the Vadodara and Skarda branch canals.( S. Jagadeesan,2012,p.212). This was attempted earlier in 2005 and apparently given up then, since a paper by A.B.Mandevia gave a counterfactual of how such a system designed for SSP was being implemented. Prequalificqtion of bidders for the Sardar Sarovar Canal Automation Project was advertised in 2005 ( See for example, Times of India, Ahmedabad, February 20, 2005, p.9 ). This was for a Remote Monitoring and Control System for Canal Network (Canal Automation) interfacing with Supervisory Control and Data Aquisation (SCADA) System for the Pilot Project consisting of Narmada Main Canal Reach Km. 0.0 to 105.344, Vadodara Branch Canal (with Jambusar and Kundhela Branch Canals) and Sakarda Branch Canal Systems.

There is some urgency to getting back to the original design configuration of the SSP plan. As long as upstream use of Narmada waters was not according to MPs full entitlements, we as the lower riverine State were entitled to all the water flowing down from the Sardar Sarovar Dam. This was more than the water which would be available as our share when M.P. uses all its share.

The SSP plan had anticipated all this. Therefore in its 3 Reservoir Model of hydrological flows when Narmada Sagar as it was called then and Indira Sagar now was ready but upstream water use was little, in Stage I, 15.81 maf of water was available at 75% reliability.(SSP,NPG, Planning for Prosperity,1989, p.218). But with further development upstream in Stage 2, we would get close to 9.5 maf, which is our entitlement in the NWDT award. This year for example, as the flows dwindled, the police had to be called in to stop withdrawal from the canal systems. The computer controlled systems planned for SSP in 1985 are needed to maximize timely deliveries with scarce water. That situation is emerging as MP uses more and more of its share after Chattisgarh has been separated and its water and hydel energy sources depleted in relation to needs of fast growth. To me it is these needs which dictate the urgency in getting back to SCADA in official priorities in the SSP project and I for one welcome it. Better late than never.

A recent study in a volume published by the SSNL/CEPT says:

" Another dimension is the current sumptuous water availability in the three districts studied owing to curtailed command area coverage at this point in time as compared to the full command area of the proposed canal irrigation system. These three districts are getting more water than what they would get once the command system is completely developed and made fully operational. This relative future paucity of water could create social stresses in the affect districts."( A.Garg, et.al., 2012, p.663)

Two decades ago I was asked why I want the SSP dam to go to its full height, when after it reaches the stage when water is diverted into the SSP canal, the biggest irrigation canal in the world, Gujarat would get the entire river, my answer was that I am a Gujarati and an Indian. I want the poor and developing State of MP also to get its share. Also as a people we understand the pain of being deprived of our legitimate share by misguided opponents.( Y.K.Alagh, 1996, pp.266-267).

**Outcomes**

There are two issues here. The first is that I believe, contrary to critics of SSP that even its

partial completeness, is a large factor in Gujarat's fast agricultural growth. The second is that in areas where water is being delivered, field studies show that change is substantial.

**SSP and Gujarat's Fast Agricultural Growth**

In the last decade Gujarat's agriculture has grown fast. This growth was not there in earlier decades. To say that it is 8 to 10% annual is incorrect. I was a apart of the FAO's team for their global model then called Agriculture 2000(now Agriculture 2010). A 4% plus annual growth in agriculture is seldom seen in world history and even if we did not achieve 10% our growth is respectable.

Growth in a dry land agriculture and our irrigation coverage is still low, fluctuates and two statistical sins are unforgivable. One is to take bad initial and good terminal years. Also never calculate growth in current prices since that values inflation...

**Field Studies**

Two recent field studies of a substantial type with large samples bring out the output enhancing effects of SSP canal waters. One is by the NGO Sneh Setu by Prerana Desai Vaidya(2011) and a later one by IRAP(2012). The former study presents results for the Narmada-Vadodara District(called region $R_1P_1$), Vadodara-Panchmahal District (called Region $R_1P_2$), Vadodara Bharuch (called region $R_2$ ), Bharuch (called Region $R_4$ ). These regions were from the original SSP regionalization. IRAP also has samples from these Districts. Both the studies also have other Districts but these are not covered by both studies and hence we are not discussing those Districts...

**Technocratic ?**

Since Sardar Sarovar played such an important role in Gujarat's development in the recent phase and its evolution is a part of global debates it is useful to recapitulate some facts and opinions. Planning for Prosperity, the over 500 page highly rated SS Plan is my baby and it saw us through the viscous attacks on the project because it was transparent, fact based and built by highly motivated persons. In the Eighties Sheshan spread the idea that the late Rajiv Gandhi approved the project on account of pressures. This is incorrect. The Prime Minister was critical of the Project on account of the views of the Environment Ministry but when it was put up for approval to him by me as a member of the Planning Commission he went through it in great detail. For example he personally examined the monitoring systems set up then to track ground water levels in the Mahi Narmada Command at over a hundred points and data collected through real time. He saw that ground water would be monitored and if it rose it would be pumped back into the canal which was designed for that purpose. No water logging would take place. He also personally looked through the monitoring reports on the rehabilitation of oustees by TISS and the Surat Center and the rehabilitation plan. It was only when he was convinced he approved the project and then became one of its great supporters.

I was thirty five years young when asked to plan the project and am seventy three years young now and again have been called a technocrat. For economists in government the late seventies were heady days. Arjun Sengupta was in Commerce, Bimal Jalan in Industry and Nitin Desai and Vijay Kelkar with me in the Planning Commission. The PM was in Finance Ministry. Asked to stay on I was very clear that I must go back to my research job. Returning to Ahmedabad in 1979 the Chief Minister asked me to plan the Sardar Sarovar Project. I flatly refused telling him that I had not returned from Delhi to do another government job and that too in the State secretariat. I suggested some names but they wouldn't bite. A World Bank mission came led by Per Jeung an engineer trained by Myrdal and the CM asked me to meet them without any commitments which I did. Jeung told me that Ahmedabad did not have any planning capabilities. I asked him and his team to join me for dinner at my home and invited friends like Vijai Vyas, then IIMA Director, the architect Doshi, the Gujarat Vidyapith sociologist Vimal Shah and the journalist Nirhu Desai. Jeung was to report back to the CM that he saw progress in planning for SSP. There was no going back for me for Narmada was at the heart of Gujarat's dreams. I accepted with a one rupee salary.

**Our Side in the Global Debate**

We built up a great team on planning Sardar Sarovar and some of the best universities and institutions were involved. Mahesh Bhai (Prof. Mahesh Pathak) is here. The rest is history. The project got caught in the cleft hook of an activist tirade built up largely outside Gujarat and India. Those who worked on it in civil society and academia hit back even though living in an exchange controlled economy they did not have the resources to fight on a global plane. Anyway the project progressed with

some delay and gradually a counter literature was established on the critiques. The turning point was a scholarly book by William Fisher at Columbia(1995) whose sympathies were with the activists but was too good a scholar to ignore the opposite point of view. His collection of alternative angles was widely read. Now a Norwegian scholar has worked on the subject spending quite some time in Gujarat and elsewhere (G. Aandahl, 2009,2011). Her first papers are out and again her sympathies are with the activists but she is much too honest and hard working a scholar to ignore alternative view points. She is extremely critical of the SSP planners, particularly Y. K. Alagh, but documents at considerable length the work done on SSP and clearly takes the position that it is of high quality...

**Revisioning SSP**

As I have argued the SSP plan is not caste in stone. Over decades an economy develops and changes. Technology gives many new possibilities. Planning is meant to be a flexible business in its best variants. However in some of the great social decisions, pursuit of objectives with tenacity is also a virtue not to be scoffed at. It is quite obvious that completion of the SSP plan is of great priority. As a Planning Minister of India we had approved the largest allocations from the AIBP when it was started to SSP and I believe that was justified. More recently it has been worked out that implementation of the existing plan will need allocation of over two thousand crores of rupees from the AIBP and in current prices that is not more than the allocations we got in the mid nineties of the last century when the AIBP was started by me as Planning Minister. These are justified needs and with them we will complete the project. There has been substantial development in recent years in the Project Implementation Strategy...

Again one of the projects which has been projectised is putting up small hydel power generating plants on each of the regulators of the SSP Main Canal which will give us 40 MWs of power. That's not a lot but it will come almost free and prove that we Gujaratis never neglect small profits.

**The Main Story**

The main story as I see it is to strengthen in a big way the planning of the completion of SSP and to bring to bear on it the latest project implementation techniques. I believe there is progress in this direction in the last few years. All our energies and resources must go for this objective. The earlier hydrological and ground water models need to be reworked. While not highly likely it is possible that a more favourable resource assessment emerges. Also the Socio economic benchmark studies done for each taluka need to be redone and benefits of the project tracked in a more systematic way rather than the few studies we have. All this will not cost much as the technology has improved a lot with Google Earth and other tools. This will help us in better implementation of the project.

The computerisation of the operation of the Main Canal and the Branches and Distributaries is of the highest importance as water becomes more scarce with the upstream States using their shares. This will improve the delivery efficiency of the system. Conventional water delivery systems have a delivery efficiency of about forty per cent. In other words of the water released at head works around forty percent reaches the root of the soil. Model studies show that the SCADA systems will improve these delivery efficiencies by around fifty per cent. That is a lot of water.

This is the time to plan and build the agro based and urban and communication infrastructure in and around the project. The SSNL districts have a large number of what are called Census towns. In other words towns which are not even officially recognised as urban bodies and therefore are bereft of infrastructure. This will eat into the benefits of the project and we need to learn from the experience of what was called the planning of canal colonies. With imaginative policy making these would become agro based hubs of large growth. Our higher education system should also gear up to meet the great skills needed for this phase.

A lot has been done. But a lot needs to be done. Economists beleive that bygones are bygones. I am also a somewhat optimistic kind of fellow. I believe that with efforts of people like you and our leaders what needs to be done will be done.

(45, Surdhara, Near Doordarshan, Ahmedabad – 380 054.
Ph.: 079-26859950. Email: alagh@gmail.com)

# લોકકલાવિદ્ ડૉ. હસુ યાજ્ઞિકને કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર

પરમ પાઠક



કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્તકાર ભારતના ચતુર્વિધ અંચલોના સાહિત્યકારોને પ્રશિષ્ટ અને મધ્યકાલીન સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન કરવા બદલ પુરસ્કૃત કરતી હોય છે. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવાના બનેલા પશ્ચિમાંચલમાંથી તાજેતરમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ સુખ્યાત સાહિત્યકાર, લોકવિદ્યાવિદ, અને સંગીતજ્ઞ પ્રો. હસુ યાજ્ઞિકને પુરસ્કૃત કરવાની જાહેરાત કરી છે.

ડૉ. યાજ્ઞિકને કેન્દ્રીય સાહિત્ય અકાદમી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રૂા. એક-એક લાખના પુરસ્કાર માર્ચ ૨૦૧૩માં એનાયત થાય એ ગુજરાત માટે ગૌરવવંતી ઘટના ગણાશે.

પ્રા. યાજ્ઞિકનું રસવિશ્વ વ્યાપક છે. એમણે હરિવલ્લભ ભાયાણી જેવા ગુજરાતીના પ્રથિતયશ સાહિત્યમર્મજ્ઞ પાસે મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથા ઉપર સંશોધ કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. એ પચી પોસ્ટ ડૉક્ટરલ રીસર્ચ નિમિત્તે શામળની પાંચ પદ્યકૃતિઓનું સંશોધન, સંપાદન કર્યું છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના વિવિધ પ્રવાહો અને સ્વરૂપો અંગે નોંધપાત્ર સંશોધન કાર્ય કર્યું છે.

ગુજરાતી લોકવિદ્યા, લોકસાહિત્ય અને આદિવાસી લોકવિદ્યા, લોકસાહિત્ય ક્ષેત્રે પણ હસુ યાજ્ઞિકે ઝવેરચંદ મેઘાણી બાદ સૌથી ધ્યાનાર્હ પ્રદાન કર્યું છે. ગુજરાતી લોકસાહિત્ય માળાના ચૌદ મણકાઓનું શાસ્ત્રીય પદ્ધતિએ એમણે પુનઃસંપાદન કરીને ગુજરાતી લોકસાહિત્યનું વાસ્તવિક ચિત્ર ઉજાગર કરવામાં એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. લોકવિદ્યા, લોકસાહિત્યની સિદ્ધાંત ચર્ચાના અને સંપાદનના એમણે ત્રીસ મૂલ્યવાન ગ્રંથો આપ્યા છે. એઠલું જ નહીં, ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ આપવાની પણ એણે પહેલ કરી છે. ભગવાનદાસ પટેલ જેવા આ ક્ષેત્રના સન્નિષ્ઠ સંશોધક, સંપાદકના કાર્યને સમુચિત પરિપ્રેક્ષ્યમાં મૂકી આપીને એમણે એમને આંતરરાષ્ટ્રીયસ્તરે ઓળખ અને સ્વીકૃતિ આપવાનું પુણ્યકાર્ય કર્યું છે.

હસુ યાજ્ઞિકે વીસેક જેટલી લોકપ્રિય નવલકથાઓ રચી છે. આ નવલકથાઓ સૌપ્રથમ ધારાવાહીરૂપે વિવિધ વર્તમાન પત્રોમાં પ્રગટ થઈ હતી. એ પછી પુસ્તકરૂપે પ્રગટ થઈ હતી.

હસુ યાજ્ઞિકે સંગીતશાસ્ત્રના – હાર્મોનિયમ, સિતાર, ગીટાર, શિક્ષણના દસેક જેટલા ગ્રંથો આપ્યા છે. એની ત્રણ ત્રણ આવૃત્તિઓ પણ થઈ ચે. એમના સંગીતના ગ્રંથોનું લોકાર્પણ પં. જશરાજજીએ કર્યું હતું. એ પણ નોંધવું રહ્યું.

હસુભાઈએ બે દાયકા સુધી ગુજરાતની વિવિધ સરકારી કૉલેજોમાં ગુજરાતી ભાષા સાહિત્યનું અધ્યાપન કર્યું. એ પછી દોઢ દાયકો ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે સેવાઓ આપી. ને અકાદમીની કેટલીક તેજસ્વી પરંપરાઓના પ્રેરક, પોષક બની રહ્યા. એ પછી એમણે શેષજીવન ગુજરાતની લોકવિદ્યા અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન, સંપાદન માટે સમર્પિત કર્યું છે.

એમને હેમચંદ્રાચાર્ય ઍવોર્ડ, કાગ ઍવોર્ડ, મેઘાણી ઍવોર્ડ જેવા અનેક પુરસ્તકારો એનાયત થયા છે. ને હાલ એમની યશકલગીમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ એક લાખ રૂપિયાનો પુરસ્કાર અર્પણ કરીને એક વધુ પીંછું ઉમેર્યું છે. આવું સન્માન ગુજરાતી ભાષા સાહિત્યમાંથી એક દાયકાપૂર્વે ચિમનલાલ ત્રિવેદીને પ્રાપ્ત થયું હતું. આ સન્માન હસુભાઈને પ્રાપ્ત થઈ રહ્યું છે એ આપણા સાંસ્કૃતિક જીવનની એક શુભ ઘટના છે.

(અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર – ૩૮૯ ૧૨૦. મો.: ૯૪૨૭૮૫૬૯૯૩)

## આયુર્વેદનું હૃદય – પંચકર્મ

**અમીતા વ્યાસ**
**એ.આર.વી. મૂર્તિ**

આયુર્વેદમાં ચિકિત્સા પ્રાચીન સમયથી ચાલતી એક નિર્દોષ ચિકિત્સા છે. આયુર્વેદ ચિકિત્સા અંતર્ગત પંચકર્મ ચિકિત્સા એ આયુર્વેદનું અર્ધાંગ તરીકે ઓળખાય છે.

પંચકર્મ ચિકિત્સા એ એક આયુર્વેદનું અદ્ભુત ક્ષેત્રે છે. "પંચકર્મ" વગર આયુર્વેદ અધૂરું છે. જેવી રીતે પાયા વગર ઈમારત ન બની શકે તે રીતે પંચકર્મ વગરના આયુર્વેદનું વિચારવું અશક્ય છે.

તમામ પ્રકારના જટિલ રોગોની સારવાર પંચકર્મ પદ્ધતિથી કરવામાં આવે તો તમામ રોગોને જડમૂળથી દૂર કરી શકાય છે. શાસ્ત્રાનુસાર પંચકર્મ એ પાંચ કર્મોથી બનેલું છે. ૧. વમન ૨. વિરેચન ૩. નસ્ય ૪. બસ્તિ ૫) રક્તમોક્ષણ

ઉપરોક્ત પાંચ પ્રકારનાં કર્મ શરીરની પ્રકૃતિ તેમજ શરીરનાં વાત, પિત્ત અને કફ દોષાનુસાર કરાવવામાં આવે છે. સ્વસ્થ વ્યક્તિમાં કફ જ પ્રકૃતિમાં વસંત ઋતુમાં વમન, પિત્તજ પ્રકૃતિમાં શરદઋતુમાં વિરેચન અને વાતજ પ્રકૃતિમાં વર્ષાઋતુમાં બસ્તિ કરવામાં આવે છે.

રોગીને તેની પ્રકૃતિ અને રોગાનુસાર ઉપરોક્ત પંચકર્ચ કરવામાં આવે છે.

ઉપરોક્ત પંચકર્મ નીચે પ્રમાણે જુદા જુદા રોગોમાં કરવામાં આવે છે જેમ કે

વમનઃકફના રોગો જેવા કે ઉધરસ, શરદી, ચામડીનાં રોગો, પેટનાં રોગો.

વિરેચનઃ લકવો, ચામડીના રોગો, એસિડીટી, પેટના રોગો, માસિકની અનિયમિતતા, સ્થૂળતા(જાડાપણું)

બસ્તિઃ વાયુને લગતા તમામ પ્રકારના રોગો, જૂની કબજિયાત, સાંધાનાં દુઃખાવા

નસ્યઃ જૂની શરદી, માથાનો દુઃખાવો, પ્રસૂતા સ્ત્રીને, ઉધરસ, કફજન્ય રોગો, મોંઢાનો લકવો જેવા તમામ રોગોમાં

રક્તમોક્ષણઃ ચામડીના રોગો, વાના રોગો, આમવાત, વાતરક્ત વગેરે રોગોમાં

ઉપરોક્ત રોગાનુસાર જે પંચકર્મ અલગ-અલગ રોગોમાં નિર્દેશ કરવામાં આવ્યા છે તે વૈદ્ય પોતાના અનુભવ અનુસાર તે પંચકર્મ અલગ-અલગ રોગોમાં રોગી અનુસાર કરાવી શકે છે.


પંચકર્મ અંતર્ગત મુખ્ય પંચકર્મ સિવાય પૂર્વકર્મ રૂપે સંપૂર્ણ શરીરે માલિશ અને શેક તેમજ શાસ્ત્રમાં બતાવેલા વાલુકા, લવણ જેવા વિવિધ પ્રકારનાં શેક પણ સામાન્ય રીતે શરીરના દુઃખાવામાં, સાંધાના દુઃખાવામાં, જાડાપણુંમાં મદદરૂપ થાય છે.

આ ઉપરાંત, પંચકર્મ અંતર્ગત આવતી શિરોધારા ચિકિત્સા માનસિક રીતે શાંતિ માટે, માનસને લગતા તમામ પ્રકારના રોગો, વાળ ખરવા, અકાળે વાળ ધોળા થવા જેવા તમામ પ્રકારના રોગોમાં ફાયદો કરે છે.

પંચકર્મ ચિકિત્સા એ આયુર્વેદની અંતર્ગત અદ્ભુત અને અનોખી ચિકિત્સા. સ્વસ્થ મનુષ્યે વર્ષમાં એકવાર નિરોગી રહેવા માટે ઋતુ અનુસાર વમન, વિરેચન, બસ્તિ જેવી પંચકર્મ ચિકિત્સા કરાવવી જોઈએ. પંચકર્મ ચિકિત્સા વૈદ્યના નિર્દેશાનુસાર અને સલાહ અનુસાર જ કરાવવી જોઈએ.

(એસ.જી. પટેલ, આયુર્વેદ હૉસ્પિટલ એન્ડ મેટરનીટી હૉમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર . ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)




**જયકુમાર ર. શુક્લ**

**પ્રમુખઃ ગુજરાત અતિહાસ પરિષદ (૧૯૯૪-'૯૫),**
**સંપાદકઃ ગુજરાતી વિશ્વકોશ (ઇતિહાસ)**

## આદિવાસી લગ્નપરંપરા

સામાન્ય રીતે ઇતિહાસ લેખનમાં રાજાઓ, સામંતો, શ્રીમંતો વગેરેને જ સ્થાન અપાતું હતું. પરન્તુ કેટલાંક વર્ષોથી Subaltern Historyને મહત્ત્વ અપાય છે. તેનાથી સમાજના વંચિત વર્ગને પણ ઇતિહાસ લેખનમાં સ્થાન મળ્યું છે. રણજીત ગુહાએ આ ક્ષેત્રમાં નોંધપાત્ર કામ કર્યું છે. ગુજરાતમાં આ ક્ષેત્રમાં પ્રમાણમાં ઓછું કામ થયું છે. 'આદિવાસી લગ્નપરંપરા' આ ક્ષેત્રમાં એક મહત્ત્વનું અને ઉપયોગી પ્રકાશન છે. શુદ્ધ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઇતિહાસ લેખન કરનારા અભ્યાસીઓ ગુજરાતમાં ઓછા છે. ત્યારે રૂબરૂ મુલાકાત દ્વારા મેળવેલ માહિતી ઉપયોગમાં લઈને ઇતિહાસ લેખનનો આ પ્રયાસ પ્રશંસનીય છે. લેખકોનું આ કામ અભિનંદનપાત્ર છે.

**આદિવાસી લગ્નપરંપરા**

સંપાદકઃ પ્રા. હરિ દેસાઈ

સહસંપાદકોઃ ડૉ. વસંત પટેલ, ડૉ. ટીના દોશી

મૂલ્યઃ રૂા. ૧૦૦ પ્ર. આ. જાન્યુઆરી, ૨૦૧૩

પ્રકાશકઃ નવસર્જન પબ્લિકેશન C/o. નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

## ઈતિહાસની કેડીએ

ગુજરાત ઇતિહાસ પરિષદે તેના ૨૦૧૩માં વિદ્યાનગર મુકામે યોજેલા અધિવેશન વખતે ઇનામી નિબંધસ્પર્ધા યોજી હતી તેના વિજેતાઓના તથા કેટલાક બિનઇનામી નિબંધો પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત કર્યા છે. તેમાં ભાગ લેનારા સ્પર્ધકોએ વિવિધ સ્રોતોનો ઉપયોગ કરીને સારું લેખનકાર્ય કર્યું છે. ઇતિહાસનાં લખાણો વર્ણનાત્મક વધુ અને વિશ્લેષણાત્મક ઓછાં જોવા મળે છે. અહીં સંશોધકો તથા સ્પર્ધકોએ વિશ્લેષણ કરવાનો પ્રયાસ પણ કર્યો છે, એમ જણાઈ આવે છે.

આ નિબંધો પ્રગટ કરીને સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાને (સેરલિપ) ઘણું ઉપયોગી તથા ઇતિહાસના અભ્યાસને પ્રોત્સાહક કાર્ય કર્યું છે. 'સેરલિપ'ને આવા ઉપયોગી પ્રકાશન બદલ અભિનંદન આપું છું.

**ઈતિહાસની કેડીએ**

સંપાદકઃ પ્રા. હરિ દેસાઈ

સહસંપાદકોઃ ડૉ. વસંત પટેલ, ડૉ. ટીના દોશી

મૂલ્યઃ રૂા. ૧૫૦ પ્ર. આ. જાન્યુઆરી, ૨૦૧૩

પ્રકાશકઃ નવસર્જન પબ્લિકેશન C/o. નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

(૫, રન્નાપાર્ક વિભાગ-૩, ઘાટલોડિયા,
અમદાવાદ – ૩૮૦ ૦૬૧. ફોનઃ ૦૭૯-૨૭૪૮૧૧૦૯)

# નેનો વિજ્ઞાન અને ટેકનોલોજી

**તરુણ આર. ત્રિવેદી**

29 ડિસેમ્બર, 1959ના રોજ અમેરિકન ફિઝિકલ સોસાયટીના ઉપક્રમે અમેરિકાના પાસાડેના રાજ્યની કાલટેક યુનિવર્સિટી ખાતે આધુનિક ભૌતિકશાસ્ત્રના જગપ્રસિદ્ધ નૉબેલ પારિતોષિક વિજેતા રિચાર્ડ પી. ફેચનમેને *'There's Plenty of Room at the Bottom'* સંબંધિત વ્યાખ્યાન આપ્યું. આધુનિક ભૌતિકશાસ્ત્રમાં આ પ્રસિદ્ધ વ્યાખ્યાને એક નવી જ દિશા ખોલી નાખી. તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા ધરાવતા આ પ્રખર વૈજ્ઞાનિકે પોતાની આગવી શૈલીમાં, સરળ દૃષ્ટાંતો ટાંકીને કહ્યું કે પદાર્થના આંતરિક બંધારણના સ્તરે, પરમાણુઓની ગોઠવણીનું નિયમન અથવા હસ્તવિધાન(manipulation) કરવામાં આવે તો ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ સર્જી શકાય. પરમાણુઓની ગોઠવણીનું નિયમન અથવા હસ્તવિધાન કરવાથી સર્જાતી પડકારજનક શક્યતાઓ વિશે તેઓએ ત્યાં હાજર શ્રોતાગણને નીચે જણાવેલા પ્રશ્નો પૂછી ખળભળાવી નાંખ્યા.

(1) શા માટે એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાના 24 દળદાર ગ્રંથો, ટાંકણીની ટોચ જેટલી જગ્યામાં સમાવી (સંગ્રહિત) ન શકાય? (2) શા માટે ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપને પરમાણુ સ્તરે વધુ કાર્યક્ષમ (efficient) ન બનાવી શકાય? (3) કૉમ્પ્યુટરનું લઘુસ્વરૂપ (miniature form) કેમ ન સર્જી શકાય? (4) યાંત્રિક રૉબોટ તરીકે સૂક્ષ્મ યંત્રને મનુષ્યનાં શરીરમાં દાખલ કરીને હૃદયનું પરીક્ષણ કરવા કેમ કાર્યરત ન કરી શકાય?

તેમના આ સૂચક પ્રશ્નો પોતે વિચારેલ પૂર્વનિર્ધારિત ઉકેલ તરફ દોરી જતા હતા. આ બધા જ પ્રશ્નો, નામાભિધાન વગર પણ સૂક્ષ્મ એટલે કે નેનો માપન-nano scale અને સૂક્ષ્મ કદ-nano sizeનો નિર્દેશ કરતા હતા. તેમના મતે આ પ્રશ્નોના ઉકેલ પડકારજનક તેમજ જટિલ હતા, છતાં પણ તેનો ઉકેલ મેળવી શકાય તેમ હતો. વર્ષો બાદ તેમના પ્રશ્નોએ પદાર્થના પાયાના બંધારણની નવી સમજની સાથે સાથે, ટેકનોલોજીમાં ક્રાંતિનો સંકેત આપ્યો છે. પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવતાં તેમણે જણાવ્યું કે જેમ આપણે પદાર્થના લઘુસ્વરૂપ (miniaturization) તરફ આગળ વધી શકીએ છીએ તેમ આપણે તેની કદ આધારિત બંધારણીય લાક્ષણિકતાઓ (size dependent properties) જેમ કે ઉત્પ્રેરક (catalytic), વિદ્યુત રાસાયણિક (electrochemical), ગલન (melting), ચુંબકીય (magnetic), તેમજ પ્રકાશીય (optical) જેવા અનેક ગુણધર્મોમાં નોંધપાત્ર ફેરફારો જોઈ શકીએ છીએ અને તેથી જ પદાર્થની અભિરચના (new design) કંડારવાની તક મળે છે. આ તો જાણે કે પદાર્થના વામન સ્વરૂપે પોતાના જ વિરાટ સ્વરૂપને પડકારવાની શરૂઆત કરી તેમ કહેવાય. આપણે જાણીએ છીએ કે પરમાણુઓ સૂક્ષ્મ સ્તરે (micro scale), બૃહદ્ સ્તર (macro scale) કરતાં તદ્દન જુદી જ લાક્ષણિકતાઓ ધરાવે છે. સૂક્ષ્મતાના સામ્રાજ્યમાં, પદાર્થ પ્રચલિત યંત્રશાસ્ત્ર (classical mechanics)ને તરછોડી ક્વૉન્ટમ યંત્રશાસ્ત્રની આણ સ્વીકારે છે. પરિણામસ્વરૂપ ફક્ત 100 જેટલાં પરમાણુ ધરાવતાં 'યંત્ર'ની રચના પણ કરી શકાય છે.

ફેચનમેનના આ વ્યાખ્યાને વૈજ્ઞાનિકોને, તેમણે દર્શાવેલ શક્યતાઓના સંશોધનમાં વ્યસ્ત કરી દીધા. 1974માં ટોક્યો સાયન્સ યુનિવર્સિટીનાં સંશોધક પ્રો. નોરિયો તાનીગુચીએ સૌપ્રથમ વખત પોતાના સંશોધનપત્ર 'On the Basic Concepts of Nano-Technology'માં વિધિવત 'nano' શબ્દનો પ્રયોગ કર્યો, ગ્રીક ભાષામાં 'nano'નો અર્થ વામન (dwarf) થાય છે. માપનમાં આ શબ્દનો ઉપયોગ ઉપસર્ગ (prefix) તરીકે જાણીતો છે અને તે $10^{-9}$નો ક્રમ દર્શાવે છે. દા.ત. 1 નેનોમીટર = $10^{-9}$ મીટર એટલે કે 1 મીટરનો એક અબજમો ભાગ યાને કે 1,000,000,000મો અંશ વગેરે. કદના લઘુસર્જન તરફનો પથ આ 'nano' પદથી પ્રચલિત બની ગયો. 1981માં Scanning Tunneling Microscope (STM)નાં આવિષ્કારે સૌપ્રથમ વખત વૈજ્ઞાનિકોને દરેક પરમાણુનો વ્યક્તિગત પરિચય કેળવવાનો મોકો મળ્યો. STMની શોધથી નેનોવિજ્ઞાન અને ટેકનોલોજીના અભિસરણ (convergence) ની જાણે શરૂઆત થઈ. નેનોસાયન્સમાં પથ પર આગળ વધતાં રસાયણશાસ્ત્રીઓની ટુકડી આર.એફ.

કર્લ, આર.ઈ. સ્મોલી અને એફ.ડબલ્યુ. ક્રોટોએ 1985માં કાર્બન આધારિત નેનો બંધારણ ધરાવતા પદાર્થનું ફલેરિન્સ (Fulerenes)ની શોધ કરી અને તેને બકમીનીસ્ટર ફલેરિન્સ અથવા બકીબૉલ તરીકે ઓળખ આપી. (આ સંશોધન માટે તે ટુકડીને 1996માં નૉબેલ પારિતોષિક મળ્યું).

ત્યારબાદ પ્રણાલિગત to-down અભિગમ (યાને કે સ્થૂળ પદાર્થનું વિભાજન કરી કરીને સૂક્ષ્મ સુધી પહોંચવાનો પ્રયત્ન) અથવા buttom-up અભિગમ (ઉપરનાથી ઉલટું, પરમાણુ-અણુ સ્તરેથી જોડી-જોડીને સ્થૂળ પદાર્થ રચવાનો પ્રયત્ન) જેને Self-assembly પણ કહેવાય, તેની મદદથી નેનો ઉપકરણોના સર્જનની હોડ શરૂ થઈ. બકી બૉલ્સનાં સર્જનથી મોલેક્યુલર બાયોટેકનોલોજીનો પાયો નંખાયો અને રસાયણશાસ્ત્ર તેમજ જીવશાસ્ત્રમાં સંશોધનનાં અનેક દ્વાર ખુલ્યાં. 1986માં કે. એરિક ડ્રેક્સલર નામના વૈજ્ઞાનિકનાં ‘Engines of Creation: The Coming Era of Nano Technology’ પુસ્તકે વૈજ્ઞાનિક જગતમાં ખળભળાટ મચાવી દીધો. આ પુસ્તકે ‘nano machines’ની શક્યતાઓને જન્મ આપ્યો. nano machines એટલે કૉમ્પ્યુટર ધરાવતું લઘુ યંત્ર જે જરૂરિયાત મુજબ પોતાની પ્રતિકૃતિ સર્જી શકે એટલે કે આ યંત્ર પોતે જ ‘assembler’ તરીકે કાર્ય કરે. ઍરિક ડ્રેક્સલરના આ પુસ્તકે અનેક વિવાદો સર્જવા ઉપરાંત આવનારી ટેકનોલોજીની છડી પણ પોકારી. તેમના આ પુસ્તક પછી ‘nano’ ઉપસર્ગ ધરાવતા શબ્દો જેવા કે nanoscience, nano technology, nanoscale, nanomachines, nanotubes, nanofibres, nanocomputers વગેરે વધારે પરિચિત બન્યા.

1986માં IBMની પ્રયોગશાળામાં સૌપ્રથમ વખત AFM (Atomic Force Microscope)નું નિર્માણ થયું અને નેનોસ્તરને તાદશ્ય કરવું વધુ સરળ બન્યું. 1990માં જાપાનમાં સુમીઓ ઈજીમાએ NEC (Nippon Electric Corporation, Japan) ખાતે CNT (Carbon Nanotubes)નું સર્જન કર્યું. CNTનાં ગુણધર્મોએ વીજાણુશાસ્ત્ર, તબીબીશાસ્ત્ર તેમજ રસાયણશાસ્ત્રમાં તેનો વ્યાપક સ્વરૂપે ઉપયોગ થઈ શકે છે તેમ દર્શાવ્યું. ‘90ના અંતિમ દાયકામાં nanotechnologyનો વ્યાપક ઉપયોગ પશ્ચિમના દેશોમાં consumer products જેવી કે cosmetics, sunscreen lotion, કાપડ વગેરેમાં શરૂ થયો. 21મી સદીના પ્રારંભમાં ષટ્કોણીય કાર્બન પરમાણુ બંધારણ ધરાવતા ‘Graphene’ પટલનું સર્જન, લઘુસર્જનની ક્ષમતા માટે સીમાસ્તંભ પુરવાર થયું. ગ્રાફીન યાને ફક્ત 1 પરમાણુની જાડાઈ ધરાવતી thin filmનું સર્જન એન્ડ્રી ગેઈન અને કૉન્સ્ટેન્ટીન નોવેસ્લોવ નામના વૈજ્ઞાનિકોએ કર્યું અને તેથી 2010માં તેઓને આ સર્જન માટે નૉબેલ પારિતોષિક મળ્યું. હાલ 21મી સદીમાં નેનોસાયન્સ-નેનોટેકનોલોજી નીચે દર્શાવેલ ક્ષેત્રોમાં ડોકાઈ રહી છે:

- કપડાં પરના ડાઘનો પ્રતિકાર કરી શકે તેવું stain resistant કાપડ જે ‘nanowhihskers’ તરીકે ઓળખાય છે તે શક્ય બનશે. આ કાપડને ડાઘ ઓછા પડે છે અને તેથી સફાઈમાં પાણીનો વપરાશ ઘટે છે.
- સામાન્ય વપરાશમાં ઉપયોગ કરાતા સોલર સેલ કરતાં $TiO_2$નાં naoparticlesથી સંમિશ્રિત સોલર સેલ વધુ કાર્યક્ષમ તથા ઓછા ખર્ચાળ હશે, અને બહોળા ઉપયોગમાં આવશે તેમ જણાય છે.
- nano lithographyનો ઉપયોગ microchips કંડારવા માટે થાય છે.
- નેનોટ્યુબ્સ અને બકીબૉલનો ઉપયોગ targeted drug delivery system તરીકે થઈ શકે.
- ZnO અને $TiO_2$નાં nano particlesથી બનેલા sunscreen lotions પારજાંબલી UV કિરણોથી રક્ષણ આપી ત્વચાને કેન્સર જેવા રોગોથી બચાવે છે.
- CdS જેવા અર્ધવાહકોથી બનતાં Quantum=dots પર આધારિત ઉપકરણોની મદદથી માનવ-શરીરમાં થતી ગાંઠ (tumor) શોધી કાઢવાનું શક્ય બનશે.

નેનોસાયન્સનું એક મહત્ત્વનું યોગદાન હવે પર્યાવરણ ક્ષેત્રે પણ નોંધાયું છે. ચીનનાં શાંઘાઈ શહેરથી 100 કી.મી. દૂર ‘લેઈક તાઈ’ નામનું પ્રખ્યાત પર્યટન સ્થળ આવેલું છે. સતત પ્રવાસીઓથી ધમધમતા આ સ્થળને 2007માં પ્રદૂષણથી ઝેરી નજર લાગી ગઈ. આ અત્યંત મનોરમ્ય તળાવનું સ્વચ્છ પાણી

પ્રદૂષણને કારણે પ્રસ્ફૂરિત લીલા રંગમાં ફેરવાઈ ગયું અને તેમાંથી અત્યંત દુર્ગંધ ફેલાવા લાગી. એક સમયનું અત્યંત સુંદર પર્યટન સ્થળ ભેંકાર થઈ ગયું. બેજિંગ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આ સમસ્યા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરતાં જણાયું કે આ તળાવની પાણીની સપાટી પર અત્યંત ઝેરી સૂક્ષ્મ જીવાણુઓ (Harmful Algal Bloom) છવાયેલાં છે. તેને આપણે 'લીલ' (algae) તરીકે પણ ઓળખીએ છીએ. આ ઝેરી જીવાણુઓને કારણે તળાવનાં પાણીને 'Oxygen'ની ઊણપ પડવા લાગી. તેથી માત્ર તળાવનું પાણી જ નહીં પરંતુ આજુબાજુનું સમગ્ર પર્યાવરણ-તંત્ર પણ પ્રદૂષિત થયું અને તેથી આ મોટો વિસ્તાર નર્ક સમાન બની ગયો. તે વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે તળાવના પાણીને Oxygen પુનઃપ્રાપ્ત થાય તે માટે તેની સપાટી પર રહેલા ઝેરી સૂક્ષ્મ જીવાણુઓને દૂર કરવાં પડે. Oxygen વાયુને તળાવના પાણીમાં દાખલ કરવા ઉપલબ્ધ બધી જ પદ્ધતિઓ ખર્ચાળ તેમજ Oxygenનો વ્યય કરનારી સાબિત થઈ. આથી તેમણે 'imposibubbles'નું લાડકું નામ ધરાવતા nanobubblesનું સર્જન કર્યું. તળાવની નજીક આવેલી ચીકણી માટીને ઠંડા પાણીમાં રાખી 'Oxygen'નાં પરપોટાઓ (bubbles)થી સંતૃપ્ત કરવામાં આવે તો 10 nanometer વ્યાસ ધરાવતા માટી સંમિશ્રિત 'nanobubbles' સર્જાય છે અને જો આ nanobubblesનો તળાવના પાણી પર છંટકાવ કરવામાં આવે તો ગણત્રીની મિનિટોમાં જ પાણીની સપાટી પર રહેલા સૂક્ષ્મ જીવાણુઓ, તળાવના તળિયે ધકેલાઈ જાય છે. તેથી પાણીને 'Oxygen'નો પુરવઠો, વાતાવરણમાંથી પુનઃ પ્રાપ્ત થાય છે, અને તે પાણી પાછું નિર્મળ અને સ્વચ્છ થઈ જાય છે. આમ નેનો-સાયન્સથી સર્જાયેલા આ 'nanobubbles'નું સૈન્ય, પર્યાવણ અને સમગ્ર જીવજગતને સુરક્ષિત રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉપરોક્ત કિસ્સામાં લગભગ અડધા કલાકમાં આ તળાવનો વિસ્તાર 'nanobubbles'નાં સૈન્યએ વાળી-ઝૂડીને સાફ કરી નાખ્યો!! આ પ્રયોગમાં લગભગ ચાર મહિના પછી તેમાં પાણીજન્ય વનસ્પતિ પણ ફરીથી વધવા માંડી અને પાણીની ગુણવત્તામાં પણ વધારો થયો. આપણા દેશમાં તો લાખો તળાવો, માનવીની અક્ષમ્ય બેદરકારીને કારણે પ્રદૂષિત થયેલાં છે. ફક્ત નજીવી નાણાકીય ઉપલબ્ધિ અને ઉપર દર્શાવેલ નેનો-ટેકનોલોજીનો ઉપયોગ, તળાવોને જરૂર ચેતનવંતા કરી શકે તેમ છે. નેનોવિજ્ઞાન અને નેનો ટેકનોલોજી અનેક શક્યતાઓથી ભરપૂર છે.

સન 1850માં માઈકલ ફેરેડેએ સોનાના સૂક્ષ્મ કણોથી બનેલ કલીલ (colloidal) દ્રાવણનો અભ્યાસ કરેલો. તેમણે તારવ્યું કે સોનાના કલીલ દ્રાવણનો રંગ તેના કણોના કદ પર આધાર રાખે છે. ફેરેડેએ કરેલ ઉક્ત પ્રયોગની રંગીન સચિત્ર ઝાંખી આ અંકના છેલ્લાં ટાઈટલ પેજ પર મૂકી છે.

'રામચંદ્ર કહ ગયે સિયાસે...'ની સારા અર્થમાં યાદ અપાવતા હોય તેમ રિચાર્ડ ફેયનમેન 1959માં 'ઐસા વિજ્ઞાનયુગ આયેગા...' એવું કંઈક કહી ગયા. આજે તેઓની કલ્પનાથી પણ વિશેષપણે નેનોસાયનસ ઝડપભેર આગળ વધી રહ્યું છે, તેમ આપણે સ્વીકારવું પડે, અને સાથે સાથે આ ટેકનોલોજીની સંભવિત આડઅસરોનો પણ અભ્યાસ કરવો પડે.

(ભવન્સ કૉલેજ, ડાકોર, જિ. ખેડા)


**। વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક**

**ફોર્મ-૪ (નિયમ-૮ મુજબ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : વલ્લભ વિદ્યાનગર |
| ૨. પ્રકાશનની સામયિકતા | : માસિક |
| ૩. મુદ્રક | : આણંદ પ્રેસ, ગામડી-આણંદ |
| ૪. પ્રકાશકનું નામ | : પ્રિ. આર.પી. પટેલ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૫. તંત્રી | : ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા<br>પ્રા. હરિ દેસાઈ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું: | : ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૬. માલિકનું નામ | : પ્રિ. આર.પી. પટેલ |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |

હું, આર.પી. પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

તા. ૧૩-૦૨-૨૦૧૩ **આર.પી. પટેલ**

*॥ રમન્તે તત્ર દેવતા ॥*

# વેદગ્રંથોમાં સ્ત્રીસૌંદર્ય

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

વેદગ્રંથોમાં સ્ત્રીના આંતરિક અને બાહ્ય સૌંદર્યનું નિરૂપણ કરવા માટે વિવિધ અલંકારો અને ઉપમાઓ પ્રયોજવામાં આવી છે. કેટલાંક ઉદાહરણો પ્રસ્તુત છેઃ

સુજાતા[૧]: શ્રેષ્ઠ કર્મ, યશ, વિદ્યા વગેરેથી પ્રસિદ્ધ સ્ત્રી

સુદુધા[૨]: કામનાઓને સારી રીતે પૂર્ણ કરનારી

સુપત્ની[૩]: શોભન ગુણોથી સંપન્ન ભાર્યા

સુબુધા[૪]: શોભન જ્ઞાનથી સંપન્ન સ્ત્રી, જ્ઞાની સ્ત્રી

સુભગા[૫]: ઉત્તમ સુખ અને ઐશ્વર્યથી સંપન્ન સ્ત્રી

સુમતિ[૬]: શોભન બુદ્ધિવાળી સ્ત્રી

સુમ્નાવરી[૭]: પ્રશસ્ત સુખોને પ્રદાન કરનારી સ્ત્રી

સુસંકાશા[૮]: સારા શિક્ષણથી પ્રસિદ્ધ

સુહવા[૯]: સારું સુખ તથા સાધન પ્રદાન કરનારી સ્ત્રી

સુનૃતા[૧૦]: સત્યવચના

સત્યા[૧૧]: સત્યરૂપા

સત્યેભિર્હમતી[૧૨]: સત્ય આચારણોથી મહત્તાને પ્રાપ્ત

બ્રહ્મજાયા[૧૩]: પવિત્ર આચરણવાળી સ્ત્રી

યજ્ઞિયા[૧૪]: પવિત્રા

સુદશીઃ[૧૫]: દેખાવમાં સુંદર

સુદ્યુમ્ના[૧૬]: સુંદર કાંતિવાળી

સુવર્ચા[૧૭]: તેજસ્વિની

સૂન્નૃતા[૧૮]: સુંદર વાણીવાણી

સુપ્રતીકા[૧૯]: આકર્ષક દેહવળાંકો ધરાવતી સ્ત્રી

સુબાહો[૨૦]: સુંદર બાહુ ધરાવતી સ્ત્રી

સુહત્સ્ય[૨૧]: સુંદર હાથવાળી

સુપદી[૨૨]: સુંદર પગવાળી

અમીતવર્ણા[૨૩]: અપરિમિત રૂપથી સંપન્ન

અશ્વેવ ચિત્રારૂપી[૨૪]: અશ્વ સમાન ભૂરા-લાલ રંગવાળી

શુભ્રા[૨૫]: ઉજ્જવળ વર્ણવાણી

હિરણ્યવર્ણા[૨૬]: સોનેરી વર્ણવાળી

આ દૃષ્ટાંતો પરથી પુરવાર થાય છે કે વેદકાલીન સ્ત્રીનું તન પણ સુંદર હતું અને મન પણ સુંદર હતું. એ સુંદરતાની મૂરત હતી!

**પાદટીપઃ**

૧. ઋગ્વેદ ૫.૭૯.૧, ૫.૭૯.૨, ૧.૮૯.૩
૨. ઋગ્વેદ મેં નારી, ડૉ. કમલા, પૃ. ૧૬૧
૩. ઋગ્વેદ ૬.૪૪.૨૩
૪. અથર્વવેદ ૧૪.૨.૩૧, ૧૪.૨.૭૫
૫. ઋગ્વેદ ૧.૪૮.૭, ૧૦.૧૦.૧૦, ૧૦.૮૫.૪૫
૬. ઋગ્વેદ ૨.૧૬.૮
૭. ઋગ્વેદ ૧.૧૧૩.૧૨
૮. ઋગ્વેદ ૧.૧૨૩.૧૧
૯. ઋગ્વેદ ૧.૧૨૩.૧૩
૧૦. ઋગ્વેદ૧.૧૧૩.૧૨
૧૧. ઋગ્વેદ મેં નારી, પૃ. ૧૬૧
૧૨. એજન, પૃ. ૧૬૨
૧૩. ઋગ્વેદ ૧૦.૧૦૯.૨, ૧૦.૧૦૯.૭
૧૪. ઋગ્વેદ મેં નારી, પૃ. ૧૬૧
૧૫. ઋગ્વેદ ૧.૧૨૨.૨
૧૬. ઋગ્વેદ ૩.૧૯.૨
૧૭. ઋગ્વેદ ૧.૯૫.૧
૧૮. ઋગ્વેદ ૧.૧૩૫.૭
૧૯. ઋગ્વેદ, ૧.૯૨.૬
૨૦. ઋગ્વેદ ૧૦.૮૬.૮
૨૧. ઋગ્વેદ મેં નારી, પૃ. ૧૫૮
૨૨. એજન
૨૩. ઋગ્વેદ ૪.૫૧.૬
૨૪. ઋગ્વેદ ૪.૫૨.૨
૨૫. ઋગ્વેદ ૪.૫૧૬
૨૬. ઋગ્વેદ ૭.૭૭.૨

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)



## ૨૦૧૨માં રમતગમતનું અવનવું

પી. ડી. શર્મા

૧. ૨૦૧૨ લંડન ઑલિમ્પિક્સમાં ભારતે ૬ ચંદ્રકો મેળવીને ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરી હતી. ભારતે કુસ્તી તથા શૂટિંગમાં રજતચંદ્રક તથા મહિલા બૉક્સિંગ બેડમિન્ટન, કુસ્તી તથા શૂટિંગમાં કાંસ્યચંદ્રક જીતીને અત્યાર સુધી ઑલિમ્પિકના ઈતિહાસમાં ભારતે એક જ ઑલિમ્પિકમાં સૌથી વધુ ૬ ચંદ્રકો મેળવ્યા હતા. એટલું જ નહિ પણ ભારતની સાયના નેહવાલે બેડમિન્ટનમાં કાંસ્યચંદ્રક મેળવીને એક નવી રમતમાં ચંદ્રક મેળવીને ભારતને માટે ઈતિહાસ સર્જ્યો હતો. એવી રીતે જ ૨૦૦૮ ઑલિમ્પિકમાં કાંસ્યચંદ્રક જીતનારા કુસ્તીબાજ સુશીલ કુમારે ૬૬ કિ.ગ્રા. વજન વર્ગની ફ્રિસ્ટાઈલમાં રતજચંદ્રક જીતીને ઈતિહાસ રચ્યો હતો. કારણ કે તે બે જુદા જુદા ઑલિમ્પિકમાં ચંદ્રક જીતનારો ભારતનો સૌપ્રથમ ખેલાડી બન્યો હતો.

૨. ૨૦૧૨ લંડન ઑલિમ્પિક્સમાં મહિલાઓ માટે બોક્સિંગની રમત સૌપ્રથમ સામેલ કરવામાં આવી હતી અને તેમાં ભારતની એમ.સી. મેરિકોમે કાંસ્યચંદ્રક મેળવીને ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. અત્યારે તો એમના જીવન પર ફિલ્મ બને તેવી શક્યતાઓ પણ છે.

૩. વિશ્વ ક્રિકેટ રેકોર્ડ બુકના બેતાજ બાદશાહ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકેલા તેંડુલકરે ૨૦૧૨માં લાંબા સમયથી જેનો ઈંતેજાર થઈ રહ્યો હતો તે કારકિર્દીની ૧૦૦મી આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી. આ સાથે તેણે ક્રિકેટજગતમાં મહાન બેટ્સમેન બનવા માટેનો એક નવો જ માપદંડ સ્થાપિત કર્યો હતો. પરંતુ આ સિદ્ધિ સિવાય વર્ષ ૨૦૧૨માં તેમનો કોઈ નોંધપાત્ર દેખાવ ન રહ્યો હતો અને અંતે ૨૩ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ તેઓએ વન-ડેમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી અને ટેસ્ટ મેચોમાં રમવાનું ચાલુ રાખ્યું હતું.

૪. સચિન તેંડુલકર ઉપરાંત ભારતના રાહુલ દ્રવિડ, વી.વી.એસ. લક્ષ્મણે પણ વર્ષ ૨૦૧૨માં નિવૃત્તિ લીધી હતી. આ રીતે વર્ષ ૨૦૧૨માં ક્રિકેટ જગતે ઘણા દિગ્ગજ ખેલાડીઓ ગુમાવ્યા હતા.

૫. સ્વિમિંગની દુનિયાના 'સુપર હ્યુમન' અને રમત વિશ્વના સુપરસ્ટાર માઈકલ ફેલ્પ્સ માટે ૨૦૧૨નું વર્ષ સુવર્ણ સફળતાઓ લઈને આવ્યું હતું. ૨૦૧૨ લંડન ઑલિમ્પિક્સમાં તેઓએ ૪ સુવર્ણચંદ્રક અને ૨ રજતચંદ્રક જીતીને અત્યાર સુધી ઑલિમ્પિક્સમાં કુલ ૧૮ ગૉલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મૅડલ જીતીને અકલ્પનીય સિદ્ધિ મેળવી હતી. હાલમાં ઑલિમ્પિક્સમાં ૧૮ ગૉલ્ડ મૅડલ તથા કુલ ૨૨ ચંદ્રકો ધરાવનાર તેઓ દુનિયાના એકમાત્ર ખેલાડી છે. માઈકલ ફેલ્પ્સે તેની કારકિર્દીમાં કુલ ૩૯ વર્લ્ડ રેકોર્ડ સર્જ્યા હતા.

૬. વર્ષ ૨૦૧૨માં જમૈકાના 'ફ્લાઈંગ બૉલ્ટે' તેની બહેતરીન અને ઝંઝાવાતી ઝડપને સહારે ચાર વર્ષ બાદ પણ 'ફાસ્ટેસ્ટ મેન ઓન ધ અર્થ'નો તાજ જાળવી રાખવામાં સફળતા મેળવી હતી.

૨૦૦૮ની જેમ ૨૦૧૨ ઑલિમ્પિકમાં પણ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરની દોડમાં ગૉલ્ડ મૅડલ જીતીને ઇતિહાસ સર્જ્યો હતો. કારણ કે સતત બે ઑલિમ્પિક્સમાં ૧૦૦ મીટર તેમજ ૨૦૦ મીટરમાં ગૉલ્ટ મૅડલ જીતનાર તેઓ વિશ્વના એકમાત્ર દોડવીર છે.

૭. ચેસ વિશ્વના ચાણક્ય સમાન વિશ્વનાથન આનંદ ફરી એક વખત તેની કુશાગ્ર બુદ્ધિ અને સમયવર્તીને ચતુરાઈપૂર્વક હરીફને મુંઝવી નાખવાની કુશળતાને સહારે વર્ષ ૨૦૧૨માં પાંચમી વખત વર્લ્ડ ચેમ્પિયનનો તાજ જીતીને ઇતિહાસ રચી દીધો હતો. વર્ષ ૨૦૧૨માં આનંદે બોટિસ ગેલ્ફાન્ડને હરાવીને વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું. તેણે સતત ચોથી વખત વર્લ્ડ ટાઈટલ જીતવાનો નવો કીર્તિમાન બનાવ્યો હતો.

૮. સ્વિત્ઝરલૅન્ડના મહાન ટેનિસ ખેલાડી રોઝર ફેડરરે વર્ષ ૨૦૧૨માં સાતમી વાર વિમ્બલ્ડન ટાઈટલ જીતીને કુલ ૧૭મું ગ્રાન્ટ સ્લેમ જીવતાનો નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો.

૯. સર્બિયાના ટેનિસસ્ટાર નોવાક ચોકોવિયે સતત બીજા વર્ષે વર્લ્ડ નંબર વન તરીકે સિઝનનો અંત આણ્યો હતો. ટેનિસ ઇતિહાસના મહાન ખેલાડીઓમાં સ્થાન મેળવી ચુકેલા ચોકોવિયે સિઝનની શરૂઆત ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીતવાની સાથે કરી હતી.

૧૦. ટેનિસ જગતના સ્પેનિશ દિગ્ગજ રાફેલ નડાલને વર્ષ ૨૦૧૨માં ઈજાના કારણે અડધી સિઝન મેદાનની બહાર જ રહેવું પડ્યું હતું. છતાં પણ સાતમું ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતીને બોર્ગનો રેકોર્ટ તોડ્યો હતો.

૧૧. ટેનિસ સ્ટાર એન્ડી મરેએ યુ.એસ. ઓપન ટાઈટલ જીતવાની સાથે બ્રિટન તરફથી ૭૩મું વર્ષ પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતનારા ખેલાડી બનવાનું ગૌરવ મેળવ્યું હતું. અગાઉ લંડન ઑલિમ્પિક્સ મેન્સ સિંગલ્સનો ગોલ્ડ મૅડલ રોજર ફેડરરને હરાવીને જીત્યો હતો.

૧૨. રશિયાની ટેનિસ સ્ટાર મારિયા શારાપોવાએ ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતીને ઇતિહાસ રચી દીધો હતો. આ સાથે શારોપાવા ઓપન એરામાં ચારેય ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ જીતનારી વિશ્વની છઠ્ઠી ખેલાડી બની હતી. તેણે ૨૦૧૨ લંડન ઑલિમ્પિકમાં સિલ્વર મૅડલ પણ જીત્યો હતો.

૧૩. અમેરિકાની સેરેના વિલિયમ્સે ૨૦૧૨માં પણ તેનું જોરદાર ફોર્મ જારી રાખતાં વિમ્બલ્ડન અને યુ.એસ. ઓપન ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. તેણે ૨૦૧૨ લંડન ઑલિમ્પિકમાં પણ ગોલ્ડન ડબલ્સની સિદ્ધિ મેળવતાં સિંગલ્સ અને ડબલ્સમાં ચેમ્પિયનશીપ જીતી હતી. વર્લ્ડ રેન્કિંગમાં ત્રીજું સ્થાન ધરાવતી સેરેનાએ ૨૦૧૨માં કુલ ૭ સિંગલ્સ ટાઈટલ જીત્યા હતા અને કુલ ૫૮ વિજય મેળવ્યા હતા.

૧૪. બેલારૂસની ટેનિસ રમણી વિક્ટોરિયા અઝારેન્કા માટે ૨૦૧૨નું વર્ષ સફળતાની ભેટસોગાદો લઈને આવ્યું હતું. અઝારેન્કાએ ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીતવાની સાથે બેલારૂસ તરફથી ટેનિસની પ્રતિષ્ઠિત મનાતી ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનારી પ્રથમ ખેલાડી તરીકે રેકોર્ડ બુકમાં નામ નોંધાવ્યું હતું. છ ફૂટની ઊંચાઈ ધરાવતાં અઝારેન્કા લંડન ઑલિમ્પિકમાં તે સિંગલ્સમાં બ્રોન્ઝ મૅડલ જીતી હતી તથા મિક્સ ડબલ્સમાં તેની અને કોકસ મિરનઈની જોડીએ ગૉલ્ડ મૅડલ જીતવામાં સફલતા મેળવી હતી.

૧૫. આર્જેન્ટીનાના ગોલ-મશીન તરીકે ઓળખાતા લાયોનેલ મેસીએ એક વર્ષમાં સૌથી વધુ ગોલ ફટકારવાનો જર્મન લેજન્ટ જેરાર્ડ મુલરનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. સ્પેનની બાર્સેલોના ક્લબ તરફથી રમતાં મેસીએ સ્પેનિશ લીગમાં રિયાલ બેટીસ સામે ગોલ ફટકાર્યો હતો. જે તેનો ૨૦૧૨નો કુલ ૮૬મો ગોલ હતો. મુલરે ૧૯૭૨માં ૮૫ ગોલ ફટકાર્યા હતા. મેસીને હાલના ફૂટબૉલ જગતનો 'સર્વશ્રેષ્ઠ ખેલાડી' માનવામાં આવે છે.

૧૬ અમેરિકન એન્ટી ડોપિંગ એજન્સીએ વિશ્વવિખ્યાત સાયકલીસ્ટ લાન્સ આર્મસ્ટ્રોંગ સામેનો ડ્રગ કેસ ફરી ખોલ્યો હતો અને વિસ્તૃત તપાસ બાદ તેને દોષી ઠેરવ્યો હતો. આર્મસ્ટ્રોંગે

ડ્રગ લઈને ટાઈટલ જીત્યા હોવાનું સાબિત થતાં ૧૯૯૮ બાદના તેના તમામ ટાઈટલ પાછા આંચકી લેવાયા હતા.

૧૭. ભારતને ૨૮ વર્ષ બાદ ક્રિકેટમાં વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં પાયાની ભૂમિકા ભજવનાર યુવરાજ સિંઘને ફેફસાંનું કેન્સર હોવાના આઘાતજનક સમાચાર સાંભળતાં જ ભારત સહિતના વિશ્વભર ક્રિકેટ જગતે આંચકો અનુભવ્યો હતો. પરંતુ અમેરિકામાં યોગ્ય સારવાર બાદ તેઓએ ફરીથી ભારતીય ક્રિકેટમાં પુનરાગમન કર્યું હતું.

૧૮. વર્ષ ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયામાં રમાયેલા અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતે ધમાકેદાર દેખાવ કરતાં ટાઈટલ જીતી લીધું હતું. ગુજરાતના સ્મિત પટેલ અને ઋષ કાલેરિયા પણ આ વિજયી બનનાર ભારતીય ટીમમાં હતા.

૧૯. ગુજરાતના રૂપેશ શાહ અને પંકજ અડવાણીએ બિલિયર્ડઝમાં વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું હતું. રૂપેશ શાહે ટાઈમ ફોર્મેટમાં તથા અડવાણીએ પોઈન્ટ ફોર્મેટમાં જીત મેળવી હતી.

૨૦. ઈંગ્લેન્ડના દિગ્ગજ ક્રિકેટર ફ્લિન્ટોફે નિવૃત્તિ બાદ હેવિવેઈટ બોક્સિંગમાં ઝુકાવ્યું હતું. તેણે જોરદાર પ્રારંભ કરતાં અમેરિકન બોક્સરને હરાવ્યો હતો.

૨૧. આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિના સતત ઈનકાર છતાં ભારતીય ઑલિમ્પિક સંઘે સરકારના સ્પોર્ટ્સ બીલ હેઠળ ચૂંટણી યોજતાં આખરે તેને સસ્પેન્ડ થવા જેવી શરમજનક પરિસ્થિતિનો સામનો કરવામાં આવ્યો હતો.

૨૨. ભારતના સુપર કૂલ કેમ્પ્ટન મહેન્દ્રસિંહ ધોનીના કંગાળ દેખાવ અને નબળા નિર્ણયોને કારણે તેની કેપ્ટન્સી સામે પ્રશ્નાર્થ ઊભા થયા હતા અને ક્યાં સુધી કેપ્ટન તરીકે ચાલુ રહેશે તે ભવિષ્ય જ બતાવેશે.

૨૩. ભારતના ભૂતપૂર્વક ક્રિકેટ કેપ્ટન અને સાંસદ એવા અઝહરૂદ્દિન પરના મેચ ફિક્સિંગ કાંડમાં મુકવામાં આવેલા આજીવન પ્રતિબંધને કોર્ટે



દૂર કરતાં અયોગ્ય ઠેરવ્યો હતો. આ સાથે અઝહરૂદ્દિનને જાણે મેચ ફિક્સિંગ કૌભાંડમાં ક્લિન ચીટ મળી હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. કોર્ટના ચુકાદા બાદ બીસીસીઆઈએ પણ આ અંગે અત્યંત નરમ વલણ અપનાવતાં કોઈ કાર્યવાહી કરી નથી.

૨૪. વર્ષના અંતમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલ ટેસ્ટ શ્રેણીમાં ભારત ઘરઆંગણે ૨૮ વર્ષ બાદ ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટશ્રેણી હાર્યું હતું.

૨૫. ડિસેમ્બર માસમાં પાકિસ્તાનની ટીમે બે ટ્વેન્ટી-૨૦ મેચ રમ્યા હતા, જેમાં પ્રથમ મેચ પાકિસ્તાને જીતી હતી અને બીજી મેચ ભારતે જીતી હતી અને આ રીતે બે ટ્વેન્ટી-૨૦ની શ્રેણી સરભર રહી હતી.

૨૬. ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન અને ખ્યાતનામ કોમેન્ટેટર ટોની ગ્રેગના નિધનથી ક્રિકેટ જગતને જે ખોટ પડી છે તે ક્યારેક ભરાય તેમ નથી, કારણ કે તેઓ 'આધુનિક ક્રિકેટના પિતામહ' તરીકે ગણાતા હતા.

૨૯. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ આઈસીસીએ ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બૉલર મેકગ્રા કે જેની ગણના લેજેન્ડ તરીકે થાય છે તેને 'હોલ ઑફ ફેમ'માં સમાવેશ કરવાની જાહેરાત કરી હતી.

(B-1, Swiss Avenue, Patel Colony,
Opp. Manekbaug Hall, Ambawadi, Ahmedabad - 380 015.
Ph.: (R) 079-26564650, M.: 9898870840)

## સેમકોમ કૉલેજ દ્વારા મેનેજમેન્ટ કૉન્કલેવ

ચારુતર વિદ્યામંડળસંચાલિત સેમકોમ કૉલેજ દ્વારા તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૩થી તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૩ સુધી મેનેજમેન્ટ કૉન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું જેના અંતર્ગત વિવિધ કાર્યક્રમો જેવા કે ગેમીંગ કોન્ટેસ્ટ, ટેક્રોફેસ્ટ, ફેકલ્ટી રિસર્ચ પેપર કોન્ટેસ્ટ, એડ મેકિંગ, એલીકોન બેસ્ટ બિઝનેસ આઈડિયા કોન્ટેસ્ટ, ઈ બીઝ સમીટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ બેસ્ટ વૅબ ડિઝાઈનર, બેસ્ટ પ્રોગ્રામર, બેસ્ટ ફ્લેશ ડિઝાઈનર, બેસ્ટ ઈમેજ ક્રિએટરનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેનું પરિણામ નીચે મુજબ છે:

બેસ્ટ વૅબસાઈટ ડિઝાઈનર – પ્રથમ આદર્શ બોહરા અને નિકુંજ સોનેચા, દ્વિતીય કાર્તિકકુમાર અને હાર્દિક રાય, તૃતીય  આકાશ દરજી અને ધૃનિવ પટેલ. બેસ્ટ પ્રોગ્રામર – પ્રથમ પાર્થ દેસાઈ અને શીવાંગી ઠાકર, સુરત, દ્વિતીય મયુર મોડે અને વિષ્ણુકુમાર તરૈયા, ડિપાર્ટમેન્ટ ઓફ કૉમ્પ્યુટર સાયન્સ, તૃતીય આદર્શ બોહરા અને ઍંજલિકા સિંહા બેસ્ટ ફ્લેશ ડિઝાઈનર – પ્રથમ સંધ્યા કમાડિયા, દ્વિતીય કુશ પટેલ, તૃતીય ઍંજલિકા સિંહા બેસ્ટ ઈમેજ ક્રિએટર – પ્રથમ નીકુંજ સોનેચા, દ્વિતીય જીગ્નેશ મિયાની, તૃતીય હર્ષ કોરલવાલા રહ્યા હતા.

ટેક્રોફેસ્ટના કોર્ડિનેટર તરીકે પ્રા. નેહલ દોલતજાદા, પ્રા. નિશા મેકવાન, પ્રા. રીમા શાહે, પ્રા. જય નાણાવટીએ સેવાઓ આપી હતી. કૉન્કલેવના અંતર્ગત ‘લાઈવ વાયર’, ગેમીંગ ફિફા ૨૦૦૯, કાઉન્ટર સ્ટ્રાઈક, એન.એફ.એસ. મોસ્ટ વૉન્ટેડ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૬ ફેકલ્ટીએ સંક્ષેપ રજૂ કર્યા હતા. તેમાંથી ૧૪નું પ્રેઝન્ટેશન કરાવાયું હતું આ હરીફાઈમાં નિર્ણાયક તરીકે ડૉ. આઈ.સી. ગુપ્તા અને એસ.વી.આઈ.ટી. વાસદના મિ. સોનીયલ પંડ્યા રહ્યા હતા. આ સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર પ્રા. રીના દવે અને પ્રા. અભિષેક દ્વિવેદી હતા. આ સ્પર્ધાનું પરિણામ આ પ્રમાણે હતું, પ્રથમ પ્રા. નિસરીન પઠાણ, દ્વિતીય ડૉ. વિજ્ઞા ઓઝા અને ડૉ. સુવશ્રી દાસ અને તૃતીય ઈનામ ડૉ. સ્વાતિ પરબ, ડૉ. સુભાષ જોષી ને ડૉ. વહીદા થોમસ રહ્યા હતા. આજ દિવસે અન્ય એક રસપ્રદ સ્પર્ધા એક મેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે જુલાઈ ૨૦૧૨માં ૮૪ ટુકડીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી ૨૭ ટુકડીઓ પસંદ થવા પામી હતી. આ સ્પર્ધામાં કેર કેપ પ્રોડક્ટ્સ, એન્ડયોર ફર્નિચર, થન્ડર બર્સ્ટ એન્જિડ્રિંક્સ, વગેરે જેવા વિજ્ઞાપનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે માઈકાના પ્રા. પ્રવીણ મિત્રા, ઓપન સર્કલ કૉમ્યુનિકેશનના શોધક પ્રા. પીયૂષ બાલક્રિશ્નન અને ડૉ. આઈ.સી. ગુપ્તાએ પોતાની સેવાઓ આપી હતી. સ્પર્ધાનું પરિણામ આ પ્રમાણે છે, પ્રથમ સ્થાને સંજના પટેલનું ‘કૉલોન કુરિયા સર્વિસ’, દ્વિતીય સ્થાને જીગ્નેસ મિયાનીનું ‘સેમકોમ’, ત્રીજા સ્થાને હાર્દિક રાયનું ‘ઝેપમોઝે મસ્કીટો કીલર’, ચોથા સ્થાને શ્રીલ પટેલનું ‘દિલ્હી ટૂરિઝમ’ રહ્યા હતા.

મેનેજમેન્ટ કૉન્કલેવના બીજા દિવસે એટલે કે ૨૭ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ એલિકોન બેસ્ટ બિઝનેસ આઈડિયા કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ મોટા ઉદ્યોગપતિના રૂપમાં પોતાની ધંધાકીય સૂઝ અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. એલિકોન બેસ્ટ બિઝનેસ આઈડિયા કૉન્ટેસ્ટનું ઉદ્‌ઘાટન ચારુતર વિદ્યમંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ, અને એલિકોન એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી એસ.સી. શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. આઈ.સી. ગુપ્તા, શ્રી અશ્વિન પરીખ, શ્રી મનોજ શાહ અને શ્રી રૂપીન પટેલે સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી ૭ સર્વશ્રેષ્ઠ આઈડિયા વિજેતા રહી તી. જેમાં ઈકો લેટર્ન, ફ્લોવેલ ઈલેક્ટ્રોવિલ્સ, હ્યુમો સેન્સો ઈલેક્ટ્રો, એડયુએપ, રોક મેનટિક્સ અને ક્રિયાના રિસોર્ટનો સમાવેશ થાય છે. આ વિજેતા ટીમોને રૂા. ૨૫,૦૦૦/- રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. યશસ્વી રાજપરા, ડૉ. સુભાષ જોશી, પ્રા. રેનિલ થોમસ અને ડૉ. અભિષેક ત્રિવેદીએ સેવાઓ આપી હતી.

તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ઈ બિઝ સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે એલિટ કૉર ગ્રુપ, અમદાવાદ અને સેમકોમ દ્વારા આઈ.ટી.  ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસીસના વિકાસ માટે કરાર કરાયો હતો. જેનો લાભ કૉલેજના અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને મળી શકશે. આ પરિષદમાં શ્રી વિરલ રાવલ, સિનિયર જનરલ મેનેજર, સુઝલોન એનર્જી પૂનેએ વર્લ્ડ ઈન વૉલેટની થીમ ઉપર પોતાનું ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી રૂપીન પટેલે ટેકનોલોજીકલ એડવાન્સમેન્ટ ઈન ધી જનરેશન ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી હિરેન વકીલે લીડરશીપ ઈન પ્રેઝન્ટ એરા ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા અને છેલ્લે ડૉ. આઈ.સી. ગુપ્તાએ પ્રાસંગિક પ્રવચન અને ઈનામ વિતરણ દ્વારા આ મેગા સમારંભની પૂર્ણાહુતિ કરાઈ હતી.

આચાર્ય ડૉ. નિખિલ ઝવેરીએ સર્વ વિજેતાઓને અભિનંદ પાઠવ્યા હતા ને દરેકનો આભાર માન્ય હતો.



સીવીએમસંચાલિત સેમકોમના ઉપક્રમે આયોજિત મેનેજમેન્ટ કોન્કલેવ દરમિયાન અમદાવાદની એલિટકોર ટેકનોલોજીના સીઈઓ શ્રી હેમલ પટેલ અને કોલેજ વચ્ચે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ.એસ.એમ.પટેલની નિશ્રામાં થયેલા એમઓયુના પ્રસંગે કોલેજના નિયામક ડૉ.નિખિલ ઝવેરી અને કાર્યક્રમ સંયોજક પ્રા.સર્વેશ ત્રિવેદી ઉપસ્થિત હતા.



સીવીએમના ઉ.મા.શિ.સંકુલ-વિજ્ઞાન પ્રવાહ(આરપીટીપી)ના વાર્ષિકોત્સવમાં દીપપ્રાગટ્ય કરી રહેલા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, અતિથિ વિશેષ અને જાણીતા સર્જક ડૉ.પ્રવીણ દરજી, સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ અને માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલ, આચાર્ય શ્રી સંજય સી.સુથાર તથા સુપરવાઈઝર શ્રી આર.આર.પ્રજાપતિ દશ્યમાન છે.

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
March 2013

# The Magnificent Dance



Pic by Vasant Patel, Ahmedabad, 10.09.2012

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at
Vallabh Vidyanagar 388 120., Gujarat